લખાવી જૈન ભંડારોમાં આપ્યાં છે.

પાટણમાં ઝવેરીવાડમાં મોદીના પુસ્તક ભંડારના 'જ્ઞાતાસુત્ર' પુસ્તકમાં પર્વત વિષે પ્રશસ્તિ લખી છે. આ પ્રશસ્તિ તપાગચ્છ નાયક સોમસુંદરસૂરિએ લખાવી છે.[1]

# સ્વ. પંડિત બલભદ્ર શુકલ

ખંભાતના શ્રીગૌડ બ્રાહ્મણ પંડિત બળભદ્ર શુકલે સંવત ૧૬૮૫ માં 'કુંડતત્ત્વ પ્રદીપ' નામે યજ્ઞના કુંડ વિષેનો ગ્રંથ બનાવ્યો છે. તે ગ્રંથ "કુંડીનાં વિંશતિ ગ્રથા" નામે ગ્રંથમાં ૧૫ મા ગ્રંથ તરીકે આપ્યો છે. આ વિષે આ ગ્રંથના પૃ. ૨૧૦ ઉપર નોંધ લીધી છે. ગ્રંથને છેડે ટુંકી પ્રશસ્તિ આપી છે. તેમાં જણાવ્યું છે કે જયદેવ સમ્રાટની આજ્ઞાથી આ ગ્રંથ તૈયાર કર્યો. એટલે આ પંડિત યજ્ઞ વિષયનો નિષ્ણાત હોવો જોઈએ. અને જયદેવ સમ્રાટ એ શ્રીગૌડ બ્રાહ્મણોમાં મોટા ધનપતિ અને ધર્મપ્રેમી હતો.

# સોની તેજપાલ

વિ. સં. ૧૬૪૯ (ઇ. સ. ૧૫૯૩)

"સોની શ્રી તેજપાલ બરાબર નહિ કો પોષધધારી"[2]

ખંભાતની સુપ્રસિધ્ધ ઓસ્વાલ જ્ઞાતિનો પનોતો પુત્ર **તેજપાલ** સત્તરમા સૈકામાં મોટો ધનાઢય થઈ ગયો છે. ઓસવંશમાં પ્રખ્યાત થએલા આભૂ શેઠના કુળમાં તે જનમ્યો હતો. આભૂશેઠ પછી **શિવરાજ** થયો; તેનો **સીધર** થયો. તેનો પુત્ર **પર્વત** થયો. તેના **કાલા અને વાઘા** નામના પુત્રો થયા. વાઘાને **રજાઈ** નામની સ્રીથી વચ્છિઆ નામે પુત્ર થયો. આ વાચ્છિઆને સુહાસિણી નામની સ્રીથી **તેજપાલ** નામે કુલોધ્ધારક પુત્ર રત્ન થયો. તેજપાલને તેજલદે નામે પત્ની હતી.

આ ધનાઢય દંપતિ શ્રી હીરવિજયસુરિ અને શ્રી વિજયસેનસુરિના સદુપદેશથી જિનમંદિરો બંધાવવામાં તથા સંઘપતી થઇને સંઘ કાઢવામાં દ્રવ્યનો સારો વ્યય કર્યો હતો.

વિ. સં. ૧૮૫૭માં કર્માશાહે શત્રુંજય ઉપરના મુળ મંદિરનો પુનરૂધ્ધાર કર્યો હતો. પરંતુ મંદિર પ્રાચીન હોવાથી ફરી પાછુ જીર્ણ થઇ ગયું. સોની તેજપાલે તેનો પુનરૂધ્ધાર કર્યો.

આ મંદીરની ભૂતલથી શિખર સુધીની ઉંચાઇ બાવન હાથની છે. ૧૨૪૫ કુંભો એના ઉપર છે. ૨૧ સિંહો બેસાડયા છે. ચાર દિશાની ચાર યોગીનીઓ તથા દસ દિગ્પાલો યોગ્ય સ્થાનમાં બેસાડયા છે. આ મહામંદિરની ચારે બાજુ ૭૨ દેવકુલીકાઓ, તેજ જૈનમૂર્તિઓથી વિભૂષિત થયેલી છે. ૪ ગોખલા ૩૨ પુતલીઓ, અને ૩૨ તોરણોથી આ મંદિરની શોભા અલૌકિક દેખાય છે. વળી મંદિરમાં ૨૪ હાથીઓ અને બધા મળીને ૭૪ સ્થંભો લાગેલા છે. આવું મનોહર મંદિર જસુ ઠક્કરની મદદથી વિ. સં. ૧૬૪૯ માં તેજપાલે તૈયાર કરાવ્યું. અને તેનું નામ "નંદિવર્દ્ધન" પાડયું[3] તેજપાલે આ ચૈત્ય સમરાવવા જે ધન ખરચ્યું તે જાણી લોકો તેને 'કલ્પદ્રુમ' ની ઉપમા આપવા લાગ્યા.

૧ જૈન કોન્ફરન્સ પૃ. ૯ મું અંક ૯—૯ પૃ. ૪૬૮માંથી જીનવિજયજી સંપાદિત કરેલ છપાવી છે.

કવિ ઋષભદાસ કહેછેકે—

"ગિરિ શેત્રુંજે ઉદ્ધાર કરાવ્યો,
ખરચી એક લખ્ય લ્યાહરી
દેખી સમકિત પુરૂષજ પામે,
અનુમોદે નરનારી."[૪]

વિ. સં. ૧૬૫૦ માં તેણે બહુ ધામધુમથી શત્રુંજયની યાત્રા કરી હતી. સં ૧૬૪૯માં શ્રી હીરવિજય સૂરિ ધોલકે હતા અને ખંભાતથી સોની તેજપાલ સંઘ કાઢીને ત્યાં ગયા.

"બાઈ સાંગદે સોની તેજપાલ,
ખંભાતથી ચાલ્યા તત્કાલ,
પુંઠિ સેજપાલાં છત્રીસ,
આવ્યાં ધોલકે સબલજગીશ
વંદી હીરને નિરમલ થાય,
ગુરૂ પુંઠે શેત્રુંજે જાય,
સોરઠ દેશનો મુગટ જેહ,
દીઠે નિરમલ હુએ દેહ"[૫]

શ્રી હીરવિજયસૂરિ સાથે તેઓ ત્યાં પહોંચ્યા અને તેમના પવિત્ર હાથે જેનો ઉદ્ધાર કરેલો છે તે મંદિરની મહાન પ્રતિષ્ઠા કરાવી. આ પ્રતિષ્ઠાના સમયે અસંખ્ય મનુષ્યો આવ્યા હતા. ગુજરાત, મેવાડ, મારવાડ, દક્ષિણ માળવા વગેરે દેશોમાંથી હજારો યાત્રાળુઓ યાત્રા કરવા આવ્યા હતા તેમાં ૭૨ સંઘ ભેગા થયા હતા. શ્રી હીરવિજયસૂરિ સાથે એક હજાર સાધુઓ હતા.

એક વખત શ્રી હીરવિજયસૂરિ સ્થંડિલભૂમિ જતા હતા. તે વખતે તળાવની પાળ ઉપર યાત્રાળુઓ રસોઈ બનાવતા હતા. આ જોઇ સૂરિજીએ ઉપાધ્યાય સોમવિજયને તે સંબંધી હકીકત પૂછી. ઉપાધ્યાયે તરત સોની તેજપાલને બોલાવી કહ્યું કે તમો આવ્યા છો અને યાત્રાળુઓ પોતાને ઉતારે રાંધી ખાય એ શોભાવાળું નથી. સંઘવીએ તત્કાળ યાત્રાળુઓને નિમંત્રણ કરી પોતાને રસોડે જમવા વિજ્ઞપ્તિ કરી. યાત્રાળુઓને આનંદ થયો અને તેજપાળના ગુણ ગાવા લાગ્યા. તેજપાલે ખંભાત માણેક ચોકના ભોંયરામાં મહાન પ્રતિમાવાળું જિનાલય બંધાવ્યું. સંવત ૧૬૬૧.

---

૪ હી. વિ. રાસ.

૫ હી. વિ. રાસ પૃ-૧૯૯

૨ હી.વિ.રા.પૃ-૧૬૬

૩ શત્રુંજય ઉપર મુખ્ય મંદિરના રંગમંડપમાં

શત્રુંજય ઉદ્ધારનોશ મોટો લેખ કોતરેલો છે. તે લેખ પ્રા જૈ લં.સંભાજોર લેખ નં ૧૨માં છપાયો છે.

# ખંભાતનું સાંસ્કૃતિક દર્શન

## પ્રકરણ ૮૪ મું

## વિશેષ વ્યક્તિ પરિચયો

### વિભાગ-૨જો

# સર અકબર હૈદરી

નાઈટ, પી. સી, એલ. એલ. ડી.

( ઈ. સ ૧૮૬૯ )



ખંભાતમાં પ્રથમ વહોરવાડ આવે છે : વહોરવાડમાં પેસતાં પહેલી ખડકી આવે છે; ત્યાં સુલેમાની વહોરાનાં મકાનો હતાં. લગભગ આખી ગલી સુલેમાની વહોરાઓની હતી; તેમાં શ્રી અબ્બાસ તૈયબજી; તથા સર અકબર હૈદરી વગેરેના પૂર્વજો વસતા હતા. હાલ માત્ર એક મસીદ તેમની રહી છે; બાકી તે લોકોની વસતી મુંબઇ તથા બીજાં શહેરોમાં ચાલી ગઈ છે.

શ્રી સર અકબર હૈદરીનો જન્મ ખંભાતમાં ઈ. સ. ૧૮૬૯ માં થયેલો તેઓએ પ્રા. કે. ખંભાતમાં લીધેલી, પરંતુ માધ્યમિક ને કોલેજની કેળવણી તેમણે મુંબઈમાં લીધેલી. મુંબઈની ઝેવિયર કોલેજમાં કેળવણી લીધા પછી ઇ. સ. ૧૮૮૨ માં સરકારી મહેસુલ ખાતામાં દાખલ થયા. ઈ. સ. ૧૯૨૦ માં મુંબઈના એકાઉન્ટન્ટ જનરલ થયા. પછી દક્ષિણ હૈદરાબાદ રાજ્યની કારોબારી સભાના મહેસુલ તથા રેલ્વે ખાતાના સભ્ય સને ૧૯૨૧ માં થયા. અખિલહિંદ મુસ્લિમ કેળવણી પરિષદના પ્રમુખ સને ૧૯૧૭ થયા હતા. ઉર્દુ ભાષા દ્વારા કેળવણી આપતી ઓસ્માનિયા યુનિવર્સિટીની કલ્પનાને મૂર્તસ્વરૂપ આપ્યું. હૈદરાબાદમાં શોધખોળ ખાતુ સ્થાપ્યું. ત્રણ ગોળમેજી પરિષદમાં હૈદરાબાદના પ્રતિનિધિ મંડળના આગેવાન થયા. જોઇંટ પાર્લામેંટરી કમીટીના સભ્ય બન્યા. અનેક કંપનીના ડીરેકટર.

સને ૧૯૩૭ માં હૈદરાબાદના મુખ્ય પ્રધાન નિમાયા.[1]

હિંદી સંઘના આસામ પ્રાંતના પહેલા ગવર્નર તરીકે સને ૧૯૪૭ માં તેમની નિમણૂંક કરવામાં આવી.

જ્યારે નીઝામની નોકરીમાંથી હિંદી સંઘમાં પાછા ગયા ત્યારે નિઝામ સરકારે એક યાદીમાં જણાવેલું કે "સર અકબર હૈદરીની માસિક રૂ. ૩૦૦૦ ત્રણ હજારનું પેન્શન આપવામાં આવશે; તથા પાંચપાંચ પૌત્રોને માસિક રૂ. ૧૦૦ ની રકમ આપવાનું ઠરાવ્યું. વળી ૫૦ પચાસ હજારની ગ્રેજ્યુએટી પણ મળશે. વધુમાં તેમના નિવાસ સ્થાનનો કબજો પણ રાખવા દેવામાં આવશે. કે જેથી તેઓ હૈદરાબાદની મુલાકાત દરમિયાન તેનો ઉપયોગ કરી શકે."[2]

૧ ૧૯૪૭ ના ૧૫ મી ઓગસ્ટે હિંદનો ગવર્નરોની નિમણૂંક કરવાની હતી; તે વખતે તમામ પ્રાંતિક ગવર્નરો એ રાજીનામાં આપી દીધા હતા; પરંતુ સત્તા પર હોય તે પક્ષ બીજી સગવડ ન કરી શકે ત્યાં સુધી ચાર ગર્વનરો ચાલુ રહેશે. તેમાં સરઅકબર હૈદરી નો સમાવેશ થયો છે. તેઓ આસામના ગવર્નરપદે ચાલુ રહ્યા હતા. (પ્રજાબંધુ ૩ ઑગષ્ટ ૧૯૪૭) પૃ–૫

# રાષ્ટ્રસેવક બુઝર્ગ મહારથી અબ્બાસ તૈયબજી

(૧૮૫૪–૧૯૩૬)



તૈયબજી કુટુંબ મૂળ અરબસ્તાનથી ખંભાતમાં આવીને વસેલું. મૂળ પુરૂષ ભાઇમિયાં હતા; તેમને બે દીકરા હતા. એક તૈયબઅલી અને બીજા ફૈઝહૈદર. તૈયબઅલી ઘણા હોશિયાર અને તેમની આબરૂ ઈજ્જત ઘણી હતી; એટલે આ કુટુંબ 'તૈયબજી'ના નામથી ઓળખાવા લાગ્યું. ભાઇમિયાંને હુરમતવલી નામની સ્ત્રી હતી.

ભાઇમિયાં ખંભાત છોડી મુંબઈ ધંધો કરવા ગયા. ત્યાં કાપડનો ધંધો કર્યો; તેમના દીકરા તૈયબઅલી પણ તેમાં જોડાયા. પૈસેટકે સુખી થયા. તેમનું લગ્ન વડોદરામાં અમીનાબીબી સાથે થયેલું. એમનાથી તેમને છ પુત્રો અને ચાર પુત્રીઓ થયાં. પુત્રોમાં સુજાઉદ્દીન, શમ્સુદ્દીન, નજમુદ્દીન, બદ્રુદ્દીન ને અમીરૂદ્દીન હતા. તેમાં શમ્સુદ્દીનનો પુત્ર તેજ અબ્બાસ સાહેબ.

**અબ્બાસ સાહેબનો જન્મ તા. ૧લી ફેબ્રુઆરી સને ૧૮૫૪ માં ખંભાતમાં થયલો :**

તેઓએ લંડનમાં મેટ્રીકની પરીક્ષા આપીને પછી બેરીસ્ટરની પરીક્ષા આપી; તેમાં પાસ થયા પછી હિંદમાં આવી; ધંધે વળગ્યા. તેઓ વડોદરાના ન્યાયાધીશ થયા. તેમના કાકા બદ્રુદ્દીન તૈયબજીની દીકરી અમીનાબેગમ સાથે તેમનાં લગ્ન થયાં.

બદ્રુદ્દીન તૈયબજી અને ગાંધીજીને સારી દોસ્તી હતી. એક વખત તૈયબજી કુંટુંબમાં ગાંધીજીને જમવા બોલાવ્યા. ત્યાં ગાંધીજીને ઉઘાડે પગે અને પગે ધૂળ વળગેલા તથા ખૂબ પરિશ્રમિત થયેલા જોયા. ગરીબોને માટે આ પુરૂષ કેટલું કષ્ટ વેઠી રહ્યા છે! આ પ્રકારની લાગણી અબ્બાસ સાહેબને થઈ આવી.

સને ૧૯૧૪ નું વિશ્વયુદ્ધ થયું. તેમાં હિંદીઓએ અંગ્રેજોને તન, મન અને ધનથી ઘણી જ મદદ કરેલી, છતાં લડાઇ પતી ગયા પછી બ્રિટીશ સરકારે કેટલાક જુલમી હુકમો બહાર પાડયા. જેને 'કાળો કાયદો' કહેવામાં આવે છે. આ કાયદા સામે વિરોધ દર્શાવવા અમૃતસરમાં મોટી સભા મળી; જેમાં હજારો નિર્દોષો માર્યા ગયા. આ બધું સાંભળીને અબ્બાસ સાહેબને ખૂબ લાગી આવ્યું.

સને ૧૯૨૦ માં અમદાવાદમાં ગૂજરાત રાજકીય પરિષદ ભરાઇ તેમાં પ્રમુખ તરીકે તે બેઠા, માથે ધોળી ટોપી ધારણ થઇ; તેમણે સ્વરાજની લડતમાં ખૂબ મહેનત લીધી. ગામડે ગામડે અને ગરીબોનાં ઝૂંપડામાં ફર્યા; ત્યાં નિવાસ કર્યો; લોકોનાં દુઃખ ટાળવામાં ઘણીજ મહેનત લીધી. એક સાચા

સૈનિક પેઠે પોતે કાર્ય કરી બતાવ્યું. બારડોલી સત્યાગ્રહમાં ભાગ ભજવ્યો. મીઠાની લડતમાં ગાંધીજી પછી તે ઉભા. છ માસની સજા થઈ; મળતું પેન્શન બંધ થયું. આમ અનેક યાતનાઓ તેમણે દેશ ખાતર ભોગવી. રાજસાહેબી ભોગવનાર કુટુંબના આ નબીરાએ ગરીબની ઝૂંપડીમાં રહી; બાજરીનો રોટલો ખાઈ ભારતની પ્રજાનાં દુઃખો ફીટાવવામાં જીવન ગુજાર્યું. ઈ. સ. ૧૯૩૬ ના જુન માસની માસની ૯ મી તારીખે તેમનો દેહવિલય મસુરી ખાતે થયો. ભારતના ઇતિહાસમાં તેમનું નામ-બુઝર્ગ અબ્બાસજી તૈયબજી-સદા યાદગાર રહેશે તેજ પ્રમાણે ખંભાતના ઇતિહાસમાં આ કુટુંબને કદી ભૂલાશે નહિ. સ્વરાજ પ્રાપ્તની લડતમાં ખંભાતનો હિસ્સો ગણે તો આ કંઇ નાનો સુનો ન ગણાય !

# સ્વ. વકીલ અંબાલાલ ઊમિયાશંકર જોષી (બી.એ)



ખંભાતના વતની હતા. તેમના પિતાનું નામ શ્રી ઊમિયાશંકર જોષી હતું; નાગરવાડામાં તેમનો નિવાસ હતો. જ્ઞાતિએ શ્રીગૌડ બ્રાહ્મણ હતા; ઊંચા અને ખાનદાન કુટુંબમાં તેમનો જન્મ તા. ૧૬-૧-૧૮૮૫ ના રોજ થયો હતો. તેઓ આપ બળથી બી. એ. સુધી ભણ્યા પછી; હાઈકોર્ટ પ્લીડરની પરીક્ષા પાસ કરી અને પોતાની પ્રકૃતિને અનુકૂળ આવે એવો વકીલાતનો ધંધો ખંભાતમાં શરૂ કર્યો.

તેઓ ધર્મ પર અચળ શ્રદ્ધાવાળા હતા. ગીતાના અભ્યાસી હતા. બ્રાહ્મણોની ઉન્નતિ કરવાની ધગશવાળા હતા. કેળવણીનો વિષય તેમને પ્રિય હતો. વળી ખંભાત એજ્યુકેશન સોસાયટીની સ્થાપનાના તેઓ મોવડી હતા. ખંભાત ખાતે એજ્યુકેશન સોસાયટીના તે સને ૧૯૧૬ થી ૨૧ સુધી પ્રારંભિક ઓ. સેક્રેટરી રહ્યા અને સોસાયટીનુ મકાન અને શેઠ જે જે. જીમખાનું ખંભાતમાં બંધાવવામાં તેઓ જમીન વગેરે મેળવવામાં ઘણી મહેનત કરી છે. આમ ખંભાતની કેળવણીની ઉન્નતિ કરવામાં સારો ફાળો છે.

આ બાહોશ વકીલ તા. ૨૦-૩-૧૯૩૩ ના રોજ અવસાન પામ્યા.

# સ્વ. ડૉ. અંબાલાલ છગનલાલ શાસ્ત્રી



શ્રી અંબાલાલના પિતા છગનલાલ શાસ્ત્રી ખંભાતના સંસ્કૃત પંડિતોમાં ગણાતા. શ્રી અંબાલાલનો જન્મ ઈ. સ. ૧૮૮૩માં થયો હતો. તેમણે સંસ્કૃત તથા અંગ્રેજીનું સારું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. શરૂઆતમાં ખંભાત હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી સ્વીકારી હતી; પછી ડૉક્ટરી લાઈનનો અભ્યાસ કરી સરકારી દવાખાનામાં જોડાયા. થોડા વખત પછી તેમની વરસડા ના દવાખાનામાં બદલી થવાથી તેમણે રાજીનામું આપી સ્વતંત્ર દવાખાનું શરૂ કર્યું. ખંભાતમાં તે પહેલાજ ડૉક્ટર હતા.

તેઓ સંસ્કૃતના જ્ઞાતા હોવાથી તપોધન બ્રાહ્મણો ની પાઠશાળામાં શિખવવા જતા; તે જ્ઞાતિ તરફથી "બ્રાહ્મણ ધર્મ" નામે એક માસિક સંવત ૧૯૬૬ (ઇ. સ. ૧૯૧૦) શરૂ કર્યું; તેના તે તંત્રી હતા. તે માસિક આગળ જતાં "તપોધન" નામમાં ફેરવાઇ ગયું, આજે પણ તે ચાલે છે.

ખંભાત મ્યુ. માં તેઓ સને ૧૯૩૭ માં સભ્ય હતા. આ પ્રસંગે પબ્લીસીટી ઓફીસરે મ્યુ. સીટોમાં અઘટિત કંઈક વધારો કરતાં; મતભેદ પડતાં સભ્યોએ રાજીનામાં આપ્યાં હતાં. સરકાર સાથે ખૂબ ચર્ચાઓ થઇ તેમાં હિંમતથી સારું કામ કર્યું હતું.

પ્રજાની દાદ સરકારને પહોંચાડવા તેમણે પ્રજામંડળની સ્થાપના કરી; તેના પ્રમુખ તરીકે તેમણે સને ૧૯૪૭ સુધી કામ કર્યું; સને ૧૯૪૯ માં પ્રજામંડળ બંધ થયું ત્યારે તેમણે "ખંભાત સેવા સંઘ" નામે નવી સંસ્થા ઊભી કરી; તે દ્વારા ખંભાતને લગતા પ્રશ્નો સરકાર પાસે મૂકવા લાગ્યા.

ખંભાતની એજ્યુકેશન સોસાયટી; ખંભાત હિંદુ મરચન્ટ બેંક, ખંભાત મેટરનીટી હોમ વગેરે જાહેર અને લોકોપયોગી સંસ્થાઓમાં તેઓએ સક્રીય સારો ફાળો આપ્યો છે; સાચા સમાજ સેવક તરીકે તેમણે ઘણું કામ કર્યું છે; મિનલસાર સ્વભાવને લીધે તેઓ "શાસ્ત્રીકાકા" ના નામથી જાણીતા થયા હતા તેઓ જ્ઞાતિએ ઉદીચ્ય સહસ્ર બ્રાહ્મણ હતા. એટલે તેમણે જ્ઞાતિની અને તમામ બ્રાહ્મણ સમાજની પણ સેવા કરી છે.

પૂ. મહાત્માજીના સિદ્ધાંતોને માનતા હોવાથી તેઓ નિયમિત રેંટિયો કાંતતા, ખાદી પહેરતા ગીતાનું સતત વાચન કરતા, અને ઈશ્વર સ્મરણ કરતા.

વિ સં. ૨૦૧૧ ના આસો સુદ ૩ તા. ૧૮-૧૦-૫૫ ને મંગળવારના રોજ ખંભાત મુકામે તેમનું અવસાન થયું. ખંભાતની સમસ્ત પ્રજાએ તેમને શ્રદ્ધાંજલી અર્પી.

તેમના પુત્ર ડૉ. પ્રભાકર અંબાલાલ શાસ્ત્રી કે જેઓ ખંભાતની મ્યુ. માં (સને ૧૯૬૭ થી ૭૨) ઉપપ્રમુખ, પ્રમુખ વગેરેનો હોદો ભોગવી ખંભાતની પ્રજાની સેવા બજાવી છે. તેમણે પિતાની યાદગીરીમાં

ખંભાતની એઠક રોડ ઉપરની વાઘેલા હાઈસ્કૂલના મકાન ઉપર "શાસ્ત્રીટાવર" સને ૧૯૫૭માં મૂકયું છે.

★

# શ્રી અંબાલાલ હરિલાલ પંડીત

( ઈ. સ. ૧૯૦૧ – ૧૯૬૯ )

પત્રકાર



સ્વ. પંડિત અંબાલાલ હરિલાલનો જન્મ વિ. સં. ૧૯૫૭ના શ્રાવણ વદ ૮ ને દિવસે થયો હતો. પિતાનું નામ હરિલાલ મગનલાલ અને માતાનું નામ કમલા હતું. તેઓ મેટ્રીક સુધી ખંભાત હાઈસ્કૂલમાં ભણ્યા હતા. તેઓ ખંભાત મ્યુ.માં થોડો વખત નોકરી કરી હતી, પછી મુંબઇમાં કોઈ પ્રેસમાં બેત્રણ વર્ષ નોકરી કરી પ્રેસનો સારો અનુભવ મેળવ્યો હતો. તેમના મામા શ્રી પુરુષોત્તમ ભાઈ ખંભાતમાં પ્રેસ ચલાવતા હતા. તેમની પાસેથી તેમને પ્રેસનો વારસો મળ્યો. અસાધારણ બુદ્ધિમતાને લઇને સને ૧૯૨૩ માં અરૂણોદય પ્રેસની સ્થાપના કરી. અને ખંભાતની પ્રજાને પ્રેસનો લાભ આપવા માંડયો. સને ૧૯૩૬માં 'સંસ્કાર' માસિક શરૂ કર્યું અને સને ૧૯૫૦માં 'નિદર્શન' માસિક છાપુ શરૂ કર્યું અને સને ૧૯૪૮માં 'નવસંસ્કાર' અઠવાડિક શરૂ કર્યું. આજે તેને ૨૫ વર્ષથી સારી હાલતમાં મૂકયું છે. તેની ગ્રાહકોની સંખ્યા સારી છે. પરદેશમાં વસતા બધા ખંભાતીલોકોને તે વાંચવાની જીજ્ઞાસા ઊભી કરી છે. તેઓ સાહિત્યવિષયમાં, રાજકિયવિષયમાં, સામાજિકવિષયમાં કે શહેરના કોઈપણ જાહેર કાર્યમાં તેઓ ઉત્સાહથી ભાગ લેતા. અને ખંભાતની સારી સેવા બજાવતા. ખંભાત ઉપર જ્યારે વંટોળ આવ્યો; ત્યારે તેઓ તેના સાચા સેવક થઇને કાર્ય-દક્ષતા સારી બજાવી હતી. બંદરના, મીઠાના, રેલ્વેના એવા એવા પ્રશ્નો ઉપર હિંમતભેર તે કલમ ચલાવતા. તેઓ નીડર હતા; આથી દેશી રાજ્ય સમયે તેમને અઢી વર્ષ સુધી ખંભાત છોડવું પડયું હતું. તેઓ નિર્લોભી અને નિર્મોહી હતા. માત્ર પ્રજાની સેવા કરવી એટલીજ તેમનામાં તમન્ના હતી. તેઓ ખંભાતમાં વિ. સં. ૨૦૨૫ના ફાગણ સુદ–૫ તા. ૨૧–૨–૬૯ શુક્રવારને દિવસે સવારે ગુજરી ગયા.

## શ્રી અંબાલાલ ચુંથાભાઈ

ખંભાત શહેરમાં રજની પારેખ આર્ટસ કોલેજ તથા શ્રી ભીખુભાઈ જલુંધવાળા સાયન્સ કોલેજ થતાં તેમાં અભ્યાસ કરવા માટે બહાર ગામના વિદ્યાર્થીઓ આવે; તેમને રહેવા–જમવા વગેરેની અડચણ ન પડે તે માટે એક છાત્રાલયની જરૂર હતી. આ જરૂરત ખંભાત તાબાના નાના કલોદરાના પટેલ શ્રી અંબાલાલ ચુંથાભાઈ તથા શ્રી ઠાકોરભાઈ ચુંથાભાઈ તરફથી રૂા. ૩૧૦૦૧ ની ઉદાર સખાવતથી પૂરી કરી છે. તેઓશ્રીએ પોતાના પિતાનું નામ જોડીને સા. કે. મંડળ ખંભાતને આ રકમ આપી છે. આ ભાઈઓ બીલીમોરામાં ઘણાં વર્ષો થયાં મોર્ડન ટ્રેડીંગ કંપનીના નામે ધંધો કરે છે. તેઓએ આ ઉપરાંત નાના કલોદરામાં રૂા. દસ હજાર આપીને "વારીગૃહ" બંધાવી ગામના લોકોને પાણીનું સુખ કરી આપ્યું. છે.

## અબ્દુલહુસેન અમીરૂદ્દીન રૂપાવાલા

આ દાનવીર સુખી શેઠે સને ૧૯૪૧ માં મદ્રેસા એ તૈયબિયહ શાળા ઉપર પાંચ કલાસો બંધાવી આપ્યા હતા અને સને ૧૯૫૪ માં શેઠ મૈસુરે રૂા. ૮૫૦૦ ના શેરોનું દાન કર્યું હતું. આ રીતે આ ગૃહસ્થે મદ્રેસા તિયબિયહની ઉન્નતિ કરવામાં તેમનો મોટો ફાળો છે. સને ૧૯૫૭ માં પ્રાયમરી અને મીડલ સ્કૂલને રૂા. ૩૮૦૦૦ ના શેરો આપ્યા હતા; સખાવતમાં તે નોંધપાત્ર ગણાય.

## સ્વ. ડૉ. અમૃતલાલ માણેકલાલ પટેલ

બી.એ; એમ. એસ. સી; એલ. એલ. બી; પી.એચ ડી.

ખંભાતના આ વિદ્વાન પુત્ર જ્ઞાતિએ પાટીદાર હતા. તેમણે પ્રાથમિક શિક્ષણ ખંભાતમાં લીધું અને માધ્યમિક અને કોલેજનું શિક્ષણ મુંબઈમાં લીધું હતું. તેઓએ શિક્ષણ દરમ્યાન મોટી સ્કોલરશીપો મેળવી હતી; તેઓ કાપડકામના તથા રંગ કામના નિષ્ણાંત થવા માંચેસ્ટર ગયા; ત્યાં ટેક્ષટાઈલ કેમેસ્ટ્રીની પી એચ. ડી.ની ડીગ્રી લીધી. સને ૧૯૩૪માં પાછા ફર્યા. ખંભાતે તેમનું બહુમાન કર્યું મુંબઈની શેઠ મફતલાલ ગગલભાઈ ગૃપ મીલોમાં સારું કામ કર્યું; તેઓ રામકૃષ્ણ પરમહંસના સાચા અનુયાયી હતા. દરિદ્ર નારાયણની સેવા એજ તેમણે મુખ્ય ધર્મ માન્યો હતો. ખંભાતમાં 'રામકૃષ્ણ-સેવાધામ' નામનું દવાખાનું શરૂ કરાવ્યું. જેનો લાભ હજારો દરદીઓ લે છે. તેમને આસિક ૪ હજારનો પગાર મળતો પણ તેઓ આવા ધર્માદા કામોમાં વિશેષ વાપરતા. તેઓ ધાર્મિક વૃત્તિવાળા હતા. તેઓ ૧૦–૮–૬૨ મુંબઈમાં ખારમાં સ્વર્ગ-વાસી થયા.

❋

# ઝવેરી અમૃતલાલ મોતીલાલ પટેલ

## ડેન્ટલ હોસ્પીટલ માટે રૂ. ૫૦,૦૦૦ પચાસ હજારની સખાવત

(સને ૧૯૬૯)

ખંભાતના પીઠના રજપૂતવાડાના રહેનાર ઝવેરી શ્રી અમૃતલાલ મોતીલાલે જનરલ હોસ્પિટાલને ડેન્ટલ હોસ્પીટલ બાંધવા માટે સને ૧૯૬૭ માં આપ્યા. ખંભાત જનરલ હોસ્પિતાલમાં રસ્તા ઉપર "ઝવેરી અમૃતલાલ મોતીલાલ, (લાલા) બીલ્ડીંગ અને ડેન્ટલ હોસ્પીટલ" નામથી મકાન બંધાવ્યું. તેઓ ગુજરાતી પુરું ભણ્યા પણ નથી. નવ વર્ષની કુમળી વયે તેઓએ ઝવેરાતના ધંધામાં પ્રવેશ કરેલો તેમાંથી તે સારી સ્થિતિ ઉપર આવી ગયા. તેઓ ૧૮ વર્ષ જયપુર રહ્યા. તેઓશ્રીએ જયપુરમા પોતાનાં સ્વર્ગસ્થ ધર્મપત્નીની યાદગીરીમાં ગુજરાતી સમાજમાં એક રૂમ બંધાવી આપી. તેમ ખંભાત નજીકના મેતપુરમાં પ્રાથમિક શાળાના નવા મકાનમાં એક રૂમ બંધાવી આપી. આમ તેમનામાં રહેલી ઉદાર ભાવનાઓ પ્રગટ થયલી છે અને તેમણે ઉદાર સખાવત કરી ખંભાતની જરૂરિયાતને પૂરી કરી છે.[૧]

જ્ઞાતિએ પાટીદાર છે. અને ઝવેરાતનો ધંધો કરે છે. તેઓશ્રી ઘણા ધર્મપ્રેમી છે. આ ડેન્ટલ હોસ્પિટાલનો ઉદ્દ્ઘાટન સમારંભ જનરલ હોસ્પિટાલ-નો ચોગાનમાં તા. ૧૪-૧૨-૬૯ ના રોજ થયો હતો. અને ઝવેરી અમૃતલાલે પોતે જ પોતાના હાથે ઉદ્દ્ઘાટન કર્યું હતું.

અંધારી શેરીનો રજપૂતવાડો ખંભાત

# શ્રી એમ. એમ. ખંભાતવાળા



શ્રી એમ. એમ. ખંભાતવાળાનું પુરૂં નામ માણેકલાલ છે. તેમના પિતાનું નામ મગનલાલ અને માતાનું નામ સુરજબેન છે. જ્ઞાતિએ ખંભાતી મોઢ વણિક છે. તેમનો જન્મ વિ. સં. ૧૯૫૯ ના કારતક સુદ ૧૫ ને દિવસે થયો હતો. તેઓએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ અમદાવાદમાં લીધું.

તેઓશ્રીએ અમદાવાદમાં સ્વતંત્ર ધંધાની શરૂઆત એક નાનકડી દુકાનમાં કરી; અને ગાંધી-આટાની દુકાનમાં ગ્રાહકોનો સારો વિશ્વાસ મેળવ્યો; તેઓએ સૌ પ્રથમ ગુજરાતી જનતા સમક્ષ કેશતેલ બનાવાની મસાલાની પડીયો રજુ કરી; અને તેનાથી પ્રોત્સાહિત થઈને બ્રાહ્મી, દૂધી, અને આંબલાના તૈયાર કેશતેલો કરવાની શરૂઆત કરી. આ તેલોએ

જનતામાં વધુ વિશ્વાસ સંપાદન કર્યો અને ૧૯૪૭માં આઝાદી આવ્યા પછી પરદેશથી હેરડાર્કનર આવતાં તેની સામે તેઓએ 'લોમા' તેલ રજુ કર્યું; અને તેની ખ્યાતિ દેશવિદેશમાં ઘણી વધી ગઇ. તે સાથે 'કેશા' રજુ કરવામાં આવ્યું. દુનિયાના લગભગ પંદર દેશોમાં તે ચાલે છે. સાથે કોહીનુર અગરબત્તી, લોમા અગરબત્તી અને ગ્રીન કવીનબત્તી વગેરે કાઢવામાં આવી. જેણે સારૂં સ્થાન લીધું આમ આ ધંધામાં તેઓએ ઘણીજ પ્રવીણતા મેળવી.

તેઓશ્રી પ્રતિવર્ષે જાત્રા જાય છે. ભારતનો કોઈપણ ધાર્મિક પ્રદેશ તેમની યાત્રા વિના બાકી રહ્યો નહિ હોય. હિમાલયથી માંડી રામેશ્વર સુધી અને કલકત્તા, નેપાળથી માંડી દ્વારકાં સુધીની બધીજ જાત્રાઓ તેમણે ઘણી વખત કરી.

તેઓ બહુજ ધાર્મિક ભાવનાવાળા છે. વળી સેવાભાવી છે. તેમણે કરેલી જાત્રાનું એક પુસ્તક "ભારત તીર્થદર્શન" નામે પ્રજાને આપ્યું; વળી "કુમારિકા ખંડ અથવા સ્તંભતીર્થ માહાત્મ્ય" આ પુસ્તક પ્રસિદ્ધિમાં લાવનારનું માન તેમને ફાળે જાય છે.

અમદાવાદમાં કાંકરિયા ઉપર વારિગૃહ કરાવેલું છે. તેમજ "એમ. એમ. ખંભાતવાળા હોલ" તથા ખંભાતી મોઢ વણિકની વાડીમાં સારો ફાળો આપ્યો. ખંભાતમાં ગણેશ મંદિરનો જીર્ણોદ્ધાર, ખંભાતની સ્ત્રી સંસ્થા જ્યોતિસંઘમાં મશીનો આપ્યાં તથા ખંભાતના હરિકૃષ્ણના મંદિરમાં કેટલોક ભાગ કરાવી આપ્યો. વળી ખંભાત મેટરનીટી હોમને એમ્બ્યુલન્સ કાર આપી. આમ ખંભાતના ધાર્મિક સ્થળો, સામાજીક કામો તથા શિક્ષણ સંસ્થાઓમાં ઉદાર હાથે મદદ કરી સારો લાભ આપે છે.

# સ્વ. હકીમ જ. ઈબ્રાહીમ

વીસમી સદીમાં જે હકીમો થયા તેમાં જ ઇબ્રાહીમભાઈનું નામ ખૂબ જાણીતું હતું. તેઓ યુનાની દવાઓ આપતા. લોકોમાં સારી ચાહના મેળવી હતી. ભોઇબારીના દરવાજા આગળ તેમનું મકાન હતું.

# ખંભાતનું સરદાર ટાવર (ઘડીયાળ) બનાવનાર
# કરસનદાસ પીતાંબરદાસ મિસ્ત્રી

ખંભાતનું સરદાર ટાવરનું ઘડીઆળ અને એઠકરોડ ઉપરની જુની હાઈસ્કૂલ ઉપરનું ટાવર, આ બંને ટાવરો ખંભાતના એક મિસ્ત્રી કે જેનું નામ કરસનદાસ પીતાંબરદાસ છે તેમણે બનાવ્યાં છે.

તેઓ મુળ ધર્મજના સુતાર મિસ્ત્રી છે. ધર્મજ-માંથી જ તેમણે ઘડિયાળ બનાવવાનો પ્રથમ પ્રવાસ કર્યો; તેમાં તે સફળ થયા. સંવત ૧૯૯૧માં તેમણે પ્રથમ ધર્મજમાં મુકયું; અને ત્યાર પછી તો તેમને ઘણી હિંમત આવી જવાથી; ગુજરાતમાંના મોટાં મોટાં ગામોમાંથી ઓર્ડર મળ્યા; સોજીત્રા, તારાપુર, કઠોર, અલીંદ્રા, ખડોલ, ઇંદોર, ખંભાત વગેરે ઘણાં ગામોમાં તેમનાં બનાવેલાં ઘડિયાળો મુકાયાં છે અને હજી મુકાય છે.

ખંભાતમાં તેમણે વહોરવાડ આગળ "શ્રીલક્ષ્મી

વિજય આયર્ન ફેકટરી" નામે એક કારખાનું બહુ નજીવી રકમથી શરૂ કર્યું સને ૧૯૪૮. આજે ત્યાં ઘડિયાળ બને છે. તથા લોખંડનું બીજું કામ થાય છે. તેમની વૃદ્ધ ઉંમર થવાથી તે કામ કરતા નથી; પણ તેમના બાહોશ પુત્રપૌત્રો સારી રીતે કાર્ય કરી રહ્યા છે.

# ડૉ. કાંતિલાલ ફૂલચંદ સોમપુરા

એમ. એ, એલ. એલ. બી., પી. એચ. ડી.

તેમને જન્મ ખંભાતમાં તા-૯મી માર્ચ ૧૯૧૯ માં થયો હતો. તેઓ અમદાવાદમાં એમ. એ; એલ. એલ બી થઈ વકીલાત કરવા લાગ્યા બાદ ગુજરાત ના મંદિર સ્થાપત્ય પર ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના માર્ગ-દર્શન હેઠળ પી એચ ડી થયા. એમની અગ્રેજીમાં લખાયેલી થિસિસ "ધી સ્ટ્રકચરલ ટેમ્પલ્સ ઓફ ગુજરાત"ના નામે ગુજરાત યુનિવર્સિટીએ પ્રગટ કર્યો છે. વિશ્વવિખ્યાત સંશોધન સંસ્થા વિશ્વેશ્વરાનંદ ઈન્ડો લોજીકલ રિસર્ચ ઈન્સ્ટીટયૂટ (હોશિયારપુર) જે પંજાબ યુનિ. સાથે જોડાયેલ છે. તેણે સોમપુરા નો એક અંગ્રેજી લઘુગ્રંથ "બુદ્ધિસ્ટ મોન્યુમેન્ટસ એન્ડસ્કલ્પ્યર્સ ઈન ગુજરાત" નામે પ્રસિદ્ધ કર્યો છે. મોઢેરા સૂર્યમંદિર અને તારંગા અજિતનાથ મંદિર પરના એમના સંશોધન ગ્રંથો પ્રસિદ્ધ થયા છે. વળી એમનો એકગ્રંથ "**ભારતીય સ્થાપત્ય અને શિલ્પ** પ્રસિદ્ધ થયો છે. એ એમના ગુજરાતી, સંસ્કૃત સાહિત્ય. ભારતી સ્થાપત્ય અને શિલ્પ પર લગભગ ૧૫૦ જેટલા સંશોધન લેખો અંગ્રેજી, તથા ગુજરાતી, સામાયિકો, ઓરીયેન્ટલ, જર્નલ, વિશ્વેશ્વરાનંદ રીસર્ચ જર્નલ, સ્વાધ્યાય બુદ્ધિપ્રકાશ, નવચેતન વગેરે માં પ્રસિદ્ધ થયા છે. તેઓ એચ. કે. આર્ટ્સ કૉલેજ —અમદાવાદમાં ભારતીય સંસ્કૃતિના અધ્યાપક છે. તેમજ ભો જે. વિદ્યાભવન ના અનુસ્નાતક વર્ગમાં ભારતીય સંસ્કૃતિના માન્યશિક્ષક છે. દ્વારકા ની ઈતિહાસ પરિસદ ઓકટોબર સને ૧૯૭૧માં ભરા-યેલી તે પ્રસંગે "ત્રિમૂાત" વિષે નિબંધ રજુ કર્યો હતો; તેમને રૌપ્યચંદ્રક મળ્યો હતો. શિલ્પ અને સ્થાપત્યના મહાપંડિત છે.

# ઝવેરીશ્રી કનૈયાલાલ મંગળદાસ પટેલ



ખંભાતના ઝવેરીઓમાં શ્રી કનૈયાલાલ મંગળદાસ પટેલ અતિ પ્રખ્યાત છે. જીવનની શરૂઆતથી સ્વબળે તેઓ ઝવેરાતના ધંધામાં અગ્રપદ પામ્યા છે. ધંધાના વિકાસઅર્થે તેઓએ દુનિયાને ખેડી નાખી છે; અને એક પ્રામાણિક અને સાહસિક વેપારી તરીકે મહાન કીર્તિ સંપાદન કરી છે. ઝવેરાતના ધંધા સાથે તેઓએ પેઢલોન ઈન્ડસ્ટ્રીઝ ઉદ્યોગિક સાહસ ઉભા કરવામાં મહત્વનો ફાળો આપેલો છે.

રાષ્ટ્રિય આફતો વખતે, રેલસંકટ, દુષ્કાળ વગેરે માનવસેવા કાર્ય માટે તેઓ લોકફાળો એકત્ર કરવામાં પોતે પહેલ કરીને બીજાની પાસેથી મેળવી

આપવામાં શક્તિનો સદુપયોગ કરે છે.

ખંભાતમાં બાલમંદિર બાંધવાના કામમાં તેઓશ્રીએ રૂપિયા એક લાખનું દાન શ્રી નાનુભાઈ ટ્રસ્ટમાંથી મેળવી આપ્યું છે અને પોતાના તરફથી રૂ. ૧૧૦૦૦) અગિયાર હજારની ઉદાર સખાવત કરી છે. તેજ દર્શાવે છે કે તેમને કેળવણીમાં ઘણો રસ છે.

તેજસ્વી વિદ્યાર્થીઓને અભ્યાસ ન બગડે તે માટે તેમને મદદ કરવાનું તથા હૉસ્પિતાલ માટે તેમજ નાનીમોટી રકમો નિરાડંબરથી; મુક સેવાની પ્રવૃત્તિઓ તેઓ તરફથી થાય છે. આ રીતે શ્રી કનૈયાલાલનું જીવન નિરભિમાની, કર્મનિષ્ઠ ઉદ્યોગપતિ અને શિક્ષણપ્રેમી રીતે દેદીપ્યમાન છે.

## શ્રી કાશીબેન છોટાભાઈ તુળશીદાસ પટેલ

ખંભાતની જનરલ હૉસ્પિતાલમાં શ્રી કાશીબેનના નામથી ખંભાત તાલુકાના એક ગામના સદ્‌ગૃહસ્થે રૂ. ૨૫૦૦૧નું દાન આપ્યું અને "ફીમેલવૉર્ડ" કાશીબેનના નામ સાથે જોડાયું. ઉદારતા માટે ખંભાતમાં તેમનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

તા. ૧૪-૧૨-૬૯

## શ્રી કાંતિલાલ ઝવેરભાઈ વાઘેલા

સ્વ. શ્રી ઝવેરભાઇ વાઘેલાનું મકાન ગવારા કુમારશાળા પાસે આવેલું છે; તેઓ ખંભાતમાં ધંધો કરતા હતા. બહુ ઉદ્યમી હતા. તેમના પુત્રો શ્રી કાંતિલાલ તથા શ્રી શાંતિલાલ વગેરેને ખંભાતમાં જ કેળવણી આપી; પછી તેઓ ધંધાર્થે મુંબઇ ગયા; અને ઝવેરાતનો ધંધો કર્યો. તેમાં તેઓ પર ઈશ્વરકૃપા ઉતરી; તેઓની ધાર્મિક ભાવના ઊંચા પ્રકારની છે. બાળકો માટે તેઓ સારી લાગણી રાખે છે.

તેમના ઘર સામે આવેલું ગવારા કન્યાશાળાનું મકાન ફરી કરાવવાની હાલતમાં હતું; આથી શ્રી શ્રી કાંતિલાલે તે મકાનને મૂળ પાયામાંથી આધુનિક ઢબનું; સંપૂર્ણ સગવડવાળું; ઘણી મોટી રકમ ખર્ચીને કરાવી આપ્યું; આ મકાનનું નામ **"શ્રી શકુંતલા કાંતિલાલ વાઘેલા કન્યાશાળા"** રાખવામાં આવ્યું. તેની ઉદ્‌ઘાટન વિધિ તા. ૧૬-૨-૭૦ ના રોજ થઈ; અને ખંભાત તાલુકા પંચાયતને અર્પણ કર્યું.

વળી શ્રી કાંતિલાલના સ્વ. લઘુબંધુ શ્રી શાંતિલાલની પુણ્યસ્મૃતિમાં તેમણે તથા તેમના કુટુંબીજનો તથા મિત્રોએ રૂ. (૧,૨૫,૧૧૧) એક લાખ પચીસ હજાર એકસો અગિયાર ધી કેમ્બે એજ્યુકેશન સોસાયટીને દાન કર્યું; અને તેમની સ્મૃતિમાં તા. ૧-૧૨-૭૧ના રોજથી "ધી કેમ્બે હાઈસ્કૂલ" કે જે બેઠક રોડ ઉપર આવેલી છે; તેનું નામ **"શ્રી શાંતિલાલ ઝવેરભાઈ વાઘેલા હાઇસ્કૂલ"** રાખવામાં આવ્યું છે.

તેમનો કેળવણી વિષે પ્રેમ કદી ભૂલાશે નહિ.

# શ્રી કાંતિલાલ માણેકલાલ કાંટાવાલા

બી.ઈ.બી.એસ.ઇ.એ.એમ.આઈ, ઈ.એમ.આઈ.એમ., આઇ. (લંડન) એમ.,એ. એસ. સી. ઇ.

ખંભાતના બાહોશ વકીલ સ્વ. માણેકલાલ ચુનીલાલના તે પુત્ર થાય. તેમનો જન્મ વિ. સં. ૧૯૬૬માં થયો હતો. તેમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ખંભાતમાં લીધું હતું. પછી તેઓ અમદાવાદ ભણવા ગયા. ત્યાં ઉજ્વળ કીર્તિ પ્રાપ્ત કરી. 'જેમ્સબર્કલ' સુવર્ણ ચંદ્રક તેમને મળ્યો.

બી.ઇ. એંજિનિયરના ત્રણ વર્ષો પુનામાં ગાળી મુંબઈ રાજ્યના બાંધકામ ખાતામાં ડેપ્યુટી સેક્રેટરી તરીકે જોડાયા. તેઓએ સિંધમાં પણ સેવાઓ આપી હતી. તેઓને સને ૧૯૪૬માં ગવર્નમેન્ટ તરફથી પરદેશમાં મોકલવામાં આવ્યા. અમેરિકા, કેનેડા, ફ્રાન્સ, ઇંગ્લેંડ વેલ્સ અને આયર્લેન્ડ વગેરે સ્થળોએ તે ગયા અને ઝીણવટભર્યો તેમણે એંન્જિનિયરીંગનો અભ્યાસ કર્યો. તેઓએ ઘણી સારી કીર્તિ પ્રાપ્ત કરી. તેઓને મુંબઈ રાજ્યે અમદાવાદના મ્યુ.માં મોકલ્યા. તેમણે અમદાવાદની રચનામાં ઘણો સારો ભાગ ભજવ્યો. પછી તેમને ગુજરાત રાજ્યના વડા એંજિનિયર તરીકે બદલી થઇ.

ગુજરાત અને મુંબઈ રાજ્યમાં બાહોશીથી પ્રખ્યાત થયેલા શ્રી કાંટાવાળાને ખંભાતના સૌંદર્ય ધામ સમા માદળાના તળાવ આગળની રચના કરવામાં તેમને અહીંની મ્યુ. તરફથી બોલાવવામાં આવ્યા હતા. તેમણે ખંભાતનો વિકાસ કરવામાં માર્ગદર્શન આપ્યું હતું. આ ખંભાતના એક સુપુત્રથી ખંભાત ગૌરવ લે તેમાં અતિશયોક્તિ નથી. ખંભાતની પ્રજાએ એમને સન્માન્યા હતા.

### ફીઝીઓ થેરેપી અને ઓરથો પેડીક માટેના દાતા.

# શ્રી કાંતિલાલ ભોગીલાલ

મૂળ ખંભાતના વતની અને બાળપણુથીજ મુંબઈ વસેલા શ્રી કાંતિલાલ ભોગીલાલ શાહ. સી. ભોગીલાલ એન્ડ કું. નામની પ્રતિષ્ઠિત ટાઈલ્સ અને સેનીટરી વેર વિતરક પેઢીના ભાગીદાર છે. એમના પિતાશ્રીએ આ કંપની સ્થપેલી. અને આ કંપની આજે ખૂબ ફુલી ફાલી છે. ધંધાકીય ક્ષેત્રે સારૂં કાર્યકરી બતાવ્યું છે. એટલુંજ નહિ પણ અંધજન રાહત સંઘના મંત્રી છે. અને લાયન્સ કલબ ઓફ જુહુની વિવિધ સમાજ કલ્યાણ પ્રવૃત્તિઓમાં રસ લેછે. સાથેતે મનાં ધર્મપત્ની વિમળાબેન પણ અનેકની પ્રકાર પ્રવૃતિમાં રસ લે છે. પોતાના વતનને યાદકરી તેઓશ્રીએ પચાસ હજારને એક રૂ. ૫૦,૦૦૧ એક ફીમીઓ થેરાપી તાથ ઓરથો પેડીક વિભાગ વોર્ડ બંધાવવા માટે નું દાન ખંભાત જનરલ હોસ્પિતાલને તા. ૧૪-૧૨-૬૯ નારોજ આપ્યું.

# શેઠશ્રી કેશવલાલ બુલાખીદાસ કાપડિયા



ખંભાતના જૈન સમાજના અગ્રગણ્ય અને ધનાઢ્ય શેઠશ્રી બુલાખીદાસ નાનચંદ સુપ્રસિદ્ધ હતા; તેમ તેમના પુત્રો પણ પ્રસિદ્ધ વેપારીઓ છે, તેમના સુપુત્ર શેઠશ્રી કેશવલાલ બુલાખીદાસે ખંભાતમાં "શ્રી કેશવલાલ બુલાખીદાસ કોમર્સ કોલેજ" કાઢવા માટે રૂા. ૮૧૦૦૦ એકયાસી હજારનું દાન ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ સ્થાપ્યું. અને સને ૧૯૬૪માં કોલેજ શરૂ થઈ.

શ્રીકેશવલાલનો જન્મ વિ.સં.૧૯૫૪માં ખંભાતમાં થયો હતો. જ્ઞાતિએ જૈન વણિક છે; તેમણે ખંભાતમાં કેળવણી લીધી હતી. ત્યારબાદ તેઓ પિતાજી સાથે કાપડના ધંધામાં જોડાયા. તેઓશ્રીએ મુંબઈમાં પેઢી નાખી. તેમાં ઉત્સાહ પરિશ્રમ અને બુદ્ધિબળથી સારું ધન પ્રાપ્ત કર્યું.

તેઓશ્રી સામાજિક, ધાર્મિક અને કેળવણીના કામમાં સારો રસ ધરાવે છે. મુંબઈના ગોડીજી જૈન પેઢીના મેનેજીંગ ટ્રસ્ટી, મહાવીર વિદ્યાલયના ટ્રસ્ટી, વર્ધમાન જૈન આગમ મંદિરના ટ્રસ્ટી તથા ખંભાતના તાલુકા કે મંડળના પ્રમુખ તરીકે તેઓએ સારી સેવા આપી છે.

ખંભાતના વિ. સં. ૧૯૯૮થી "શ્રી ભદ્રીભાઈ-સ્યાદ્વાદ સંસ્કૃત પાઠશાળા" ચાલે છે; તેમાં જૈનના ઘણા બાળકો ધાર્મિક શિક્ષણ લે છે. આ પાઠશાળાનું એક વિશાળ મકાન વિ. સં. ૨૦૨૬ના મહા વદ ૫ ના રોજ ખારવાડમાં બંધાવી આપ્યું. તેનું નામ શ્રી લલિતાબેન કેશવલાલ બુલાખીદાસ સ્વાધ્યાય મંદિર રાખવામાં આવ્યું.

સ્વ. શેઠશ્રી બુલાખીદાસની પ્રતિમા શ્રીં કેશવલાલ કોમર્સ કોલેજમાં તા. ૨૬–૧–૭૦ના રોજ ખુલ્લી મૂકવામાં આવી.

શેઠશ્રી કેશવલાલનાં ધર્મપત્ની શ્રી લલિતાબેન સને ૧૯૬૬માં ગુજરી ગયાં છે; તેમના સુપુત્રો શ્રી નવીનભાઈ, શ્રી ધીરૂભાઈ, શ્રી રમણિકભાઈ તથા શ્રી અશ્વિનભાઈ વગેરે ઘણા ધાર્મિક અને વડીલોના પંથે ચાલનારા સેવાભાવી છે.

# સ્વ. શેઠ કેશવલાલ લલ્લુભાઈ



ખંભાતની મોઢ વણિક જ્ઞાતિમાં તેમનો જન્મ ઈ. સ. ૧૮૭૨માં થયો હતો; પ્રાથમિક કેળવણી ખંભાતમાં લીધેલી. પ્રભુઉપર અટલ શ્રદ્ધાવાળા હતા, તેઓએ મુંબઇમાં વેપાર શરૂકર્યો; ઈશ્વરકૃપાથી તેમાં સારી ધન પ્રાપ્તિ થઈ. તેઓ એ ખંભાતની પ્રજાનાં દુઃખો દૂર કરવા; ઓછાં કરવા સેવા કરવા કમરકસી હતી.

સને ૧૯૧૮ માં ખંભાતમાં અનાજની પરિસ્થિતિ બગડી ત્યારે સોનીવાડ પાસે સસ્તા અનાજની દુકાન કાઢી હતી. આ દુકાનેથી શહેરના અને ખંભાત તાબાના ગામડાઓના લોકો અનાજ લઈ જતા. લગભગ એક વર્ષ સુધી ૮-૧૦-૧૯ દુકાન ચલાવી હતી.

બીજી વખત સંવત ૧૯૮૩ ઇ. સ. ૧૯૨૭ રેલ સંકટ વખતે સસ્તા અનાજની ,'દુકાનોકાઢી હતી.

વળી રેલસંકટમાં પિડાયલા માટે પતરાં, સીમેન્ટ, લાકડાં વગેરે અપાવવામાં મદદ કરી હતી. પરચુરણ માટે નાણાંકીય બાબતમાં ધણી અછત હતી, લોકો મુશ્કેલીમાં મૂકાયા હતા. તે વખતે તેમને એક પૈસો કાઢવાની તે વખતના નવાબે પરવાનગી આપેલી; જેથી તેમનો પૈસો ચાલેલો.

નવાબ સરકારે તેમની સેવાની કદર કરી તેમને "તાજમી સરદાર" નો માનવંતો ખિતાબ આપ્યો હતો; વળી ખંભાતની હિંદુ-મુસ્લીમ તમામ પ્રજાએ તેમનું સન્માન કર્યું હતું. અને શહેરના સુપ્રતિષ્ઠિત વૃધોવૃદ્ધ નાગરીક તરીકે સારૂં માન જાળવ્યું છે. સને ૧૯૬૦ માં તેઓ અવસાન પામ્યા.

# સ્વ. શેઠ કેશવલાલ વજેચંદ સંઘવી

જ્ઞાતિએ જૈનવણિક મુ. ખંભાત ઠે. ખારવાડો.

તેમના પિતાનું નામ વજેચંદ મૂળચંદ અને માતાનું નામ રેવાબેન તેમનો જન્મ તા. ૧૬-૧-૧૯૦૦ માં થયો. તેઓનો મેટ્રિક સુધીનો અભ્યાસ હતો. તેમનું લગ્ન ખંભાતના અગ્રગણ્ય શેઠ શા. મણિલાલ કસ્તુરભાઈ (અમરચંદ) નાં પુત્રી જાસુદ સાથે થયું હતું. તેમનાથી તેમને ચાર પુત્રો અને ત્રણ પુત્રીઓ છે. તેમાંના મોટા પુત્ર શ્રી કાંતિલાલ છે; તે પિતાના પગલે ચાલનાર છે. ખંભાતમાં શ્રી કેશવલાલે **"સતીશ ફેક્ટરી"** નામે વણવાની ફેકટરી કાઢી. પછી તે મુંબઈ ગયા. તેમણે ધંધામાં સારૂં દ્રવ્ય ઉપર્જન કર્યું.

તેઓ ધાર્મિક કાર્યોમાં સારો રસ લેતા. તેમના કાકા તરફથી ચાલતી જૈનકન્યાશાળા માટે એક મકાન બંધાવી આપ્યું તેમાં લગભગ ૬૦ હજાર ખર્ચ થયો આજે તે મકાન માણેક ચોકમાં **જૈનકન્યાશાળા** નામે જાણીતું છે; અને તેની સઘળી વ્યવસ્થા શ્રી કાંતિલાલ કેશવલાલ કરે છે.

શત્રુંજયનો સંઘ કાઢયો—વિ. સ. ૨૦૦૧ ના પ્રથમ ચૈત્ર સુદ–૩ના દિવસે ખંભાતથી પાલીતાણાનો સંઘ પગરસ્તે કાઢયો. તેમાં જૈન સાધુઓ, નરનારીઓ વગેરે ઘણાં માણસો હતાં. તા. ૧૬–૩–૪૯ થી નીકળેલો સંઘ તા. ૭–૪–૪૯ ના રોજ પાલીતાણા પહોંચ્યો હતો. આ સંઘના મુખ્ય આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી હતા.

ત્યારથી કેશવલાલભાઇ સંઘવી કહેવાયા. આ ધાર્મિક પુરૂષનું સં. ૨૦૦૬ના અધિક અશાડ સુદ–૧ તા. ૧૬મી જૂન ૧૯૫૦ના રોજ અવસાન થયું.

# ઝવેરી કેશવલાલ દલપતભાઈ

ખંભાતના જૈન કોમના અગ્રગણ્ય ઝવેરી કેશવલાલ છે. તેઓની મુંબઈમાં કાલબાદેવી રોડ ઉપર સોનાચાંદી તથા ઝવેરાતના દાગીનાની પ્રખ્યાત પેઢી છે. તેઓ ખંભાત ઉપર સારો પ્રેમ રાખે છે. ખંભાતના પ્રત્યેક સાર્વજનિક કામમાં તેમનો હિસ્સો છે.

તેમના પિતાશ્રી દલપતભાઇ ખુશાલચંદ ઝવેરી ખંભાતના જાણીતા હતા. ધાર્મિક ભાવના તેમનામાં ઘણા પ્રમાણમાં હતી; તેથી તેઓ ધર્મકામમાં ઘણા પૈસા વાપરતા. તેઓ વિ. સં. ૧૯૬૦માં ખંભાતમાં સ્વર્ગવાસી થયા; ત્યારે ધર્મના કામમાં ઘણી **રકમ** નોંછાવર કરી હતી.

શેઠ શ્રી દલપતભાઈ ખુશાલચંદે ૪૦ વર્ષ સુધી ઝવેરાતનો ધંધો કર્યો હતો. તેમણે ખંભાતની પાંજરાપોળનો વહીવટ સંવત ૧૯૫૪ થી ૫૯ સુધી કર્યો હતો. ઓળપીપળાના નવપલ્લવ પાર્શ્વનાથ જૈન મંદિરનો જીર્ણોધ્ધાર કર્યો હતો. તથા પાર્શ્વચંદ્રગચ્છની નવી વાડીનું નિર્માણ કર્યું હતું.



# ઝવેરી શ્રી ગિરધરલાલ સુંદરલાલ તથા શ્રી વસંતલાલ સુંદરલાલ



ખંભાતમાં ઝવેરાતનો ધંધો કરનાર શ્રી બચુભાઇ ઉર્ફે ગિરધરલાલ અને શ્રી વસંતલાલ સુંદરલાલ ખૂબ નામાંક્તિ છે. તેઓ જ્ઞાતિએ મોઢ વણિક છે; તેઓ બંને ભાઇઓ ખૂબ ધાર્મિક વૃત્તિવાળા અને ઉદાર દીલના છે. તેમણે માતૃપિતૃ ઋણ અદા કરવા ઉદાર હાથ લંબાવ્યો છે.

ખંભાતમાં ગવારામાં "શ્રી નાથાભાઇ મનુભાઇ કુમારશાળા" નામની એક શાળા હજારોના ખર્ચે, સને ૧૯૬૭ માં બંધાવી આપી અને ખંભાત તાલુકાને **પંચાયતને** અર્પણ કરી છે.

ટી. બી. માટેની હોસ્પિટાલ નેજાના રસ્તે જતાં બંધાવા માંડી છે; જેમાં એક લાખ એકાવન હજારની ઉદાર સખાવત તેમણે દર્શાવી છે; અને તે ખંભાત મ્યુ.ને આપવા જાહેર કરી છે;

વળી જ્ઞાતિના કેળવણી ફંડમાં મોટી રકમ આપી છે; તેમ કોલેજના ફંડમાં લગભગ પાંચ હજાર જેટલી ઉદાર સખાવત કરી છે. ખંભાતના આ બંને ધનાઢયો ખંભાતનું હિત હૈયે ધરી પોતાથી બનતી તમામ મદદ કરે છે; તેમનો મુખ્ય ધંધો ઝવેરાતનો છે; અને તે મુંબઇ ખાતે ચલાવે છે.

# સ્વ. શેઠ ગુલામઅલી અબ્દુલકરીમ હોંગકોંગવાળા ઉર્ફે શેઠ નાનાભાઈ પેટીવાળા

ખંભાતના દાઉદી વહોરા કોમના શેઠ નાનાભાઈ પેટીવાળા ઘણા સહદયી, ઉદાર, મિલનસાર અને સેવાભાવી હતી. ખંભાતમાં વહોરા કોમનાં પ્રસુતિ ગ્રહ, મદ્રેસા, નિશાળ, મુસાફરખાનુ વગેરે કોમનાં સાર્વજનિક સ્થાનોને તેઓએ સારી મદદ કરી હતી, તે ઉપરાંત શહેર કે ગામડામાંથી કોઇપણ અન્ય કોમનો માણસ કાંઇ ઇચ્છાથી તેમની પાસે જાય તો તેને આપ્યા સિવાય નાનાભાઇ રહેતા નથી. એવી તેમની ઉદારતાની છાપ પડી હતી.

આ ગૃહસ્થનું તા. ૭-૯-૬૨ શુક્રવારે રાત્રે ૧ વાગે હૃદય બંધ પડી જવાથી અવસાન થયું.

આ વહોરા કોમમાં નોંધપાત્ર પુરુષ હતા.



## શ્રી ચંદ્રકાન્ત શનાલાલ ઝવેરી

ખંભાતમાં પીઠના સુતારવાડામાં રહેતા સ્વ. શ્રી મગનલાલ હેમચંદ્રનું નામ પ્રખ્યાત છે. તેઓ ઘણાં વર્ષો સુધી ખંભાત મ્યુ.માં સભાસદ હતા. શ્રીમદ્ રાજચંદ્રના પરમ ભક્ત શ્રી અંબાલાલ લાલચંદના તેઓ કુટુંબી થાય; આ કુટુંબમાં તા. ૪–૯–૩૬ શ્રી ચંદ્રકાન્ત નો જન્મ થયો છે; બાળપણમાં પિતા શનાલાલ ચાલ્યા ગયા હતા. માતા જશોદાએ તેમને પ્રાથમિક તથા માધ્યમિક અને કૉલેજની કેળવણી આપી; વંશપરંપરાનો ઝવેરાતનો ધંધો સ્વીકાર્યો છે. શ્રીમદ્ રાજચંદ્રના સંસ્કારોથી તેઓ વિભુષિત થયેલા છે.

ખંભાતના જાહેરજીવનમાં તેઓ સારો રસ ધરાવે છે. લાયન્સ કલબના સને ૧૯૬૯–૭૦ માં પ્રમુખ હતા. તે વખતે જાહેર જનતાની સારી સેવા બજાવી હતી. સને ૧૯૭૧ માં તેઓ કેમ્બે એજ્યુકેશન સોસાયટીના ઓ. સેક્રેટરી તરીકે છે; તે દરમિયાન માધવલાલ હાઈસ્કૂલનું ઉદ્દઘાટન કરાવ્યું તથા કેમ્બે સ્કૂલના કંપાઉંડમાં ઓપન થીયેટરનો પાયો નંખાયો છે; આમ તેમની પ્રવૃત્તિ ખંભાતના ઉત્કર્ષમાં રહી છે.



## શ્રી ચંદુલાલ અંબાલાલ ઝવેરી

તેમના પિતાનું નામ અંબાલાલ ગોરધનદાસ, ને માતાનું નામ ઈચ્છાબેન. તેઓ ધાર્મિક વૃત્તિ ધરાવે છે. ધંધો ઝવેરાતનો કરે છે. જ્ઞાતિની ઉન્નતિ કરવામાં, વિદ્યાર્થીઓને મદદ કરવામાં તેઓ ઉત્સાહી છે. વિદ્યાને ઉત્તેજન આપનાર છે. તેમનો જન્મ ૧૨–૬–૧૯૧૭માં થયો છે.

# સ્વ. શ્રી ચીમનલાલ મોહનલાલ પરીખ

( અવસાન ૧૯૬૪ )

ખંભાતની પ્રતિષ્ઠિત પેઢી 'પીતાંબર રામજી'ના એ નબીરા હતા. જ્ઞાતિએ લેવ્વા પાટીદાર હતા; શરાફી પેઢી ખંભાત અને મુંબઇ ચાલતી હતી. તેમનાં માતાપિતા વૈષ્ણવધર્મ પાળનારાં હતાં; ખંભાતના વૈષ્ણવ મંદિર અને બેઠકમાં તેઓ કાયમ ભક્તિ કરતા; સમાજસેવા, દેશસેવા કરવા તે હરહંમેશ તત્પર રહેતા. ખંભાત મ્યુ.ના તે વાઈસ પ્રેસિડેન્ટ હતા જનરલ હોસ્પિતાલ–ખંભાતના તેઓ માનદ મંત્રી હતા. ખંભાતમાં નેત્રયજ્ઞ સમયે તેમણે ઘણી સેવા આપી હતી; સાધુસંન્યાસી કે કોઈ પ્રવચનકાર આવે ત્યારે તેઓ તેમની સેવામાં હાજર હોય, સદ્‌બોધવચનો સંગ્રહી લેતા. શિક્ષણના કાર્યમાં તેઓ ઘણોજ રસ લેતા. વિદ્યાર્થીઓને સારી રકમ આપતા. રજની પારેખ આર્ટ્સ કોલેજમાં તેમના ભાઈ માણેકલાલે રૂ ૮૧૦૦૦ ની ઉદાર સખાવત કરી તે (સંયુક્ત કુટુંબ) તેમને આભારી છે. જ્ઞાતિનાં બાળકોને પાઠ્યપુસ્તકો આપવા ફંડ કરવું; જ્ઞાતિની મિલ્કતો સંભાળવી; યોગ્ય પુરૂષોનું સન્માન કરવું; આમ અનેકવિધ સેવાઓ તે કરતા. તેમના બીજા ભાઈઓ પણ તેમની આમન્યા પાળી, તેમના પગલે ચાલતા. આ કુટુંબની કીર્તિ ઘણી છે; તેમની મુંબઈમાં પેઢી છે; પણ



ચીમનલાલ ખંભાત ખાતે રહેતા અને ખંભાતના સામાજિક કાર્યોમાં તે જોડાતા. ખંભાત પ્રજામંડળ કે કેમ્બે એજ્યુકેશન સોસાયટી વગેરે જાહેર સંસ્થાઓમાં તે પ્રમુખ અને ઉપપ્રમુખ તરીકે રહેતા. તે તેમની કાર્યદક્ષતા, નિખાલસ હૃદય, મિલનસારપણું વગેરે દર્શાવે છે. તેઓ તા. ૨–૩–૬૪ ના રોજ ખંભાત ખાતે અવસાન પામ્યા

# સ્વ. શ્રી ચીમનલાલ વાડીલાલ

ખંભાતના વતની અને વેપાર અર્થે મુંબઇમાં વસવાટ કર્યો હતો. મુંબઈમાં ખારેક બજારની જાણીતી પેઢી મેસર્સ નટવરલાલ મોહનલાલ એન્ડ કું. ના ભાગીદાર હતા. તેમને આ વ્યવસાયમાં સારી કમાણી થઈ. તેઓ ઉદાર સ્વભાવના હતા. પોતાની કમાણીમાંથી સદ્‌માર્ગે નાણાં વાપરવા વિચારી ખંભાત જનરલ હોસ્પિતાલમાં દરદીના સગાંવ્હાલાંને રહેવા માટે આરામગૃહના દસ ઓરડા ઈ.સ. ૧૯૫૯માં બાંધી આપ્યા. જેમાં તેમણે રૂ. ૨૬૦૦૧નું દાન કર્યું.

તેમના સ્વર્ગવાસ પછી તેમનાં ધર્મપત્ની શ્રી પુષ્પાબેન ચીમનલાલ પોતાના પતિના સ્મરણાર્થે ખંભાતમાં લૉ કોલેજ કાઢવા માટે ખંભાત તાલુકા સાર્વજનિક મંડળને રૂ. ૭૧૦૦૦નું દાન કર્યું અને તે કોલેજ શરૂ થઇ.

ખંભાતને પોતાનું વતન માનનારા જે ઉદાર ગૃહસ્થો છે તેમાં શ્રી ચીમનલાલભાઈની ઉદારતા સદા જ્વલંત રહેશે. તેઓ તા-૧૧-૩-૬૫ના રોજ મુંબઈમાં મોટરો અકસ્માતથી દેવલોક પામ્યા. તેઓ સાકું ગામાં રહેતા હતા. જ્ઞાતિએ જૈન હતા.

# શ્રી ચીમનલાલ પ્રાણજીવનદાસ શાહ



પિતાનું નામ પ્રાણજીવનદાસ શાહ; માતાનું નામ મોતીબેન; તેમનો જન્મ ખંભાતમાં સને ૧૯૦૪માં થયો હતો. જ્ઞાતિએ શ્રી દશાશ્રીમાળી જૈન છે. તેઓ શ્રીએ ફર્સ્ટઈયર આર્ટસ સુધી અંગ્રેજી કેળવણી લીધી છે; તેમનાં પત્નીશ્રીનું નામ ચંપાબેન છે; તેઓશ્રીને બે પુત્રો અને ત્રણ પુત્રીઓ છે; મુંબઇમાં વીમા એજન્ટ તથા કાગળ તથા સ્ટેશનરીનો મોટા પાયાપર વેપાર કરે છે;

સાધારણ વેપારી કુટુંબમાં જન્મ થયો હતો. વિ. સ. ૧૯૫૬ના કારમા દુકાળ દરમિયાન ગામડાઓની ઉઘરાણી વસુલ ન થતાં પિતા ભારે આર્થિક મુશ્કેલીમાં આવેલા વળી માતાનો સ્વર્ગવાસ પણ થયો; જેથી પિતાને માથે બધી જવાબદારી આવી પડતા મુંબઈ શહેરમાં આવીને વસાવાનું થયું આર્થિક પરિસ્થિતિનો જેમ તેમ સામનો કરતાં કોલેજના એક વર્ષ સુધીનો અભ્યાસ કરી શકયા અને પછી ન છુટકે વેપારમાં જોડાવાનું થયું.

શ્રી ચીમનલાલે ધંધાની શરૂઆત વિમાના કામ કાજથી કરી. ૧૯૩૮ થી "ચીમનલાલ પેપર કું." નામની કાગળની વેપારની પેઢીની શરૂઆત કરી અને પરદેશોમાંથી આયાત કરેલા ઊંચી જાતના કાગળનો વેપાર શરૂ કર્યો. અને ટુંક સમયમાંજ ધંધા અંગેનો કાબુ જમાવી બજારમાં તથા ગ્રાહકોમાં આગવું સ્થાપ્રાત્ત કરી લીધું ધીમે ધીમે કામ વિસ્તૃત કરતાં "શ્રી ગોપાલ પેપર મીલ્સ લી. (પંજાબ"ના મુંબઈ રાજ્યના અધિકૃત વિક્રેતા નિમાયા. અને કાગળના ધંધાની જરૂરિયાતોનો ઝીણવટ ભરી દ્રષ્ટીએ અભ્યાસ મેળવ્યો; અને મોટી મોટી વેપારી પેઢીઓ, છાપખાનાઓ તથા સરકારી કંપનીઓ–જેવી કે "એર ઇન્ડીયા લાઇફ ઇન્સ્યોરન્સ કોર્પોરેશન; બોમ્બે પોર્ટ ટ્રસ્ટ એટમીક એનર્જી વિ. માં પોતાની શાખા જમાવી. ૧૯૪૫માં જ્યારે મુંબઇના કાગળ બજારના વેપારીઓનું મંડળ રચાયું ત્યારે તે મંડળની રચના કરનારા મુખ્ય સભ્ય હતા. તે પછી ધંધો વિસ્તૃત બનતાં તેમણે બીજી પેઢી નામે "ધી બોમ્બે કલકત્તા પેપર એન્ડ જનરલ કું. લી. ની શરૂઆત કરી; અને તેના તેઓ કાયમી ચેરમેન બન્યા. તેઓ પેપર ટ્રેડર્સ એસોસીયેશન મુંબઇના પહેલા ઉપપ્રમુખ તરીકે ચુંટાયા અને તે પછી ૧૯૫૮-૫૯માં તેઓની એસોસીયેશનના પ્રમુખ તરીકે વરણી થઇ ઇ. સ. ૧૯૫૯ માં ઓલ ઈન્ડીયા ફેડરેશન ઓફ પેપર ટ્રેડર્સ એસોસિયેશન ઓફ ઈન્ડીયાની મુંબઇમાં તેમણે

પ્રથમ કોન્ફરન્સ મેળવી અને સ્વાગત સમિતિના પ્રમુખ નિમાયા. આ પ્રથમ કોન્ફરન્સના પ્રમુખ તરીકે માનનીય સ્વ. શ્રી લાલબહાદુર શાસ્ત્રી હતા. તેઓએ પેપર એસોસિયેશનના નેતૃત્વ નીચે જાહેર લીમીટેડ કું. નામે "ધી ન્યુઝ પ્રીન્ટ ટ્રેડીંગ એન્ડ ડીસ્ટીબ્યુટીંગ કું. લી." સ્થાપી અને તેના તેઓ પ્રથમ ચેરમેન બન્યા. આ કંપની "યુનિયન ગવર્નમેન્ટ" તથા "સ્ટેટ ટ્રેડીંગ કોર્પો. ઓફ ઇન્ડીયા" દ્વારા માન્ય બની. ઉત્તરોત્તર પચીસ વર્ષ કરતાં વધુ સમયમાં "ચીમનલાલ પેપર કું." એ ભારત તથા પરદેશોમાં કાગળની ઊંચી જાતોના ઉત્પાદન વિષેના ખ્યાલો વગેરેનું ઉત્પાદકોમાં મહત્ત્વનું નામ મેળવ્યું.

છેલ્લે છેલ્લે યશકલગીરૂપ મુંબઇમાં યોજાએલા "OUR HERITA CF" ના ભવ્ય પ્રદર્શનમાં હાથ બનાવટના કાગળોમાંથી બનતી વસ્તુઓનો સ્ટોલ યોજી તેમાં સુંદર કલાત્મક ચીજોનું નિર્માણ કરી વેચાણમાં મૂકી; જેને સારો એવો આવકાર મળ્યો, અને જે બદલ ભારતના માનનીય રાષ્ટ્રપતિ શ્રી રાધાકૃષ્ણન્ તરફથી "ચીમનલાલ પેપર કું." ને ચાંદીનો ચંદ્રક એનાયત થયો હતો.

તેમને બે પુત્રો અને ત્રણ પુત્રીઓ છે. તેઓએ મેળવેલા પોતાના અનુભવો અને જ્ઞાન તેઓ તેમના સુપુત્રો શ્રી અરવિંદભાઇ તથા શ્રી હસમુખભાઇને આપી રહ્યા છે અને વિકાસ સાધી રહ્યા છે.

## —: સેવાઓ :—

૧. '**ખંભાત લોકસમાજ—મુંબઈ**' નામની સંસ્થાની સ્થાપના ૧૯૫૪માં કરી; જેના મંત્રી તરીકે વર્ષો સુધી ચાલુ રહ્યા. આ સંસ્થા મારફત ખંભાત બંદર અંગે પ્રચાર સમિતિ તરફથી એક મેમોરેન્ડમ તૈયાર કરેલું, જે તે વખતના મધ્યસ્થ સરકારને તથા મુંબઇ સરકારને મોકલવામાં આવેલું અને બંદર અંગેની પ્રવૃત્તિઓ ચાલુ કરેલી. ઉપરાંત ખંભાત માટે રેલ્વે વ્યવસ્થા, ટેલિફોન સુવિધા વગેરે પ્રશ્નોમાં રસ લઈને સફળતા મેળવેલી.

૨. **ખંભાતમાં ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ સ્થપાય** તેની વર્ષોથી કાર્યવાહી કરી, અને હવે ખંભાતમાં ઈન્ડસ્ટીયલ એસ્ટેટ ગવર્નમેન્ટ મારફતે શરૂ થઇ ગયું

૩. તેમણે પોતાનું કૌટુંબિક ચેરિટી ટ્રસ્ટ કરી "શ્રી પ્રાણજીવન એજ્યુકેશન ચેરિટી ટ્રસ્ટ" મારફતે ખંભાતમાં લાલબાગ નારેશ્વર તળાવ પાસે એક મોટી ભવ્ય ઇમારતનું નિર્માણ કર્યું, જેમાં આજે સરકારના ઓઇલ ગેસ કમીશન દ્વારા "**ઓઈલ ટેકનોલોજી ઇન્સ્ટીટ્યુટ** ચાલુ છે.

૪. **ખંભાત એજ્યુકેશન સોસાયટી** તથા "કેમ્બે જનરલ હોસ્પીતાલ" ના તેઓ શરૂઆતથી જ ગવર્નીંગ બોડીના સભ્ય છે. તે સિવાય ખંભાતની બીજી સાર્વજનિક સંસ્થાઓમાં પણ રસ લેતા રહ્યા છે.

૫. **અન્ય સેવાઓ** શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહ મુંબઈ-ના હાલમાં તેઓ ઉપપ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે. "શ્રી મહાવીર જૈન વિદ્યાલય," તથા શ્રી મુંબઇ જૈન યુવક સંઘ" ની સંસ્થાઓમાં કાર્યવાહક સમિતિમાં સેવાઓ આપી રહ્યા છે.

પરદેશના પ્રવાસે તેઓએ આખા યુરોપના બધા દેશો જાપાન, સીંગાપોર વગેરેનો પ્રવાસ કર્યો છે. સાહિત્ય વિષે ખૂબ જ રસ ધરાવે છે. અને સંગીત માટે પણ ઊંડો રસ ધરાવે છે. રમતગમતમાં ક્રિકેટ, ટેનીસ જેવી રમતોમાં પણ સારો શોખ ધરાવે છે. અને ક્રિકેટ કલબ ઓફ ઈન્ડીયાના તેઓ વર્ષોથી સભ્ય છે.

વળી ખંભાતમાં ઓપનથિયેટર બાંધવા માટે રૂ. ૪૦,૦૦૦ ની ઉદાર સખાવત કેમ્બે એજ્યુકેશન સોસાયટીને સને ૧૯૭૨ માં કરી.

# સ્વ. શેઠશ્રી ચુનીલાલ ગિરધરલાલ



જ્ઞાતિ = દશા અડાલજા મોઢવણિક

તેઓશ્રીનો જન્મ તા. ૨૭મી ઓગષ્ટ સને ૧૮૮૫માં માં થયો હતો. તેમના પિતાશ્રીનું નામ શેઠ શ્રી ગિરધરલાલ મથુરાંદાસ.

ખંભાત હાઈસ્કૂલમાં કેળવણી લીધી. બાદ તેઓ શ્રી મુંબઈના કોલસાના જાણીતા વેપારી શેઠ ચુનીલાલ હરિલાલ એન્ડ કંપનીમાં સને ૧૯૦૮માં જોડાયા પછી સને ૧૯૧૫માં તે કંપનીમાં ભાગીદાર થયા. સને ૧૯૨૬માં તેમણે મેસર્સ ચુનીલાલ ગિરધરલાલ એન્ડ કં. ની સ્થાપના કરી; પોતાનો ધંધો શરૂ કર્યો સને ૧૯૩૪માં તેમણે બેઉ પેઢીઓ જોડી દઈ ચુનીલાલ મણીલાલ લીમીટેડ નામની કંપની સ્થાપી; પછી શેઠ રામદેવ પોદાર, શેઠ ધનજી દેવશી અને મી. એન. એન. વી. ખાંડવાળાની સાથે મળી તેમણે શ્રી શક્તિ સીલ્ક લીમીટેડ નામની કંપની સ્થાપી. તેના તેઓ ચેરમેન છે. કેમ્બે (ખંભાત) એજ્યુકેશન સોસાયટીના તેઓ પ્રમુખ છે. તથા કેમ્બે હિન્દ મરચન્ટ કો. ઓ. બેંક લી. ના પ્રમુખ છે. તેમને શહેનશાહ પાંચમા જ્યોર્જ સીલ્વર જ્યુબીલી પ્રસંગે મેડલ મળ્યો છે.

ખંભાતની ઉન્નતિ કરવામાં તેઓનો અપૂર્વ પ્રયાસ ગણાય છે. જે વિદ્યાર્થીઓ નાણાંકીય અભાવે વધુ અભ્યાસ કરી શકતા ન હોય તેમને તેઓ સ્કોલરશિપ ઘણાં વર્ષોથી આપતા આવ્યા છે; આથી ઘણા વિદ્યાર્થીઓ તેમના આભારી છે. ખંભાત એજ્યુકેશન સોસાયટીની સ્થાપનામાં તેઓશ્રી છે; તે તેના પ્રમુખ તરીકે તેના સંચાલનમાં ઘણુંજ કર્યું છે. સોસાયટીના મકાન ઉપર તેઓશ્રીએ '**ચુનીલાલ હોલ**' ઈ. સ. ૧૯૩૯માં બંધાવી આપી ખંભાતમાં ભાષણના સ્થાનની ખોટ હતી તે તેઓશ્રીએ પૂરી પાડી; નવી હાઈસ્કૂલ બાંધવામાં તેઓનો ફાળો સારા પ્રમાણમાં છે; વળી શહેરની મહીલાઓને સુવાવડ પ્રસંગોએ થતી હેરાનગતિને ધ્યાનમાં લઈ તેઓશ્રીએ સૂતિકા ગૃહની સ્થાપના કરી; તેમાં શરૂઆતનાં વર્ષોમાં સૂતિકાગૃહનું ખર્ચ તેમણે આપ્યુ, સૂતિતિકાગૃહના નવામકાનમાં પણ પંદર હજારની રકમ આપી તથા સ્વ. પત્ની જયાગૌરીના સ્મરણાર્થે સોસાયટીમાં રૂા. ૨૫૦૦ ની રકમ મૂકી; કે જેના વ્યાજમાંથી મહીલાઓના મેળાવડામાં તે રકમ કામ લાગે વળી ભગિની સમાજ ઊભી કરવામાં; તથા તેને સહાય કરવામાં; તથા મકાન મેળવવામાં તેમણે ઘણી મહેનત કરી છે. કોલેજો શરૂ થઈ તેમાં પણ મોટી રકમની મદદ કરી છે.

ખંભાતનું હિત તેમની રગેરગમાં હતું; તેઓ ખંભાતની ઉન્નતિના એકએક કામમાં તન, મન ધનથી મદદ કરતા; શકય બને તેટલું બધું કરી છુટતા;

મુંબઈમાં એસ્ટ્રેલા બેટરીલી. કારખાનું કાઢવા

માં આવ્યું; સને ૧૯૬૫માં તેનો ૨૫વર્ષનો રૌપ્ય મહોત્સવ સારી રીતે ઉજવ્યો. આ હિતચિંતક સદ્‌ગૃહસ્થનું ખંભાત મુકામે તા-૧૨-૨-૬૭ના રોજ અવસાન થયું. ખંભાતની પ્રજાએ અશ્રુભરી આંખે તેમને શ્રદ્ધાંજલી આપી.

ખંભાતની જનરલ હોસ્પિતાલ ની રૌપ્ય જયંતિ પ્રસંગે; તેમના સુપુત્રો શ્રી શાંતિલાલ તથા શ્રી હર્ષદભાઇએ રૂ. ૭૫૦૦૦/નું દાન કરી સ્વ. પિતાશ્રી ચુનીલાલ ગિરધરલાલની પુણ્ય સ્મૃતિ સાચવી. અને ઓપ્થેલમિક વિભાગ હોસ્પિતાલમાં શરૂ કર્યો. જે તેમનું કાયમનું સ્મરણ રહેશે.

## સ્વ. શ્રી ચુનીભાઇ જેઠાભાઇ અમીન આર. એસ. લો. તારાપુર

તેઓશ્રી તારાપુરના વતની હતા. તેઓશ્રીએ તારાપુર માટે મોટી રકમનું દાન કર્યું છે. તેઓ ઉત્તર અવસ્થાનામાં હરદ્વારમાં ભક્તિમાર્ગમાં જીવન ગાળતા હતા. તેઓ ૮૫ વર્ષની વયે ગુજરી ગયા. પોતાની પાછળ મોટું કુટુંબ મૂકી ગયા છે. તારાપુર અને ખંભાત ઉપરાંત ગુજરાતમાં તેઓ જાણીતા

તા. ન સં. ૧૦-૯-૬૪

## સ્વ. શેઠશ્રી ચુનીલાલ ત્રિભુવનદાસ લાદીવાળા

ખંભાતમાં ઊંચીશેરીમાં સને ૧૯૪૩માં સૂતિકા-ગૃહ શરૂ કરવામાં આવ્યુ; પ્રથમવર્ષનો ખર્ચ તો શેઠ ચુનીલાલ ગિરધરલાલે આપ્યો હતો; પરતું ઉઘરાણું કરતા શેઠ ચુનીલાલ ત્રિભુવનદાસના ટ્રસ્ટીઓએ ડીસ્પેનસરી માટે રૂા. ૪૧૦૦૧ ઉદાર સખાવતા કરી હતી. તેમનું નામ ડીસ્પેન્સરી સાથે સાથે જોડવામાં આવ્યુ છે.

## સ્વ. શ્રી છોટાલાલ હરિવલ્લભદાસ શાહ

જન્મ : ઇ. સ. ૧૮૯૯

મરણ : તા. ૧૬-૧૧-૧૯૫૯

જ્ઞાતિ : ખંભાતના મોઢ વણિક

ખંભાતની દેવનીપોળના રહેનાર શ્રી છોટાલાલ હરિવલ્લભદાસ શાહે ખંભાતની શોભામાં વધારો કર્યો છે. તેઓશ્રીએ ગવારાના દરવાજે સરદારશ્રીની પ્રતિમા તથા ટાવર અને લાલ દરવાજા આગળ પૂજ્ય ગાંધીજીની પ્રતિમાઓ મૂકી છે. તેની નીચે લખે છે કે—

૧ "શેઠ હરિવલ્લભદાસ નરોત્તમદાસના પુત્ર શ્રી છોટાલાલ હ. શાહ તરફથી આ બાંધકામ તેમજ મહાત્મા ગાંધીજીની પ્રતિમા માટે રૂ. ૭૦૦૧ અંકે રૂપિયા સાત હજાર એક ખંભાત મ્યુનિસિપાલીટીને અર્પણ કરવામાં આવ્યા છે.

તા. ૨૫-૧-૧૯૫૦—ખંભાત મ્યુનિસિપાલિટી"

૨ સરદાર વલ્લભભાઈ પટેલના સ્મારક અર્થે એઓશ્રીની પ્રતિમા તથા ટાવર સહિત બાંધકામ માટે રૂ. ૧૯૦૦૧ અંકે ઓગણીસ હજાર એક સ્વ. શેઠ શ્રી હરિવલ્લભદાસ નરોત્તમદાસના સુપુત્ર શ્રી છોટાલાલ એચ. શાહે બી. કોમ (ગુજરાત વિદ્યાપીઠ) ઓડીટર તરફથી ખર્ચ કરી ખંભાત મ્યુનિપાલિટીને અર્પણ કરવામાં આવે છે. તા. ૧૩ જૂન ૧૯૫૬

૩ હરિજન પ્રવૃત્તિમાં રૂ. ૨૦૦૦ આપ્યા.

૪ ખંભાત સુતિકાગૃહમાં રૂ. ૧૦૦૦ આપ્યા.

૫ જ્ઞાતિના કેળવણી ફંડમાં દરમહીને રૂ. ૫૦ આપ્યા.

૬ ચરોતર કેળવણી મંડળમાં રૂ. ૧૦૦૦ આપ્યા.

૭ સરદાર છાત્રાલયમાં રૂ. ૫૦૦ આપ્યા.

૮ ખંભાત એસ. એસ. સી. સેન્ટરમાં આવેલા વિદ્યાર્થીઓના ભોજન ખર્ચમાં રૂ. ૬૫૦ આપ્યા.

શ્રી છોટાલાલ નાનપણમાં સામાન્ય માનવી પેઠે ઉછર્યાં હતા. નડિયાદમાં અભ્યાસ કરેલો. ૧૯૨૧ની સત્યાગ્રહની ચળવળમાં ગુજરાત કોલેજનો ત્યાગ કરી ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયા. દેશપ્રેમ અને દેશદાઝ તેમના હૈયામાં ખૂબ ધબકતાં હતાં. તેઓ એક જ્વલંત વિદ્યાર્થી હતા. તેમને માટે સારીજગાઓ મળતી પરંતુ તેઓએ સ્વતંત્ર ધંધો સ્વીકાર્યો અને મુંબઈ માં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને ઓડીટરની ઓફીસ ખોલી. પ્રમાણિક પણું અને દૃઢતાપૂર્વક કામ કરવા ની શક્તિથી તેઓ એ સારી લક્ષ્મી અને કીર્તિ પ્રાપ્ત કરી.

# સ્વ. શ્રી જમનાદાસ મોતીલાલ પટેલ

— મ્યુનિ. પ્રમુખ ૧૯૪૩ થી ૧૯૪૮

ખંભાતમાં પાટીદાર જ્ઞાતિના સુપ્રતિષ્ઠિત, લક્ષ્મી વાન અને બાહોશકાર્યકર તરીકે તે વિખ્યાત હતા. 'પરશુભીખાવાળા'નું કુટુંબ ખંભાતમાં ઘણું જાણીતું છે; તે કુટુંબના તે હતા. સને ૧૯૪૫માં ખંભાતની પ્રજા તરફથી તેઓ ખં. મ્યુ. માં ચુંટાઇ ને આવ્યા. આ વખતે પ્રજાના ચુંટાયેલા માંથી પ્રમુખની નીમણુંક કરવાની હતી; જેમાં તેઓ પ્રથમ પ્રજાકીય પ્રમુખ તરીકે ચુંટાઈ આવ્યા. તેઓ બહુ ઠરેલ, મોભાદાર બુદ્ધિશાળી અને કાર્યદક્ષ હતા. પ્રજા હિતનાં કામોમાં તે સમય પ્રમાણે તેમણે સારો રસ લીધો. તેમનો વ્યવસાય મુંબઈ ખાતે હતો. છતાં તેઓ ખંભાત અને મુંબઈ બંને સ્થળની પ્રવૃત્તિમાં સારો રસ ધરાવતા. તેઓ ૭૬ વર્ષની વયે તા. ૩-૧-૧૯૫૨ ના રોજ સ્વર્ગવાસી થયા. ત્યારે ખંભાત શહેર તથા મ્યુ. તેમને અંજલી આપી હતી.

# શેઠ શ્રી જયંતિલાલ મગનલાલ વખારિયા

(શ્રી વખારિયા પરિવાર)

ખંભાતમાં જે જે કુટુંબો વિખ્યાત થયાં છે તેમાં 'વખારિયા કુટુંબ' એક છે. કુટુંબના વડા શ્રી મગનલાલ નથુભાઈ બહુ ધર્મપ્રેમી અને પરોપકારી હતા; તેમ તેમનાં ધર્મપત્ની શ્રી મોતીબાઇ પણ તેવાં જ હતાં. આ કુટુંબ મૂળ ધોળકાથી ખંભાત આવેલું અને ખંભાતમાં અલીંગમાં નિવાસ કરેલો. ધોળકામાં તેમણે કુવા, હવાડા, બાગ, બગીચા વગેરે અનેક લોકોપયોગી કામો કર્યાં છે.

આ ધર્મપ્રેમી દંપતીના સુપુત્રો શ્રી પ્રાણલાલ શ્રી નીખિલાલ, શ્રી જયંતિલાલ, શ્રી ચંદુલાલ તથા રમણલાલ એ સઘળા શ્રદ્ધાવાળા; ધાર્મિકકાર્યમાં; પરોપકારમાં અને બીજા અનેક જનહિતના કાર્યમાં ભાગ લઇ ખંભાતને જ્વલંત કર્યું છે.

સને ૧૯૪૧ – વિ. સં. ૧૯૯૭માં ખંભાત નજીક મેતપુર ગામે ત્યાંના શ્રી હરિશંકર શિવાલયને શિખરબંધી કરાવી જીર્ણોદ્ધાર કરાવ્યો. તથા તેની બાજુમાં 'મોતીબાઈ ધર્મશાળા' બંધાવી ગામને સગવડતા કરી આપી; આ મહાન કાર્યથી મેતપુરની પ્રજાએ તેમનું ભવ્ય સન્માન કર્યું હતું. (તા. ૨૧-૮-૧૯૪૧ ) વળી ખંભાતમાં વિષ્ણુયાગ, શત-

ચંડીમહાયજ્ઞ, મહારુદ્રયજ્ઞ, ગીતાજયંતિ મહોત્સવ વગેરે અનેક ધાર્મિક કાર્યો તેમણે કર્યાં છે. સને ૧૯૭૧ સંવત ૨૦૨૭ ના ફાગણ સુદ–૨ થી "ભાગવત સપ્તાહ" સ્ટેશન પાસેના પોતાના બંગલાના પટાંગણમાં ઘણી મોટી ધામધૂમથી કર્યો હતો જેમાં હજારો લોકોએ લાભ લીધો હતો.


સંત પુરુષોની સેવા એ એમના કુટુંબનો પરમ ધર્મ છે. કૈ. શ્રી વિદ્યાનંદજી મહારાજ વિ. સં. ૧૯૮૮ તથા વિ. સં ૧૯૯૭ માં એમ બે વખત ખંભાત પધાર્યા હતા. તથા મહામંડલેશ્વર શ્રી જયેન્દ્રપુરી મહારાજ વિ. સં. ૧૯૯૧માં તથા શ્રી શ્રી મહેશ્વરાનંદજી મહારાજ સને ૧૯૪૩માં ખંભાત પધાર્યા હતા આ સઘળા સંત પુરુષોની સેવા અને સત્કાર તથા સન્માનપત્ર વગેરે સઘળું કરી ભક્તિભાવનો આદર્શ રજુ કર્યો હતો.

ભાઈશ્રી જયંતિલાલ બહુ બાહોશ કાર્યકર છે. તેઓ સને ૧૯૪૮માં પ્રજા મંડળના પ્રમુખ હતા. તે પછી પ્રજામંડળનું સને ૧૯૪૮ માં વિસર્જન થયા પછી ખંભાત તાલુકા કોંગ્રેસ સમિતિ સ્થપાઈ; તેના તે પ્રમુખ થયા. આ દરમિયાન તેમણે ખંભાત તાલુકાના ગામોની સેવા કરવાનો સારો લાભ લીધો હતો. પછી મુંબઈની ધારાસભા શરૂ થતાં; સરકારે નિમેલા ખંભાતના પ્રતિનિધિ તરીકે તેઓ ગયા હતા; ત્યાં તેમણે ખંભાતને લગતા પ્રશ્નો મૂકયા હતા; પહેલી ધારાસભાની ચૂંટણી સને ૧૯૫૨માં થઈ ત્યારે તેઓ ખંભાત માતર વિભાગની બેઠક માટે સ્વતંત્ર ઉમેદવારી જાહેર કરી હતી.

આમ આ કુટુંબ ધાર્મિક, રાજકીય અને સામાજિક ક્ષેત્રનાં કામો કરવામાં આગળ પડતું છે.

### ગાંધી વિચારસરણી ધરાવનાર આજીવન લોકસેવક

## શ્રી જટાશંકર ત્ર્યમ્બકરામ ભટ્ટ



શ્રી જટાશંકરના પિતાનું નામ ત્ર્યમ્બકરામ મોતીરામ ભટ્ટ છે અને માતાનું નામ ધીરજબેન છે; તેમનો જન્મ વિ સં. ૧૯૬૬ના અશાડ સુદ ૧૧ ૧૮-૭-૧૯૧૦ ના રોજ થયો છે; તેઓ જ્ઞાતિએ શ્રીગૌડ બ્રાહ્મણ છે; તેમણે પ્રાથમિક અને માધ્યમિક અભ્યાસ ખંભાતની શાળાઓમાં કરેલો સ્કાઉટીંગ કામ તેમને ઘણું પ્રિય હતું; સં ૧૯૭૯ માં તેમનાં લગ્ન જયાગૌરી સાથે થયાં.

તેઓ વિદ્યાર્થી અવસ્થામાં હતા ત્યારથીજ ગાંધીયુગના વાતાવરણમાં રંગાઈ ગયા હતા; ભણવાનું છોડી દઈ સને ૧૯૩૦ની ધરાસણાની લડતમાં ઝંપલાવ્યું. વડદલાને સત્યાગ્રહનું થાણું બનાવી; આજુબાજુના ગામોમાં રાષ્ટ્રિયચેતન ભર્યું. સને ૧૯૩૨-૩૩ માં જમીન મહેસુલની 'નાકરની લડતમાં જોડાયા, તેમને છ માસની સજા ભોગવવી પડી; ૧૯૩૫માં

વીસાપુર જેલમાં ગયા; બોરસદ તાલુકાના કોંગ્રેસ સમિતિના મંત્રી તરીકે કામકર્યું; કોંગ્રેસ પત્રિકાઓ પ્રસિદ્ધ કરી; ૧૯૪૦ વ્યક્તિગત સત્યાગ્રહ કર્યો તેમાં ફરીથી વીસપુર જેલની (છ માસની) સજા થઈ; ૧૯૪૨ ભૂગર્ભ પ્રવૃત્તિ દ્વારા રાષ્ટ્રિય આંદોલન શરૂ થયાં; તેમાં ઘણાં પ્રકારનાં દુઃખો સહન કરવા પડયાં; સને ૧૯૪૭ માં ખંભાતમાં યુવકમંડળની સ્થાપના કરી; કોંગ્રેસ સમિતિની સ્થાપના કરી; સને ૧૯૪૮ માં ખરીદવેચાણ સંઘ, મજુર મહાજન સંઘ વગેરે ની સ્થાપના કરી; ખંભાત કેળવણી મંડળની રચના કરી અને ગામડાઓમાં જ્યાં જ્યાં શાળાઓ ન હતી ત્યાં શાળાઓ:સ્થાપી, કે જે પાછળથી જિલ્લા પ્રા. કે. બોર્ડમાં જોડાઇ ગઇ; હરિજન કામદાર મંડળ સ્થાપ્યું. ભૂદાનયજ્ઞના સંયોજક તરીકે કામ કર્યું; ખંભાત વિકાસ મંડળના પ્રમુખ તરીકે કામ કર્યું, આમ ખંભાત ની અનન્ય ભાવે પોતાની સેવા આપી છે. જીવનનું મૂલ્ય તેમણે દેશને માટે મૂક્યું છે.

સને ૧૯૬૩ માં ખંભાત તાલુકાના પ્રથમ પંચાયત પ્રમુખ થયા, તેમ સને ૧૯૬૪ માં બીજી વખત ચૂંટાઈને આવ્યા. આ દરયમિાન તેમણે ખંભાતનાં ગામડામાં ની ઘણી સેવા બજાવી છે. સને ૧૯૫૨ થી કોંગ્રેસ પક્ષની ચૂંટણીઓ થાય છે, તેમાં મૂળ કોંગ્રેસને જ વફાદાર રહીને પોતે કામ કર્યું છે. અને હજી તેજ સંસ્થાના (ગાંધીજીના આદર્શોની સંસ્થા) સિદ્ધાંતો માની સનિષ્ઠાથી કાર્ય કરી રહ્યા છે,

તેમના બાળકો સારી કેળવણી પામ્યા છે. અને તેઓમાં પણ સેવાનોગુણ ઉતર્યો છે.

## સ્વ. કવિ જટાશંકર રવિશંકર

ખંભાતના કવિ રેવાશંકર જયશંકરના તે ભાઇ થાય. તેમનો જન્મ વિ. સં ૧૯૨૪માં થયો હતો. તેમની માતાનું નામ ગિરજા હતું ને 'અભ્યુદય' નામે માસિકના તંત્રી હતા. ઘણો વખત વડોદરામાં વીરક્ષેત્ર મુદ્રણાલયના મેનેજર તરીકે કામ કર્યું હતું. પછી ખંભાતના દરબારી પ્રેસમાં મેનેજર તરીકે આવ્યા હતા. તેમણે બે ગ્રંથો રચ્યા છે. ને પ્રસિદ્ધ કર્યા છે.

[૧] વિસ્મયનગર સં. ૧૯૫૯ અને

[૨] વીરમતી સં. ૧૯૮૪

## શ્રી જશભાઈ જેઠાભાઈ અમીન તારાપુર

તારાપુર હોસ્પિતાલ માટે રૂ. ૫૧૦૦૦ (એકાવન હજાર) નું દાન (સને ૧૯૬૪) કર્યું એથી તારાપુર (તા. ખંભાત) માં આરોગ્ય અને સુખાકારી માટેની સગવડનું ઉત્તમ સાધન પ્રાપ્ત થાય છે. "જેઠાભાઈ દાજીભાઇ અમીન દવાખાનુ" તથા "હરીબા જેઠાભાઇ પ્રસુતિગૃહ" સને ૧૯૬૮માં શરૂ થયું.

# સ્વ. શેઠ જીવણલાલ મોહનલાલ પરીખ

(ઈ. સ. ૧૯૦૩—૧૯૬૬)



જન્મ વિ. સં. ૧૯૫૯ના જેઠ સુદ ૪ ઈ. સ. ૧૯૦૩ના દિવસે દશા પોરવાડ વણિક જ્ઞાતિમાં થયો હતો. પિતાનું નામ મોહનલાલ અને માતાનું નામ રૂક્ષ્મણી. તેઓશ્રીનો અભ્યાસ ગુજરાતી સાત ધોરણ સુધીનો તથા સામાન્ય રીતે અંગ્રેજી જાણે. પિતાજીની નાણાંવટીની દુકાન હતી. તેમાં પંદર વર્ષની ઉંમરે જોડાયાં. અને વીસ વર્ષની ઉંમરે રેલ્વે પાસેથી કોલસી લેવાનો કોન્ટ્રાક્ટ લીધો.

ઈ. સ. ૧૯૨૫માં પૂ. મહાત્મા ગાંધીજીની હાકલ પડતાં તેઓ નાગપુર સત્યાગ્રહમાં જોડાયા. સત્યાગ્રહમાં તેમને કેદની સજા થઈ; અને નાગપુર જેલમાં મૂકયા ત્યાંથી છૂટયા બાદ ખંભાતમાં કોંગ્રેસ યુવક મંડળના પ્રમુખ તરીકે કેટલાક વખત સુધી કામ કર્યું. વિ. સં. ૧૯૯૪માં દોઢ વર્ષ સુધી તેઓ બિમાર રહ્યા. તેમના કોલસીના કોન્ટ્રાક્ટના ધંધામાં તેમના બંને પૂત્રો શ્રી મનહરલાલ તથા શ્રી રજનીકાન્તને જોડયા. તેઓ સને ૧૯૪૯ની ચારે ધામની જાત્રાએ ગયા. ગંગા કિનારે ભરવાડી ગામની ગરીબ વસતી માટે હાઇસ્કૂલ બાંધવા માટે સારી રકમ આપી. વળી તેમની જ્ઞાતિનાં બાળકો માટે ફી તથા ચોપડીઓ અપાય છે તેમાં પણ સહાયક રકમ આપે છે. ખંભાતની ભગિની સમાજને **સિવવાના પાંચ** સંચા આપી સ્ત્રીઓને શિક્ષણના ઉત્તેજન આપ્યું.

શહેરના મુખદ્વાર પર "**શ્રી જીવણલાલ મોહનલાલ ધર્મશાળા** તથા **રૂક્ષ્મણીબા હોલ**" રૂ. ૪૦ હજારના ખર્ચે બંધાવી ખંભાત મ્યુ.ને અર્પણ કર્યો છે. સને ૧૯૫૭. તથા પોતાનાં ધર્મપત્ની "શ્રી ગુલાબબેન જ્યોતિ મહિલા સંઘ" નું મકાન ખંભાતમાં ગળી ફળિયા આગળ બંધાવી આપ્યું છે. (સને૧૯૬૦) તેમનું અવસાન ખંભાત મુકામે ૬-૧૧-૬૬ ના રોજ થયું. તેઓ મીલનસાર, વિદ્યાને ઉતેજન આપનાર ગૃહસ્થ હતા.

# શ્રી મનહરલાલ જીવણલાલ પરીખ

ખંભાતના સુપ્રસિદ્ધ દાનવીર શ્રી જીવણલાલ મોહનલાલ પરીખના બે સુપુત્ર છે; એક શ્રી મનહર લાલ અને બીજા શ્રી રજનીકાંત છે. મનહરલાલ વ્યવસાયને લીધે ગોધરામાં સ્થાયી રહે છે; છતાં ખંભાતની સંસ્થાઓમાં તે સારો ભાગ લે છે. તેઓ ગોધરાની સંસ્થાઓમાં તથા જ્ઞાતિમાં સારૂં દાન આપે છે. પિતાના પગલે ચાલે છે. તેમના ભાઈ રજનીકાંત ખંભાતમાં એક નામાંક્તિ ગણાય છે.

ખંભાતમાં એક સારી મોટી ધર્મશાળા બંધાવી ખંભાત મ્યુનિ ને અર્પણ કરી છે.

ખંભાતમાં "ગુલાબબહેન જયંતિ મહિલાસંઘ" બંધાવ્યું છે અને તે સંસ્થા સ્ત્રીઓના પ્રશ્નો ઉકેલવામાં મદદરૂપ થાય છે.

# શ્રી. જીવણલાલ માણેકલાલ

પ્રસૂતિ ગૃહ માટે દાતા (પ. સ. ૧૯૭૦)

ખંભાતના પીઠમાં તેઓશ્રીનો નિવાસ છે. તેઓ શ્રી વેપાર અર્થે મુંબઇ રહે છે. અને દવાનો મોટો વેપાર કરેછે. **બેન્જામીન સાડકાવાળા અને બ્રિટીશ ફાર્માસ્યુટીકલ લેબોરેટરીઝ** ના માલીક છે. તેઓશ્રીએ દવાના વેપારમાં સારૂં ઉપાર્જન કરી પોતાના વતનમાં તેઓશ્રીએ ઉદારતા બતાવી છે. અને ખંભાતની પ્રજાના લાભાર્થે પ્રસુતિગૃહ બાંધવા માટે સવાલાખની સખાવત તેઓશ્રીએ કરી છે. જ્ઞાતિએ મોઢ વણિક (દધારા જ્ઞાતિ) છે.

"માણેકલાલ લલ્લુભાઈ મેટરનિટિહોમ અને માણેકબેન જીવણલાલ પેથોલોજીકલ લેબોરેટરી" તેમના નામથી ગવારા ટાવર પાસે તા. ૬-૧૨-૭૦થી શરૂથી કરવામાં આવી છે.

# સ્વ. ઝીયાઉદ્દીન મોહંમદ ઉસમાન મોલવી

ખંભાત સ્ટેટ હતું ત્યારે તેઓ સ્ટેટની નોકરીમાં ૧૯૧૦ માં એડવોકેટ ની પરીક્ષા આપી. તેમને હતા. શરૂઆતમાં હાઈસ્કુલમાં શિક્ષક હતા. ફર્સ્ટ ક્લાસ મેજીસ્ટ્રેટની જગા ખંભાત કોર્ટમાં આપ પાછળથી તેમણે કાયદાનો અભ્યાસ કર્યો. અને સને વામાં આવી. આ જગા ઉપર તેઓ સને ૧૯૩૮ સુધી રહ્યા. પછી તેઓ પેન્શન પર ઉતર્યા, નોકરી દરમિયાન તેમણે લોકોની ચાહના સારી સંપાદન કરી હતી. વળી તેઓ ખંભાતના સુધરાઈ ખાતાના કામમાં સરકાર તરફથી નિમાતા; તેમ વૉટરવર્કસ વગેરે ખાતાં તે સંભાળતા.

# શ્રી ત્રિભુવનદાસ દાજીભાઇ બારોટ

ખંભાત મુખ્ય નિશાળના હેડમાસ્તર તરીકે તા. ૧-૭-૧૮૯૫ થી તા. ૩૧-૧૦-૨૮ સુધી એકધારી ૩૩ વર્ષ ૬ મહીના સુધી નોકરી બજાવી જેઓને કિન્ડરગાર્ડ પદ્ધતિ શિખવા માટે સરકારે અમદાવાદ મોકલ્યા હતા. ( સને ૧૯૦૩ ) તેઓના હાથ નીચે હજારો વિદ્યાર્થીઓ ભણી ગયા છે, શિખવવાની શૈલી ઘણી પ્રશંસનિય હતી, કે જેથી આજે પણ તેમને યાદ કરે છે; તેઓ જ્ઞાતિએ બારોટ હતા; અને સ્વામિનારાયણ ધર્મના ચૂસ્ત અનુયાયી હતા; નિવૃત્ત થયા પછી સરકારે તેમને ખં. મ્યુ. માં સભ્ય તરીકે નીમ્યા હતા. એક બાહોશ શિક્ષક તરીકે તેમણે નામના મેળવી હતી.

# શા. ઠાકોરલાલ બાપુલાલ થાણાવાળા

ખંભાતના પ્રતિષ્ઠિત પુરુષોમાં થાણાવાળાનું કુટુંબ ગણાય છે. ઊંચીશેરી ખંભાતમાં શાહ બાપુલાલ મોરલીધરદાસ રહેતા હતા. તેમના પુત્રોમાં શ્રી હરિલાલ તથા ઠાકોરલાલ હતા. તેમણે વેપાર અર્થે થાણામાં વસવાટ કર્યો; અને ત્યાં "બી. થાણાવાળા એન્ડ સન્સ લી"–નેશનલ રોપ મેન્યુફેકચરર્સ. નું કારખાનું શરૂ કર્યું. દિવસે દિવસે તેનો સારો વિકાસ થયો, અને અદ્યતન અને પ્રતિષ્ઠિત કારખાનું ગણાય છે. શ્રી ઠાકોરલાલ ઘણી ધાર્મિક વૃત્તિના અને ઉદાર હતા. તેમનું અવસાન તા. ૧૪-૧-૬૭ ના રોજ થાણા મુકામે થયું. તેમને ત્રણ પુત્રો અને ત્રણ પુત્રીઓનું કુટુંબ છે. વરીઆ કુટુંબમાં શ્રી રમણભાઇ, કાન્તિભાઇ, બાબુભાઈ, કૃષ્ણકાંતભાઇ, હસમુખભાઇ વગેરે ઘણા હોશિયાર, બુદ્ધિશાળી અને દિલાવર દીલના છે. તેમણે બીજાં પણ કારખાનાં શરૂ કર્યાં છે, અને વડીલોના ઉદ્યોગનો વિકાસ કર્યો; ઉપરાંત નૂતન ઉદ્યોગ શરૂ કરી સારી લક્ષ્મી અને કીર્તિ પ્રાપ્ત કરી છે. ખંભાતી તરીકે એક સારા ઉદ્યોગ પતિનો ગર્વ લઈ શકાય.

# સ્વ. શાસ્ત્રી પ્રાણશંકર નાથાભાઈ દીક્ષિત

ખંભાતના શ્રીગૌડ બ્રાહ્મણ હતા. સંસ્કૃતના વ્યાકરણ, વેદવેદાંગ, મીમાંસા, દર્શનો વગેરેના ઊંડા અભ્યાસી હતા. ખંભાતના નવાબ સાહેબ તરફથી સને ૧૮૯૮માં સંસ્કૃત પાઠશાળા કાઢવામાં આવી હતી તેના તે અધ્યાપક હતા. તેમના હાથ નીચે ઘણા વિદ્યાર્થીઓએ સંસ્કૃતનો લાભ લીધો છે. તેઓ સને ૧૯૨૯માં પેન્શન પર ઉતર્યા.

શ્રી ઠાકોરલાલ હરિલાલ



મંડાઈની બ્રાંચ નં ૩ જુનીશાળા સને ૧૯૧૦ માં ના. નવાબ સાહેબ તરફથી બંધાવવામાં આવી હતી. તે શાળા ઉપર માળ નાખવા માટે શ્રી નાની-બેન નરસિંહલાલ ગોરધનદાસ વતી તેમના પ્રતિનિધિ શ્રી જસવંતલાલ દલાલે લગભગ રૂ. પચાસ હજાર ખરચી **'શ્રી ઠાકોરલાલ હરિલાલ કુમારશાળા'** બંધાવી આપી; આમ ખંભાતમાં પ્રજાકીય નાંણાથી શાળાઓ માટે મકાનો બાંધવાનો પ્રથમ પ્રયાસ હતો તે મકાન પુરુ થતા તા. ૨૫-૧-૬૪ પ્રજાસત્તાક દિને તેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું દાતાઓ અભિનંદનને પાત્ર છે.

# શ્રી નટવરલાલ જેકીશનદાસ

બી. કોમ. એફ. એસ. એ. એ. આર.

ખંભાતની શ્રીમાળી વણિક કોમના છે. તેમનો જન્મ ઇ. સ. ૧૮૯૮માં થયો હતો. તેઓએ પ્રા. અને માધ્યમિક શિક્ષણ ખંભાતમાં લીધું હતું. પછી મુંબઈમાં સેંન્ટ ઝેવીયર્સ અને સીડનહામ કોલેજમાં ઉચ્ચ અભ્યાસ કર્યો હતો. પછી લંડન સોસાયટીની પરીક્ષા આપી હતી. સને ૧૯૨૩માં એસોસીયેટ અને સને ૧૯૨૭માં ફેલો તરીકે ચુંટાયા. તેઓશ્રીએ 'દલાલ એન્ડ શાહ' ની કંપનીના ભાગીદાર તરીકે જોડાયા. સને ૧૯૩૨થી ૩૭ સુધી મુંબઈ યુનિ.ના સેનેટના સભ્ય હતા. તેઓ દેશી વ્યાપારી ચેમ્બર વીમા ઉપસમિતિ અને પરીક્ષા-બોર્ડના સભ્ય હતા. ઉપરાંત બોમ્બે મ્યુ. લાઈફ એશ્યુરન્સ સો. લી.ના તથા કુંલીકોનમ ઇલેકટ્રીક સપ્લાય કોરપોરેશન લી.ના તથા સાઉથ આરકોટ ઈલેકટ્રીક સીટી ડીસ્ટ્રીબ્યુશન કં. લી.ના ડીરેકટર હતા. સીડનહામ કોલેજની સલાહકારી બોર્ડના સભ્ય હતા. ઇ સ. ૧૯૫૪માં તેઓ લંડનમાં સ્વર્ગવાસી થયા. તેમને મુંબઈ લાવવામાં આવ્યા હતા

# શ્રી નટવરલાલ સાકરચંદ શાહ

તેઓની જન્મભૂમિ ખંભાત છે. તેમનો જન્મ તા. ૧-૬-૧૯૨૦ના રોજ થયો છે. જ્ઞાતિએ જૈન વણિક છે. મેટ્રિક સુધીનો અભ્યાસ ખંભાત હાઈસ્કૂલમાં કરી પછી સને ૧૯૩૯માં મુંબઈ ગયા. ત્યાં નોકરી સ્વીકારી; સમય મળ્યો તેમાં ઈન્ટર સુધીનો અભ્યાસ કર્યો. અને એકાઉન્ટન્સીની ડીપ્લોમા મેળવી; પછી ઈન્કમટેક્ષ અને સેલટેક્ષના સલાહકાર તરીકે કામ કરે છે; સાથે સાથે તેઓ મુંબઈ સમાચાર વગેરે મુંબઈનાં અઠવાડિક પેપરોમાં 'વેપાર અને વેરો' એ વિભાગમાં લેખો લખે છે. ખંભાતથી

નીકળતા 'નવ સંસ્કાર' અઠવાડિકમાં તેઓ શરૂઆતથી ઉપરના વિષયને લગતા લેખો આપ્યા છે. તથા તેના દિવાળીના અંકોમાં તે લેખ લખે છે. એટલે પોતે સાહિત્યનો સારો રસ ધરાવે છે. જ્ઞાતિનાં કાર્યોમાં તથા ધાર્મિક કાર્યમાં તેઓ આગળ પડતો ભાગ ભજવે છે. ખંભાતની કોલેજોની કમિટીમાં, તેમ મુંબઈની 'લોકસમાજ' સંસ્થામાં તેઓ સભ્ય તરીકે કામ કરે છે. 'જૈન સેવક' માસિકનું તંત્રીપદ ત્રણેક વર્ષ સુધી તેમણે સંભાળ્યું હતું. આમ તેઓ સામાજિક કાર્યકર તરીકે જાણીતા છે. તેમનાં પત્નીનું નામ કૈલાસબેન છે. તેઓ બી. એ. થયેલાં છે અને પતિના કામમાં સારી મદદ કરે છે. તેઓ પણ લેખક છે.

# શ્રી નટવરલાલ મોહનલાલ ખારેકવાલા

ખંભાતના જૈન કોમના દાનવીર શેઠશ્રી મોહનલાલ વખતચંદ ખારેકવાલા મુંબઈ નિવાસ કરતા. તેમના સુપુત્ર શ્રી નટવરલાલ મોહનલાલે ખંભાતને માટે ઘણી સખાવતો કરી છે.

(૧) રૂ. ૩૦,૦૦૦ ત્રીસ હજાર ખંભાત સાર્વજનિક કેળવણી મંડળને મોહનલાલ વખતચંદ જ્ઞાનમંદિર પુસ્તકાલય માટે આપ્યા છે.

(૨) ૨૮૦૦૦ અઠ્ઠાવીસ હજાર ખંભાત જનરલ હોસ્પિતાલને આઉટડોર પેશન્ટના કુટુંબીજનો માટે ઓરડીઓ બાંધવા.

(૩) ૩૦,૦૦૦ સ્વ. નરેન્દ્ર નટવરલાલની સ્મૃતિમાં કેમ્બે હોસ્પિતાલમાં સુવાવડ ખાતામાં હોલ બાંધવા દાન આપ્યું છે.

(૪) ૪૧,૦૦૦ શ્રી મોહનલાલ વખતચંદના નામથી ખંભાતમાં જૈન માટે ધર્મશાળા કરવા શ્રી નટવરલાલે આપ્યા.

(૫) ૧૫૫૫૧ 'શ્રીનરેન્દ્ર નટવરલાલ જૈનભોજનશાળા' ચેમ્બુરમાં ચાલે છે. (શ્રાવણ સુદ ૧૩ સં ૨૦૨૨)

(૬) ૩૫,૦૦૦ સ્વ. શ્રી ચીમનલાલ વાડીલાલના નામથી ભોજનશાળા ખંભાતમાં બાંધવા દાન આપવામાં આવ્યું.

(૭) ૧૭૦૦૦ સ્વ. શ્રી ચીમનલાલ વાડીલાલ તરફથી માંડવીની પોળનો ઉપરવટ બાંધવા આપી.

તેઓ મુંબઈમાં બદામ, ખારેક તથા સુકામેવાનો મોટો વેપાર કરે છે.

# શ્રી નટવરલાલ મોહનલાલ પરીખ

ખંભાત દશા શ્રીમાળીની ન્યાતના તેઓ અગ્રગણ્ય નાગરિક છે. મુખ્ય વ્યવસાય 'શરાફી'નો. તેઓ 'મોહનલાલ દુર્લભદાસ'ની પેઢીના મોટા દીકરા થાય. પોતાના ધંધા ઉપરાંત ખંભાતનું હિત તેમના હૈયે રહેલું હોવાથી ખંભાતના જાહેર કામોમાં તેઓ ઉત્સાહથી ભાગ લેતા. વળી વેપારીઓમાં તે પ્રતિષ્ઠિત ગણાતા. આથી વેપારી મહામંડળના પ્રમુખ તરીકે તેમણે ઘણો વખત કામ કર્યું. તથા ખંભાતની હોસ્પિતાલ, હાઈસ્કૂલો વગેરે કામોમાં આગળ પડતો ભાગ લીધો હતો.

# સ્વ. વકીલ શ્રી નુરૂમીયાં પીરસાબમીયાં સૈયદ

બી. એ., એલ. એલ. બી.

ખંભાતમાં મીલની પાછળ એક મકબરો છે; તે "શાહબાબુખંભાતી" ના નામે ઓળખાય છે, સૈયદ બાબુશાહ હુસેની કે જે ગુજરાતના સુલતાન મહંમદશાહ (ઈ. સ. ૧૪૪૨–૫૧) ના સમકાલીન હતા. તે સુલતાનની પુત્રી સાથે પરણ્યા હતા. અને (૨૮ મી જૂન ૧૪૬૭) ૨૫ મી જીલ્કા હી. સ. ૮૭૧ માં ખંભાતમાં મરણ પામ્યા હતા. તેમને તે મકબરામાં દાટવામાં આવ્યા હતા. તે 'શાહબાબુ ખંભાતી'ના વંશમાં સ્વ. વકીલ નુરૂમીયાં થયા. તેઓ ગરીબાઈમાં ઉછર્યા હતા; પણ જાત મહેનતથી તેઓ ભણ્યા હતા. શરૂઆતમાં હાઈસ્કૂલમાં શિક્ષક થયા અને પછી ખંભાતના ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ થયા હતા. વિલીનીકરણ પછી તે પદેથી ફારેગ થયા; ને ખંભાતની કોર્ટમાં વકીલાત કરી હતી. તેઓ સામાજિક કાર્યોમાં ઘણો ભાગ લેતા. મુસ્લીમ કોમમાં તેઓ અગ્રગણ્ય હતા; તેઓ તા. ૨૪–૮–૬૮ ના રોજ લગભગ ૫૮ વર્ષની વયે અવસાન પામ્યા.

# શ્રી નૌશીરવાન બાપુજી કરંજીયા

ખંભાતના વતની અને ખંભાતમાંની પારસીઓની અગિયારીના ધર્મગુરૂ દાદાજી શેરીયારજીના પૌત્ર હતા. તેમના પિતા બાપુજી મીલમાં નોકરી કરતા. નૌશીરવાને ખંભાતમાં હાઈસ્કૂલમાં કસરત શિક્ષકની નોકરી સ્વીકારી. સાથે ૧૫ મી ઓગસ્ટ સને ૧૯૩૧ ને દિવસે "ધી કેમ્બ્રે ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમર્સ" વર્ગ શરૂ કર્યો. સને ૧૯૩૩ માં બુક-કીપીંગ સાથે બધા વિષયો શરૂ કર્યા. થોડા વખત પછી આ શાળાને ખંભાતથી સુરત લઇ ગયા. ત્યાં "ધી કેમ્બ્રે ઇન્સ્ટીટ્યુટ ઓફ કોમર્સ" શાળા શરૂ કરવામાં આવી. સને ૧૯૪૪ માં આ શાળાને સરકાર માન્ય કરવામાં આવી. આ શાળા દ્વારા સુરતમાં સેંકડો વિદ્યાર્થીઓએ વિદ્યા સંપાદન કરી. તેઓએ "લઘુલિપિ" નામનું પુસ્તક તૈયાર કર્યું હતું. જે સરકારમાં અને વિદ્યાર્થીઓમાં ઘણું પ્રિય થઇ પડયું. તેમણે સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. તેઓ સૂરતમાં સને ૧૯૬૬ માં અવસાન પામ્યા.

# શ્રી પ્રભુલાલ છોટાલાલ કાપડિયા

મુંબઇમાં ન્યાયમુર્તિ (૧૯૫૮)

ખંભાતના સુપ્રતિષ્ઠિત શ્રી છોટાલાલ મુળચંદ કાપડિયાના પુત્ર શ્રી પ્રભુલાલે મુંબઈમાં ધારાશાસ્ત્રી તરીકે સારી નામના મેળવી. તેઓ ૧૯૩૩માં એલ. એલ. બી. થયા.

સને ૧૯૩૪માં એડવોકેટ થયા. સને ૧૯૫૬–૫૮ બાર એસોશિયેશનના સેક્રેટરી હતા. આથી પોતાની બાહોશી તેમણે ઘણી રીતે પૂરવાર કરી આપી. તેઓ સને ૧૯૫૮ થી મુંબઈની સીટી સિવિલ કોર્ટના જજ તરીકે નીમાયા.

ખંભાતનો આ સુપુત્ર મુંબઇમાં માનવંતુ સ્થાન પ્રાપ્ત કરે તે માટે ખરેખર ખંભાત ગર્વ

લે તેમાં જરાપણ અતિશયોક્તિ નથી. ખંભાતી સમાજે તેમનું બહુમાન મુંબઈમાં કર્યું હતું. તેઓ એ સન્માન પ્રસંગે બોલતાં કહ્યું હતું કે " **ખંભાતી તરીકે પોતાને ઓળખવાનું હું ગૌરવ માનું છું. આપેલા મારા નિમણુંકનો યશ પણ ખંભાતીઓને જ છે.**"

# જે. પી. શ્રી પ્રભુલાલ વાડીલાલ કાપડિયા

ખંભાતનું નામ ખંભાત, ગુજરાત અને મહારાષ્ટ્રમાં રોશન કરનાર ભાઈશ્રી પ્રભુલાલ કે જેમની સાચી સમાજસેવાની કદર કરી મહારાષ્ટ્ર સરકારે સને ૧૯૬૯માં તેમને જે. પી નો ઘણોજ માનવંતો ખિતાબ નવેશ કર્યો હતો

ભાઇપ્રભુલાલના પિતાનું નામ વાડીલાલ; માતાનું નામ કેસરબેન છે. તેઓનો જન્મ તા ૬-૧૧-૨૩ છે. જ્ઞાતિએ જૈન છે. તેઓનો અભ્યાસકાળ ખંભાત હાઈસ્કુલમાં ગયો છે સને ૧૯૪૦મા તેએ શ્રી એ મુંબઇમાં નોકરી સ્વીકારી. સને ૧૯૪૭ પછી સામાજિક સેવકતરીકે તેઓ ગણાવા લાગ્યા. મુંબઇની હોસ્પિતાલોમાં માંદાઓને ફ્રુળ વહેંચવાના શરૂઆત કરી; આજે તો એ પ્રવૃત્તઓનો ઘણો વિકાસ થયો; એટલુજ નહિ પણ ગામેગામ તેનું અનુકરણ થાય છે. જમણવારમાં વધેલી રસોઈ એકઠી કરી ગરીબોને વહેંચી તેમને સંતોષ આપવો, આ ભૂખ્યાને અન્ન પહોંચતું કરવું એ કેટલી મહદ્ સેવા છે, વળી તેથી વિશેષ સેવાતો તેમણે **"ચક્ષુદાન"** સેવાની પ્રવૃત્તિ ખૂબ જોશથી શરૂ કરી છે. માણસના મરણ બાદ તેની આંખો દાનમાં આપી, અંધજનો દેખતા થાય એ મહાન ઉપકારક સેવાકાર્ય તે કરી રહ્યા છે. આ બાબતમાં તેમને પ્રેરણા આપનારાઓ; તથા સક્રિય સહાય આપનારાઓ પણ ઘણા મળ્યા છે વળી ગરીબ વિદ્યાર્થીઓને તથા જ્ઞાતિના વિદ્યાર્થીઓને પુસ્તકો અપાવવાં એમ કરી વિદ્યાને ઉત્તેજન આપે છે; તેઓ ઘણી સંસ્થાના સેક્રેટરી: સભ્ય, અને માનદ કાર્યકર્તા છે. મુંબઇમાં વસનારા જૈન સમાજના તે એક અજોડ કાર્યકર્તા છે; તેમની નમ્રતા, સહૃયતા, વિવેક અને સેવા કરવાની વૃત્તિ એ ગુણોએ તેમને દીપાવ્યા છે. ને તેમનાં પત્ની **કંચનબેન** પણ તેમને સહાયક થાયછે. મુંબઇમાં કાપડનો વેપાર કરતાં કરતાં સેવાવૃત્તિ કેળવવી એ જીવનનો અમૂલ્ય લહાવો છે; તે તેમણે સ્વીકાર્યો છે,

# સ્વ. શેઠ પ્રાણજીવનદાસ બેચરદાસ પટેલ

ખંભાતની પાટીદાર કોમના ગૃહસ્થ. તેઓશ્રીએ પોતાની મિલ્કતનો અમુક ભાગ કાઢી ખંભાતની જનતાને 'આયુર્વેદિક દવાઓ' મફત મળે તેવી વ્યવસ્થા કરી. હજી આ દવાખાનું સત્યનારાયણના મંદિર પાસે ચાલે છે. જે લગભગ ઈ. સ. ૧૯૨૬ ના અરસામાં કાઢવામાં આવ્યું હતું.

# રાષ્ટ્રિય ત્રીજી મહાસભાના પ્રમુખ શ્રી બદુરૂદ્દીન-તૈયબજી

જન્મ. ઈ. સ. ૧૮૪૪—મરણ ૧૯૦૬



ખંભાતમાં અરબસ્તાનથી આવીને વસેલા ભાઇમીયાંના પુત્ર તૈયબજી હતા. તેમને છ પુત્રો હતા અને ચાર પુત્રીઓ હતી. તૈયબજીની શાખ ઘણીજ હતી; તેથી તેમનું કુટુંબ તૈયબજીના નામથી પ્રખ્યાતથયું. પછી તે વેપાર અર્થે મુંબઇ ગયા

બદુરૂદીનના પિતાનું નામ તૈયબજી હતું અને માતાનું નામ અમીનાબીબી હતું. બદુરૂદીનનો જન્મ ૮ મી ઓકટોબર સને ૧૮૪૪માં મુંબઇમાં થયો હતો. ત્યાં તેમણે મેટ્રીક સુધીનું શિક્ષણ લઇ પછી વિલાયત ગયા. ત્યાંથી ઈ. સ. ૧૮૬૭ પહેલા હિંદી બેરીસ્ટર થઈ હિંદ પાછા ફર્યા. મુંબઇમાં બાહોશીથી વકીલાત શરૂ કરી તેમની બાહોશીથી મુંબઇના ગવર્નરે તેમને લેજીસ્લેટીવ એસેમ્બલીમાં સભ્ય નીમ્યા.

દેશની ઉન્નતિના કાર્યમાં તેનું ચિત્ત સદા રહેતું તેઓને ઈ. સ. ૧૮૮૭ની મહાસભાની ત્રીજી બેઠક મદ્રાસમાં મળી તેના પ્રમુખપદે નિમાયા તેમનું કુટુંબ "તૈયબજી કુટુંબ" તરીકે પ્રખ્યાત હતું; અને તેઓ મૂળ તો ખંભાતના જ છે; અને એ રીતે ખંભાત રાષ્ટ્રિય લડતમાં પ્રથમથી છે એમ સગર્વ કહી શકાય. એમના ભત્રીજા શ્રી અબ્બાસજી તૈયબજીએ પણ રાષ્ટ્રિય સેવામાં ઘણોજ ફાળો આપ્યો છે. જેમનું ચરિત્ર આગળ આવી ગયું.

મુસ્લીમ હોવા છતાં ધાર્મિક ભેદભાવ સિવાય હિંદની સારી સેવા બજાવી. ઇ. સ. ૧૮૯૫માં તે મુંબઈની હાઇકોર્ટના જજ નિમાયા હતા. અને તે વખતે લોકમાન્ય શ્રી તિલક ના રાજદ્રોહના મુકદમા વખતે તેમને જામીન પર છોડવાની હિંમત બતાવેલી; એમ તેમણે દેશ સેવા ખૂબ કરેલી તેમને આંખોનું દરદ હોવાથી તેઓ ઇંગ્લાંડ ગયા; ત્યાં હૃદયરોગના હુમલાને લીધે ઈ. સ. ૧૯૦૬ના ઓગષ્ટની ૧૯ તારીખે અવસાન થયું.

આ કુટુંબ દેશસેવા માટે પ્રખ્યાત છે.

# રા. સા. સ્વ. શ્રી પ્રાણવલ્લભદાસ હરિવલ્લભદાસ
## બનાતવાળા બી. એ. એલ. એલ. બી.



ખંભાતની શ્રીમાળી વણિક જ્ઞાતિના શ્રી પ્રાણવલ્લભદાસ બનાતવાળા ઈ. સ. ૧૯૦૪માં ખંભાતથી ધંધાર્થે જંબુસર ગયા હતા. ત્યાં વકીલાતના ધંધાની સારી જમાવટ કરી હતી તેઓએ પોતાના ધંધા ઉપરાંત 'સહકારી' પ્રવૃત્તિમાં ઘણો રસ લીધો. તેથી સરકારે તેમને રા. સા. નો ખિતાબ આપ્યો હતો. ખંભાતમાં સ્ટેટ હતું ત્યારે તેમણે રાજ્યના દીવાનોને મળીને સહકારી પ્રવૃત્તિ શરૂ કરાવી; તેથી ખંભાતમાં તે સહકારી પ્રવૃત્તિના પિતા ગણાય છે. ખંભાતમાં સહકારી વર્ગો શરૂ કર્યાં, પરિષદો ભરી વગેરે ઘણું કર્યું હતું. તેઓ સેવાભાવી, મિલનસાર સ્વભાવના હોવાથી ઘણી રાજ્યના અમલદારોની તથા પ્રજાની ઘણી ચાહના મેળવી હતી. સને ૧૯૫૧માં ૭૧ વર્ષની ઉંમરે સ્વર્ગવાસી થયા.

# શ્રી ડૉ. પ્રભાકર અંબાલાલ શાસ્ત્રી

સને ૧૯૬૭માં ખંભાત મ્યુ. ની ચૂંટણી થઈ તેમાં શ્રી પ્રભાકર શાસ્ત્રી ચૂંટાઈને આવ્યા તેઓ જ્ઞાતિએ ઉદીચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ છે. તેમના પિતાશ્રી અંબાલાલ છગનલાલ શાસ્ત્રી ખંભાતના જાહેર કાર્યકર્તા હતા. ઘણા વર્ષો સુધી પ્રજામંડળમાં કાર્ય કર્યું; ખંભાત મ્યુ.માં પણ તે ચૂંટાઈને આવ્યા હતા. ખંભાતના બ્રાહ્મણોમાં નવન્યાતના પ્રમુખ પણે તે હતા. આમ જુદી જુદી સંસ્થાઓમાં તે કામ કરતા તેમના પુત્ર શ્રી પ્રભાકરભાઇ ખંભાતમાં ડૉકટર છે. જાહેર કામોમા તે સારો રસ લે છે મ્યુ. ના ઉપપ્રમુખપદે તે સને '૯૬૭ ચૂંટાયા છે. હોદ્દાની સમય મર્યાદા બે વર્ષની રાખી હતી. તે પ્રમાણે સને ૧૯૬૮–૬૯માં મ્યુ ના પ્રમુખપદે આવ્યા હતા. અને પછી ઉપપ્રમુખપણ હતા.

શ્રી પ્રભાશંકર શાસ્ત્રીયે પોતાના પિતાશ્રી અંબાલાલ છગનલાલના સ્મરણાર્થે ખંભાત બેઠક પાસેની કેમ્બે હાઈસ્કૂલ ઉપર "ડૉ. શાસ્ત્રી ટાવર" મૂકયું છે સને ૧૯૫૭.

# શ્રી પૂંજાલાલ સોમચંદ ચોકસી

પિતાશ્રીનું નામ સોમચંદ જુગલદાસ; અને માતાનું નામ મહુબા જન્મ તા. ૨૭-૧૧-૨૧ છે જ્ઞાતિએ દશાપોરવાડ વણિક છે. પ્રાથમિક અને માધ્યમિક કેળવણી ખંભાતમાં લીધી વડીલબંધુના અવસાનના કારણે ઘરની જવાબદારી તેમને માથે આવી. પરંપરાનો સોના ચાંદીનો ધંધો સ્વીકારી તેમાં પ્રમાણિકતાથી કીર્તિ સંપાદન કરી. વિદ્યાવ્યાસંગમાં રહેલા હોવાથી વિદ્યાર્થીઓને ભણવાના કાર્યમાં ઘણી જ મદદ કરતા; સુસંસ્કાર અને સુવિચારની પ્રેરણાથી તેઓ સમાજના સામાજિક કાર્યમાં સારી મદદ કરે છે. તેમજ જ્ઞાતિના કાર્યોમાં ખૂબ રસ ધરાવે છે.

# શેખ ફીદાહુસેન હુસેનઅલી હોંગકોંગ વાળા

ખંભાતની વહોરા કોમમાં અનેરૂ સ્થાન ધરાવનારા શેખફીદાહુસેન છે. તેમનો જન્મ ખંભાતમાં ઇ. સ. ૧૮૮૮ માં થયો હતો; પ્રાથમિક કેળવણીખંભાતમાંજ લીધેલી. બહુનાની વયમાં તેઓ પિતાજીની સાથે હોંગકોંગ ગયલા. ત્યાં અંગ્રેજી શિક્ષણ લીધું પછી તેઓ ધંધામાં જોડાયા. તેમાં તેમનું બુદ્ધિ ચાતુર્ય દીપી ઊઠયું. સારૂં દ્રવ્ય સંપાદન કર્યું; તેઓ ઉદાર બુદ્ધિના હતા. ખંભાતમાં મદ્રેસાએ તૈય બિયાહ હાઈસ્કૂલના વિકાસમાં તેમનો અમુલ્ય ફાળો છે તેઓ કીર્તિદાન કરતા નથી; અને ગુપ્તદાન તે પસંદ કરેલ છે તેમની ઉંમર આજે વધુ થયેલી હોવાથી પેઢી પોતાના પુત્રોને સોંપી પોતે નિવૃત્ત રહે છે.

# સ્વ. વે.શા. સં. બાળકૃષ્ણ શુકલ. (ગુરુજી)

વીસમી સદીમાં ખંભાતમાં વેદના ઉત્તમ જ્ઞાતા તરીકે શુકલ બાળકૃષ્ણનું નામ ઘણું પ્રખ્યાત છે. તેમના મધુર કંઠે વેદનુ પ્રારાયણ થાય ત્યારે માણસ મુગ્ધ બની જાય! તેવા તે વેધપાઠી હતા. કર્મકાંડ નો મુખ્ય વિષય હતો. યજ્ઞયાગાદિમાં તે મુખ્યત્વે હોયજ તેઓ જ્ઞાતિએ ટોળકિય બ્રાહ્મણ હતા. અને જ્ઞાતિના એક ટ્રસ્ટે કાઢેલી "વેદશાળા" ના તે આચાર્ય હતા. તેમની પાસે ઘણા બ્રાહ્મણ વિદ્યાર્થીઓ ભણી ગયા છે. તે 'ગુરૂજી' ના નામથી પણ જાણીતા હતા. તેમના સાથીદાર તરીકે શ્રી ગણપત રામ શુકલ હતા.

# સ્વ. વકીલ બાલકૃષ્ણ નારાયણ

ખંભાતની ટોળક બ્રાહ્મણ જ્ઞાતિના ઘણા જાણીતા અને બાહોશ વકીલ તરીકે બાળકૃષ્ણનું નામ જાણીતું છે. તેઓએ સરકારી વકીલ તરીકે પણ ઘણો વખત કામ કર્યું હતું તેમ જાહેર-ધાર્મિક કામોમાં સારો ભાગ ભજવતા. શ્રી શંકરાચાર્ય જયંતિ મહોત્સવના કેટલાંય વર્ષોથી તેઓ સંચાલક હતા. તેમ ગવારામાં સંસ્કૃત પાઠશાળા વગેરે કાઢવામાં; તથા ટોળકિયાની વાડી પાસે "વેદશાળા" ચલાવવામાં તેઓ મુખ્ય હતા.

"શ્રી બાપુલાલ હ. વકીલ કેમીકલ રીસર્ચ લેબોરેટરી" ના દાતા

# શ્રી બાપુલાલ હરજીવનદાસ વકીલ

(જન્મ ઈ. સ. ૧૯૦૪)



શ્રી બાપુલાલના પિતાનું નામ હરજીવનદાસ, માતાનું નામ મણીબેન, પત્નીનું નામ સવિતાબેન છે. જ્ઞાતિએ દશા શ્રીમાળી વણિક છે. તેમનો જન્મ ખંભાતમાં તા. ૨૮-૧-૧૯૦૪ના રોજ થયો છે. કડિયાપોળમાં તેમનું નિવાસ સ્થાન છે. તેઓશ્રી વ્યવસાયને માટે મુંબઈ ગયેલા અને મુંબઈમાં રહીને તેમણે ખંભાતના હિત માટે ઘણી ઘણી પ્રવૃત્તિઓ કરી છે; જે સદાકાળ યાદ રહેશે. તેમણે કરેલી પ્રવૃત્તિઓ આ પ્રમાણે છે

૧. તેમને શિક્ષણ અને શારીરિક વ્યાયામનો ઘણો શોખ છે. તેથી તેઓશ્રી મુંબઈ હિંદુ સાર્વજનિક વ્યાયામ શાળાના ઉપપ્રમુખ તરીકે ઘણી સેવા આપી છે.

૨. જ્ઞાતિના ખંભાતના વિદ્યોત્તેજક-મંડળના તેઓશ્રી ડોનર સભ્ય છે.

૩. કેળવણીના ઉત્કર્ષ માટે તેમજ સોસીયલ અને કલચરલ કાર્ય માટે મુંબઈમાં જ્ઞાતિ સંસ્થા કાઢવામાં તેઓએ અગ્રગણ્ય ભાગ લીધો અને તેના મંત્રી, પ્રમુખ તરીકે લગભગ બાર વર્ષ સુધી સેવા આપી, આજીવન સભ્ય થયા.

૪. એસ. એસ. સી. પરીક્ષામાં જ્ઞાતિનો જે વિદ્યાર્થી વધારે ટકા માર્ક મેળવે તેને માતૃશ્રી મણીબેન હરજીવનદાસ વકીલના નામથી સ્કોલરશિપ આપવા માટે ઉપરોક્ત સંસ્થાને રૂ. ૧૫૦૦) આપ્યા.

૫. ખંભાત એજ્યુકેશન સોસાયટી કે જે ખંભાત હાઈસ્કૂલોનું સંચાલન કરે છે; તેની ગવર્નીંગ બોડીના માનદમંત્રી તથા ટ્રસ્ટી તરીકે લગભગ બાર-તેર વર્ષ સુધી સેવા આપી. સંસ્થાના મંત્રી તરીકે ખંભાત હાઈસ્કુલનો વહીવટ મુંબઈ સરકાર પાસેથી ચાર્જ લીધો, બેઠક રોડ પરની સ્કુલનું મકાન બંધાવ્યુ. શરૂઆતમાં સંસ્થાને આર્થિક ભીડ હતી. તે નીવારવા નાટકનો પ્રયોગ લઈ એક સારી રકમ સંસ્થાને મેળવી આપી, સંચાલકોએ સેવાની કદર કરી ઓનરરી પેટ્રન સભ્ય બનાવ્યા.

૬ ખંભાત તાલુકા સાંસ્કૃતિક મંડળને ગરબા હરિફાઈ માટે એક ફરતો શિલ્ડ પત્ની "**શ્રીમતી સવિતાબેન બાપુલાલ વકીલ**" ના નામે આપ્યો અને ગરબા હરિફાઇના ખર્ચને માટે રૂા. ૨૦૦) નો પ્રબંધ કર્યો; અને સંસ્થાના ડોનર સભ્ય થયા.

૭. કેમ્બે મેડીકલ રીલીફ સોસાયટી કે જેના મારફત ખંભાતની જનરલ હોસ્પિતાલ ચાલે છે. તેની ગવર્નીંગ બોડીના સભ્ય તેમજ સંસ્થાના અજીવન સભ્ય થયા.

૮. ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળને રૂા. ૩૦૦૦૧નું દાન આપ્યું. મંડળ હસ્તક "**શ્રી બાપુલાલ હ. વકીલ કેમીકલ રીસર્ચ લેબોરેટરી**" શરૂ કરી ખંભાતની જનતાને આ સંસ્થાનો ઘણો જ લાભ મળે છે. કારણ કે આજુબાજુના વિસ્તારમાં આવી લેબોરેટરી નથી. આ સંસ્થાના વાઈસ પ્રેસિડેન્ટ તથા પેટ્રન સભ્ય છે.

રાજકારણથી શ્રીમતી સવિતાબેન બાપુલાલ

વકીલ ઇંગ્લીશ મિડિયમ પ્રાયમરી સ્કૂલ તેમના તરફથી શરૂ થઇ (૧૯૭૪) પર રહીને માનવ વિકાસ માટે અનેકતામાં એકતા સ્થાપવાનો તેઓશ્રીનો નમ્રપ્રયાસ છે. તેઓ ગમે તેવી અટપટી બાબતોનો સહેલાઈથી ઉકેલ કરી શકે છે. મતમતાંતરો મીટાવી એકતા સ્થાપવાનું કાર્ય તેઓ કરી શકે છે. દીર્ઘદૃષ્ટિથી કાર્યારંભ કરવો એ તેમના જીવનનો સિદ્ધાંત છે. શુભનિષ્ઠા, કર્તવ્યપારાયણતા, અને ખંભાત માટે કરી છૂટવાની તમન્નાએ તેમના મહદ્ ગુણો તરી આવે છે.

# શેઠ શ્રી બાબુભાઈ છગનલાલ શ્રોફ



ખંભાતમાં અમરચંદ પ્રેમચંદનું કુટુંબ વિખ્યાત છે. તેમના કુટુંબમાં જે જે પુત્રો થયા તેમણે જૈનધર્મની ઘણી સેવા કરીછે જેના ચરિત્રો જુદાં આપવામાં આવ્યાં છે. આ પેઢીમાં છગનલાલ કસ્તુરચંદની પેઢી મુંબઇમાં બહુ વિખ્યાત છે. તે પેઢી દાન માર્ગમાં બહુ ઉદાર છે. આ પેઢીના શ્રી છગનલાલના સુપુત્ર તે શ્રી બાબુભાઈ છે. પૂર્વજોની ધર્મભાવના તેમનામાં ઉતરી આવી છે. તેમના શુભહસ્તે ટેકરી ઉપર "અમર જૈનશાળા" નો નવામકાનનો પાયો સને ૧૯૬૩માં નખાયો હતો. અને તે વખતે તેઓશ્રીએ તેમણે પોતાના પૂર્વજોની ધર્મભાવનાને અંજલિ આપી હતી. આ જૈનશાળાનું જુનુ મકાન સંવત ૧૯૩૬માં અસ્તિત્વમાં આવેલું; અને પુણ્યાત્મા શ્રી અમરચંદ પ્રેમચંદના કુટુંબે સારો ફાળો આપ્યો છે. આખું કુટુંબ જૈનધર્મમાં દાનમાટે પ્રખ્યાત છે.

# શ્રી ચીમનલાલ ગભુભાઈ દહેવાણવાળા અને શ્રી બાબુભાઈ ગભુભાઈ દહેવાણવાળા



આ બંને ભાઈઓએ ખંભાતને આંગણે ઢોકળ-કુઈ વખારિયા મેન્શનમાં દહેવાણનગરવસાવી શાસન પ્રભાવક શ્રી વિજયરામચંદ્ર સૂરિશ્વરજી મહારાજની નિશ્રામાં ઉપધાન તપ કરાવવાનો ભવ્ય ધાર્મિક સમારંભ યોજ્યો હતો. વિ. સ. ૨૦૨૫ના પોષ વદી-૧૩ થી શુભકાર્યક્રમો શરૂથયાં હતા. જેમાં ૮૦૦થી પણ અધિક ભાઈ–બેનોને શ્રી ઉપધાન તપની મંગલમય આરાધના કરવાનો લાભ લીધો હતો. અને માઘ સુદી ૭ તા. ૨૪–૧–૬૯ શુક્રવારે માલારોપણનો વિધિ રાખવામાં આવ્યો હતો. આવો મહાન ધાર્મિક કાર્યક્રમમા લાખ્ખો રૂપિયા વાપરી; જીવનમાં અને ખંભાતના ધાર્મિક ઇતિહાસમાં સદા યાદગાર રહે તેવો પ્રસંગ તેમણે કર્યો હતો. બંને ભાઈઓ ઝવેરાતનો ધધો કરે છે; મુંબઈ અને હિંદ બહારના દેશોમાં તેમણે સારો ધંધો જમાવ્યોછે. તેઓ ધંધાના વિકાશ અર્થે વિદેશનો પ્રવાસ ખેડેછે; ખંભાતના ઝવેરી અને વિદ્યાપ્રેમી છે. તેમના આ મહાન ધાર્મિક કાર્ય મંડળના તે અગ્રેસર છે. મુંબઈમાં તેઓ બીજા પણ થી પ્રેરાઈ શ્રી તપગચ્છ અમર જૈનશાળા સંઘ તરફ ઉદ્યોગ કરેછે. સ્વભાવે બહું ઉદાર દીલના, માયાળુ થી તેમને સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યુંહતું બાબુ દહેવાણના નામથી પેઢી પ્રખ્યાત છે. તેઓ શ્રીએ ખંભાતમાં નવરત્ન સીનેમા બાંધી ખંભાતની સારી સેવા કરી છે. આ સીનેમા ખેડા જીલ્લામાં પ્રથમ જ એરકંડીશન્ડ થીએટર છે. જ્ઞાતિના કેળવણી અને સાંસ્કૃતિક કાર્યોમાં ઉદાર ફાળો આપે છે.

# શેઠ શ્રી બાલુભાઇ બેચરદાસ પટેલ



તેમના પિતાનું નામ બેચરદાસ ભાઈજીભાઈ છે. જ્ઞાતિએ લેવા પાટીદાર છે. પ્રાથમિક શિક્ષણ ખંભાત માંજ લીધું છે. તેઓ સાર્વજનિક કામોમાં સારો રસ ધરાવેછે. ખંભાત મ્યુ - માં તેઓ સને ૧૯૫૪ માં સભ્ય હતા. તેમના વડીલોનો ધંધો સાડીઓનો છે. તે તેમણે સ્વીકાર્યો છે. અને નણાયણ ટેક્ષટાઈલ મીલ્સ, તથા રાજ પ્રકાશ મીલ્સના તેઓ ડીરેકટર છે. (૨) નારાયણ એન્જીનિરીંગ વર્કસ ખંભાતમાં તેઓ મુખ્ય ડીરેકટેર તરીકે કામ કરે છે.

એમના ત્રીજાભાઇ શ્રી શાંતિલાલ બેચરદાસ પટેલ મુંબઇ અને ખંભાત બેઉ સ્થળે રહેછે. તેઓ પણ (૧) વિક્રમઇન્ડસ્ટ્રીઝ મુંબઇ (૨) શ્રી શાંતિલાલ એન્ડ કુંપની મુંબઈ વગેરે સ્થળેકામ કરેછે. તથા શ્રી રાજપ્રકાશ મીલમાં ડિરેકટર છે.

# સ્વ. શેઠ બુલાખીદાસ નાનાલાલ પટેલ



ખંભાતના ખારાપાટ વિસ્તારમાં નિવાશ કરતા અને સાડીઓના ખ્યાતનામ વેપારી શ્રી રણછોડદાસ પટેલને ત્યાં તા. ૨૮-૧૨-૧૯૧૪માં તેમનો જન્મ થયો હતો માતાનું નામ ચંચળબેન.

તેઓ શ્રી એ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ખંભાતમાં લીધું હતું. પછી શાળા છોડી પિતાના ધંધામાં તેઓ પડયા હતા. પિતાનો ધંધો સાડી મેન્યુફેકચર કરવાનો હતો તેઓએ ઘણી કુનેહ પ્રાપ્ત કરી અને મુંબઇ મહારાષ્ટ્ર અને કલકત્તા અને રામેશ્વર સુધી પ્રતિષ્ઠા જમાવી. ઘરને આંગણે તેમણે વણવા ના ઉદ્યોગને જાતિ દેખરેખ નીચે ખૂબ વિકસાવ્યો આથી આર્થિક પરીસ્થિતિ બહુ સંતોષજનક થઇ. તેઓ શાન્ત, નિષ્કપટી, વિચારક અને ઉદ્યમી હેવાથી સૌ કોઇનાં મન ઉપર સારી અસર ઉપજાવતા ખંભાતના શહેરીઓમાં સલાહકારક તરીકે તે ગણુવા લાગ્યા. તેઓ ખંભાત નગરપાલિકાના પ્રમુખ તરીકે સને ૧૯૫૪-૫૭ સુધી રહ્યા હતા. તેઓ ૨૧-૧-૭૦ સ્વર્ગવાસી થયા.

# સ્વ. કાજી બુરહાઉદ્દીન અમીરૂદ્દીન

ખંભાતનું નવાબી રાજ્ય હતું ત્યારે કાજી સાહેબ નું ઘણું કામ પડતું. રમજાનઈદ અને બકરીઈદ-બંને ઇદોમાં નમાઝ પડાવવાનું કામ તેમનું હતું; કદમે રસુલની સવારીમાં તેમને જવાનું હતું લગ્ન કરાવવાનું તેમનું કામ હતું. તેમને લગ્નનું દાપુ નક્કી કરેલું મળતું હતું તેમને ત્યાં નેકા તાલ્લાકીના ચોપડા રહેતા. બીજનો ચાંદ ઊગ્યાની ખબર સરકારમાં જાણ કરવી પડતી. સરકાર તરફથી તેમને સારો પગાર મળતો. તેમ કાજી સાહેબ ઉર્દુ શાળાના શિક્ષક તરીકે નોકરી કરતા હતા. મુસલમાનો તથા નવાબ સરકાર માં તે ઘણાં માનનીય પુરૂષ ગણતા. એક વખત ખંભાત મ્યું માં તેઓ સરકારી રાહે નિમાયા હતા.

# સ્વ. શેઠશ્રી બેચરદાસ ભાઈજીભાઈ

ખંભાતનું સ્વામિનારાયણ મંદિર હાલ જે છે. તેના બંધાવનાર સ્વ. શ્રી બેચરદાસ ભાઈજીભાઈ છે. તેઓએ મંદિર તથા શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી ધર્મભક્તિ. વાસુદેવનાં સ્વરૂપો (મૂર્તિઓ) પ્રતિષ્ઠિત કરી સત્સંગમંડળની અગાધ સેવા કરી છે. તેઓ શ્રી સને ૨૭–૨–૬૪ નારોજ અક્ષર નિવાસી થયા છે.

ખંભાતમાં પાટીદાર કોમમાં જન્મ થયો હતો. અને વણવાનો ધંધો કરતા હતા. તેઓના શુભ સંસ્કારોથી તેમની પ્રજા ઘણાં સારાં ધાર્મિક કામો અને કરે છે. અને મેન્યુફેકચર ઉદ્યોગ મોટા પાયા પર ચાલે છે. તેમના સુપુત્રો શ્રી શંકરલાલ, શ્રી બાલુભાઈ તથા શ્રી શાંતિલાલ છે. આ કુટુંબ કાપડ વણવાના ઉદ્યોગમાં ખંભાતમાં ઘણુંજ આગળ આવ્યું છે. અને જુદા જુદા નામથી લગભગ સાત કારખાનાં ચલાવે છે.

# શ્રી ભગવતીલાલ ડાહ્યાભાઈ રાવ

ખંભાતના જે યુવાનો છે તેમાં સાહસિક યુવાન તરીકે શ્રી ભગવતીલાલ તેઓએ ખંભાત છોડી પરદેશ જવાનું સાહસ કર્યું તેમાં તેઓ સફળ થયા. બાદ તેઓએ કુટુંબ સહિત વિશ્વના પ્રવાસે સને ૧૯૬૭માં નીકળ્યા આફ્રિકા, અમેરિકાને યુરોપનો પ્રવાસ કરી લંડન રહ્યા. તેઓ સ્વભાવે ઉદાર, કેળવણીને ઉત્તેજન આપનાર; તથા ધાર્મિક કાર્યોમાં આગળ પડતો ભાગ ભજવે છે. ઝવેરાતનો ઉદ્યોગ કરે છે. તેમાં તે ખૂબજ આગળ પડતા વેપારી છે. તેઓ મ્યુનિ.ના કાઉન્સીલર હતા. સ્વજ્ઞાતિની દરેક રીત ઘણી સારી સેવા કરે છે. નિરાભિમાની અને મળતાવડા સ્વભાવના છે.

## શેઠશ્રી ઝવેરી ભાવિનભાઈ મગનલાલ પટેલ



ખંભાતમાં પ્રસિદ્ધ ઝવેરીઓમાં શ્રી ભાવિનભાઇ ઘણા અગ્રપદે છે. તેમના પિતાશ્રી સ્વ. શ્રી મગનલાલ ગાંડાભાઈ બોરસદીના નામે ઓળખાતા હતા. તેઓ બર્મા બ્રહ્મદેશ વગેરે સ્થળે જતા અને ઝવેરાતનો વેપાર કરતા તેમના પગલે તેમના પુત્રો ચાલ્યા શ્રી ભાવિનભાઇ બહુ ઉદાર ચરિત છે, હિંમતવાન; વિવેકી અને વિદ્યાને ઉત્તેજન આપનારા છે, પિતાનું નામ જોડી તેમણે શ્રી મગનલાલ ગાંડાભાઈ બોરસદી એકાંકી નાટય સ્પર્ધા માટે એક શિલ્ડ-ખંભાત તાલુકા સાંસ્કૃતિક મંડળને અર્પણ કર્યો છે; તેથી પ્રતિ વર્ષે ખંભાતમાં એકાંકી નાટય સ્પર્ધા થાય છે; વળી તેમના નામથી એક પુસ્તકાલય ચલાવવામાં આવે છે કે જે વિદ્યાર્થી કોલેજમાં ભણતો હોય તેને આ પુસ્તકાલયમાંથી પુસ્તકો અપાય છે. આમ શ્રી ભાવિનભાઇ વિદ્યારસિક હોવાથી તેમનાથી વિદ્યાર્થીઓ અને સમાજને સારો લાભ મળે છે.

## શ્રીમતી ભીખુબેન ચંદુલાલ જલુંધવાળા

જન્મ ઈ સં. ૧૮૯૭

સ્વ. તા. ૮-૧-૬૨



તેમનો જન્મ ખંભાતમાં દશા શ્રીમાળી વણિક જ્ઞાતિમાં થયો હતો તેમના પિતાનું નામ શેઠ અંબાલાલ પ્રાણજીવનદાસ અને માતાનું નામ સૂરજ હતું.

સ્વ. શ્રી અંબાલાલની આર્થિક સ્થિતિ ઘણી નબળી હતી. પરંતુ ખંતીલા સ્વભાવથી તેઓ કોલસાના વેપારમાં ઘણું જ સારૂં દ્રવ્ય પ્રાપ્ત કર્યું તેમણે ખંભાત સ્ટેશન પર ખંભાતના દુઃખી જનોના આરોગ્ય માટે "સેનિટેરિયમ" બંધાવ્યું.

તેમના વારસ તરીકે શ્રી ભીખુબેન હતાં. તેમણે દુનિયાની ઘણી વખત સફરો કરી; અને ત્યાંથી સારી સારી વસ્તુઓ પોતે લાવ્યાં હતાં.

તેમણે ખંભાતને માટે ઘણી સખાવતો કરી છે,

૧. શ્રીમાળી વાણિયા (સ્વજ્ઞાતિના) ના કેળવણી ફંડમાં ૫૧૦૦૧ આપ્યા અને તે ઉપરાંત શાળાઓમાં વિદ્યાર્થીઓની ફી આપતાં

૨. ખંભાત સૂતિકાગૃહને રૂ. ૧૦૦૦૧નું દાન કર્યું.

૩. શાન્તાક્રુઝ હિન્દુ સ્ત્રીમંડળને રૂા. ૧૫૦૦૧નું દાન કર્યું.

૪. ક્ષયનિવારણમાં મુંબઈમાં રૂા. ૧૦૦૧ આપ્યા.

૫. એસ. એસ. સી. પરીક્ષામાં વધારે માર્કસથી પાસ થનારા ફંડમાં ૨૬૦૦ આપ્યા.

૬. શાન્તાક્રુઝ જનરલ હોસ્પિતાલમાં ૧૫૦૦૧ આપ્યા હતા. અને તે સાથે તેમનું નામ "ભીખુબેન જલુંધવાળા હોસ્પિતાલ" રાખવામાં આવ્યું હતું.

૭. ખંભાતમાં સાયન્સ કોલેજને રૂ. ૧૫૧૦૦૦ એક લાખ એકાવન હજાર આપી "શ્રીભીખુબેન ચંદુલાલ જલુંધવાળા" સાયન્સ કોલેજ નામ રાખવામાં આવ્યું

૮. ૧૦૦૦૦૦ સદ્દગત શ્રી ભીખુબેન ચંદુલાલ તરફથી તેમના ટ્રસ્ટીઓએ તા ૧૮-૭-૬૩ના રોજ ખંભાતની શ્રીદશાશ્રીમાળી વણિક વિદ્યોતેજક મંડળને ભણતા વિદ્યાર્થીઓને પાઠય પુસ્તકો મફત આપવા આપ્યા

૯. ૮૦૦૦ મહીલા સત્સંગ મંડળને મકાન માટે તેમના ટ્રસ્ટીઓએ આપ્યા.

૧૦. ૭૦૦૦ બેઠકની ઓરડીઓ પર મેડા નાખવા ટ્રસ્ટીઓએ આપ્યા.

૧૧. સારી રકમ— 'શ્રીમતિ ભીખુબેન ચંદુલાલ જલુંધવાળા' હાઈસ્કૂલ માટે તેમના ટસ્ટીઓએ જલુંધમા-જલુંધ કેળવણી મંડળને આપ્યા.

૧૨. ૮૧૦૦૦ ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણુ મંડળને **ખંભાતમાં ટીચર્સ ટ્રેનિંગ કોલેજ માટે (બી. એડ અને ટી ડી.ના કોર્સ માટે) તેમના ટ્રસ્ટમાંથી મળ્યા.**

૧૩. **'સુરજમહાલ'** મકાન ખંભાત ભગિની સમાજને તા. ૧૦-૧-૬૮ના રોજ અર્પણ કર્યો.

૧૪. અંગ્રેજી શિક્ષકોને શિક્ષણ માટે કોલેજમાં મોટી રકમનું દાન કર્યું.

તેઓશ્રી ધાર્મિક બાબતોમાં સારો રસ ધરાવતાં હતાં; તેમને કાંઈ પ્રજા ન હતી તેઓશ્રીનું અવસાન મુંબઈ-શાન્તાક્રુઝ વેસ્ટમાં પોતાના બંગલામાંતા ૮-૧-૬૨ના રોજ થયું ખંભાતની પ્રજાએ ઊંડા શોકની લાગણી પ્રદર્શિત કરી તેમના સ્વર્ગવાસ પછી તેમણે કરેલા ટ્રસ્ટ પ્રમાણે તેમના ટ્રસ્ટીઓએ રકમ આપી.

# શેઠ. શ્રી ભોગીલાલ કુબેરદાસ પટેલ

ખંભાતના વતની છે; રજપુતવાડે જતાં અંધારી શેરીમાં ઘર છે. જ્ઞાતિએ પટેલ છે. ધંધાએ ઝવેરી છે.

તેઓશ્રીએ કેળવણી ખંભાતમાં લીધેલી. પછી ઝવેરાતનો ધંધો શરૂ કર્યો; પછી તેઓ મુંબઈ ગયા મુંબઈમાં તે સારા નામાંક્તિ ઉદ્યોગપતિ તરીકે જાણીતા છે. ખંભાતના સુપ્રસિદ્ધ ઉદ્યોગપતિ શ્રી ચુનીલાલ ગિરધરલાલ એ તેમના પરમ મિત્ર હતા.

ખંભાતની ઉન્નતિ કરવામાં તેમનો સંપૂર્ણ સહકાર છે; તેઓએ ખંભાત હાઈસ્કૂલનો કબ્જો જયારે કેમ્બે એજ્યુકેશન સોસાયટીને સોંપવાની હીલચાલ શરૂ થઈ; તે વખતે અનામત રકમ મૂકવામાં નાણાંકીય તંગી હતી; તે પ્રસંગે તેઓશ્રીએ પોતાનાં પૂજ્ય માતુશ્રીના સ્મરણાર્થે પચાસ

હજારની રકમ સોસાયટીને અર્પણ કરી. આથી સોસાયટીના કાર્યકર્તાઓને ઘણી હિંમત આવી; આજે તેનાં ફળ આપણે જોઈ શકીએ છીએ.

સદ્‌ગત શ્રી ચુનીલાલ ગિરધરલાલની સાથે તેઓ ખંભાતની ઉન્નતિ કરવામાં સદાય સાથે રહેતા. શ્રી ચુનીભાઈના સને ૧૯૬૭માં અવસાન પછી ખંભાત હિંદુ મરચન્ટ બેંક તથા ધી કેમ્બે મેડીકલ રીલીફ સોસાયટી, ધી કેમ્બે એજ્યુકેશન સોસાયટી, તથા એસઝેડ-વાઘેલા હાઈસ્કૂલ ભોગીલાલ કે. સાયન્સ હોલ બાંધવા માટે રૂા. ૨૫૦૦૦નું દાન આપ્યું છે. બીજી સંસ્થાઓના તેઓ મુખ્ય કાર્યકર્તા થયા. મુંબઈમાં લોકસમાજમાં તથા બીજા સામાજીક કાર્યોમાં સારો ભાગ લે છે.

## સ્વ. શ્રી ભોગીલાલ નગીનદાસ શાહ

એમ. એ. એસ. ટી. સી. ડી.

તેઓ ખંભાતના વતની હતા. જ્ઞાતિએ જૈન હતા. તે સને ૧૯૧૦ થી સને ૧૯૩૯ સુધી ખંભાત હાઈસ્કૂલના આચાર્ય તરીકે રહ્યા હતા. તેમની ૨૮ વર્ષની લાંબી સર્વિસમાં હાઈસ્કૂલને ઊંચી લાવવા ઘણા પ્રયત્નો કર્યા હતા. ડ્રોઈંગ, બુક કીપીંગ કસરત, ક્રિકેટ વગેરે દાખલ કર્યું હતું. ઉર્દુ; ફ્રેન્ચ, સંસ્કૃત, અંગ્રેજી વગેરે ભાષાઓ શિખવવામાં આવતી હતી. એક સારા આચાર્ય તરીકે ખંભાતમાં ખ્યાતિ પામી ગયા છે. તેઓ ૮૧ વર્ષની વયે સને ૧૯૬૫માં ખંભાતમાં ગુજરી ગયા. તેઓનું મકાન કોઠીપાડામાં છે.

## સંસ્કૃત શાળા સ્થાપનાર દાનવીર સ્વ. શેઠ મગનલાલ હરગોવનદાસ પટેલ ભુજવાલા

સ્વર્ગ (ઈ. સ. ૧૯૩૬)

ખંભાતની પાટીદાર જ્ઞાતિના નામાંકિત ગૃહસ્થ કચ્છભૂજમાં ઊંચા હોદ્દાની નોકરી કરતા હતા. તેઓશ્રી નોકરીમાંથી નિવૃતથઈ પોતાની માતૃભૂમિ ખંભાતમાં પીઠના લત્તામાં આવેલ પોતાના મકાનમાં શેષ જીવન પસાર કરતા હતા. તેમના પત્નીનું નામ વીજકોરબાઈ હતું. આ પતિપત્ની બેઉ ધર્મપરાયણ હતા. ખભાતમાં રહી તેઓ પ્રજાના કલ્યાણાર્થે પોતાની લક્ષ્મીનો સદુપયોગ કરતા. તેમણે વાવ,કુવા વગેરે સુધારાવ્યાં, તેમ નવા કરાવ્યાં; પરબડિયો વગેરે બંધાવી જેમણે કરેલા દાનની વિગતો નીચે પ્રમાણે

(૧) ૧૦૦૦૦ દસહજાર ધી કેમ્બે એજ્યુકેશનસોસાયટી ને "વીજકોર બાઈભૂજવાળા સ્ત્રીશિક્ષણવર્ગ માટે આપ્યા.

(૨) ૧૫૦૦૦ પંદરહજાર બ્રાહ્મણોના બાળકોને સંસ્કૃત ભણવા માટે રહેવાની સગવડ સાથેની સંસ્કૃત પાઠશાળા કાઢી

(૩) ૧૮૨૪ ગોસાઈજીની બેઠકમાં (ખંભાત) આપ્યા

(૪) ૨૦૦૦ ખંભાતમાં નવનિત પ્રિયાજીના મંદિરમાં પારણા માટે આપ્યા

(૫) ૧૫૦૦ ખંભાતમાં હરીકૃષ્ણના મંદિરમાં થાળ ધરાવવા માટે આપ્યા.

(૬) ૩૦૦૦૦ ત્રીસહજાર રૂપિયા ખરચીને ડાકોરમાં 'વિજયાભુવન' નામે ધર્મશાળા બંધાવી.

(૭) ૧૦૦૦૦ દસહજાર રૂપિયા ડાકોરમાં ત્રીકમરાયજીનાં મંદિરમાં ચાંદીના કમાડ તથા

સુખસૈયા કરાવવા આપ્યા.

(૮) ૮૯૬૫ ખંભાત હાઇસ્કૂલમાં ભણતા લેવા પાટીદાર કિલ્લાના વિદ્યાર્થીઓ માટે આપ્યા.

(૯) ૧૫૦૦ શિકોતર માતા આગળ કુવો કરાવ્યો.

(૧૦) પટેલભુવનમાં પુસ્તકાલય શરૂકર્યું

(૧૧) લાલ દરવાજેથી બેઠક સુધી ઇલેક્ટ્રીક ના થાંભલા નાખીને લાઇટની જોગવાઇ કરી.

(૧૨) એક ચાંદીનોરથ ગોસાંઇજીની રથ યાત્રામાં વાપરવા આપવાની સેવા કરી છે. એક લાખ ઉપરાત રૂપિયા દાનમાં વાપર્યા છે.

સ્વ. શેઠ મગનલાલ સને ૧૯૩૬માં અને શ્રી વિજકોરબેન તા ૧૫-૯-૩૮માં સ્વર્ગવાસી થયાં. તેમના ટ્રસ્ટીઓ તેમના કરેલા કામપર દેખરેખ રાખેછે

# શ્રી મહાસુખભાઈ ભાઇચંદભાઇ શાહ

ખંભાતના જે પ્રસિદ્ધ ઝવેરીઓ મુંબઈમાં વસે છે તેમાં તેમની ગણતરી થાય છે. તેઓ જ્ઞાતિએ જૈન છે; પોતાના વતનને તે ભૂલતા નથી. ખંભાત એજ્યુકેશન સોસાયટીના તેઓ સભ્ય છે; અને ગવર્નીંગ બૉડીમાં ઘણા વર્ષો સુધી કામ કર્યું છે. ખંભાત જનરલ હોસ્પિતાલ ઊભી કરવામાં; ખંભાતમાં ભગિની સમાજ ઊભી કરવામાં; તેમનો ઘણો ફાળો છે; પિતા નાનાલાલ ભાઈચંદના નામથી તેમણે હોસ્પિતાલને દાન આપ્યું છે; સ્વજ્ઞાતિને પણ તેઓ ભૂલ્યા નથી. તેઓ કેળવણીને ઉતેજન આપનાર હોવાથી વિધાર્થીઓને પણ સારી મદદ કરે છે. ધાર્મિક બાબતોમાં પણ તે ઉદારતા દર્શાવે છે.

# કૈસરેહિંદ સ્વ. મણિલાલ જુગલદાસ હાંડીવાળા જે. પી

( અવસાન ૧૬-૫-૩૬ )

ખંભાતના જાણીતા મોઢવણિક જ્ઞાતિના હતા. જેવાતે ધનાઢય હતા તેવા તે ઉદાર પણ હતા. તેઓની પ્રતિષ્ઠા ઘણી હતી. તેઓશ્રીને કૈસરેહિંદ ખિતાબ મળ્યો હતો. ખંભાતની પ્રજાની કેળવણીના વિચારકોમાંના તેઓ એક હતા. અને "ધી કેમ્બે એજ્યુકેશન સોસાયટી" સ્થાપના કરનારમાંના એક હતા. તેઓએ ઘણી સખાવતો કરી છે.

૧ રૂા. ૧૨૦૦૦ પોતાના પિતા "જુગલદાસ જગન્નાથ ના નામથી બજારથાં એજ્યુકેશન સોસાયટીનું મકાન બંધાવી આપ્યું ઇ. સ. ૧૯૨૦

૨ રૂા. ૨૨૦૦૦ સ્ટેશન પાસે પિતાના સ્મરણાર્થે "શેઠ જુગલદાસ જગન્નાથ જીમખાનાનું મકાન બંધાવી આપ્યું ઇ. સ. ૧૯૨૦

૩ રેલસંકટ (સં. ૧૯૮૩) માં ફંડમાં સારી રકમ આપી.

૪ રૂ. ૫૦,૦૦૦ બનારસયુર્નિસીટીમાં આપ્યા.

ખંભાતની પ્રજામાં તથા સ્વજ્ઞાતિમાં વિદ્યાર્થીઓને તેઓ સારૂં ઉત્તેજન આપતા. તેઓ ખંભાતની ઉન્નતિમાં સારો ભાગ ભજવતા. ખંભાતની પહેલી મીલ સ્ટેશન પાસે ની ઉદ્દઘાટન વિધિનું ભાષણ

તેમણે કરેલું. એટલે તેઓ મીલના ડાયરેકટર હતા. તેઓશ્રીનો મુંબઈમાં વસવાટ વધારે હતો. અને શેર બજારના સિંહ ગણતા. વિદ્યાવિલાસી અને બાહોશ વેપારી તરીકે તેમણે સારી કીર્તિ મેળવી હતી. તા ૧૬-૫-૩૬ના રોજ રાત્રે એકા એક હૃદયબંધ પડી જવાથી મરણ પામ્યા. તે દિવસેતેમના પુત્રનાં લગ્ન હતાં.

# શ્રી મણીલાલ કીલાભાઈ

## (લોખંડવાળા)

ખંભાતમાં વડવા આશ્રમ ની વિ. સં. ૧૯૭૨ માં સ્થાપનાથઇ આ ક્ષેત્રને નિવૃતક્ષેત્ર કે તીર્થક્ષેત્ર શ્રીમદ્ રાજચંદ્રજીના સ્મારકથી બનાવવામાં આવ્યું છે. આ માટેનો અથાગ પરિશ્રમ સ્વ. શ્રી કીલાભાઈ ગુલાબચંદે કર્યો છે. તેઓ શ્રીમદ્‌રાજચંદ્રના સમાગમી હતા. તેમના પુત્ર શ્રી મણીલાલ પણ એક બાહોશ વેપારી છે. તેઓ મુંબઇમાં લોખંડનો ધંધો કરેછે; ખંભાતમાં લોંકાપરીમાં તેમનું ઘર છે. એક પ્રતિષ્ઠત સજ્જન અને ઉદાર પુરૂષ છે. શ્રીમદ્ રાજચંદ્ર ની અર્ધી શતાબ્દિ–વિ. સ. ૨૦૨૨ના આસો સુદ૧૫ શરદ પૂર્ણિમાં ૫૦ વર્ષ પૂરા થાય છે-તેઓ પ્રમુખ સ્થાને હતા. તેમની શહબરીથી ઉત્સવ ઉજવાયો હતો જે પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે સૌરાષ્ટ્રના શ્રી ઢેબરભાઈ પધાર્યા હતા.

# સ્વ. શેઠ મણિલાલ હરિલાલ

## ( શ્રી રસિકલાલ, શ્રી જયંતિલાલ, શ્રી કાંતિલાલ અને બિહારીલાલ )

ખંભાતના દશા શ્રીમાળી વણિક જ્ઞાતિના અનાજના મોટા વેપારી શ્રી મણિલાલ હરિલાલ (હુલામણાનું નામ ભાણાભાઈ) હતું. તેઓ ખંભાતમાંજ અનાજ, ગોળ, ખાંડ, તેલ વગેરેનો જથાબંધ વેપાર કરતા. તેઓ બહુ મિલનસાર, વિવેકી અને ખંભાતનું હિત ધરાવનાર હતા. તેઓના પુત્રોએ દક્ષિણમાં કોઈમ્બતુર શહેરમાં વેપાર ખેડયો. અને સારો લાભ મેળવ્યો; પિતાના અવસાન પછી તેમના પુત્રોએ જુની મંડાઈની કન્યાશાળા જે જુની હતી તે નવી બાંધી આપી ઉપર ઘણા હોલ વધારી કન્યાશાળાનું અદ્યતન મકાન બંધાવ્યું. આ કન્યાશાળાનું નામ "**સ્વ. શ્રી મણિલાલ હરિલાલ પ્રાથમિક કન્યાશાળા**" નામ આપવામાં આવ્યું. અને લગભગ સીત્તેર હજારની રકમ ખરચી



આ મકાન તા. ૧૩-૩-૬૫ ના રોજ ઉદ્‌ઘાટન વિધિ કરી ખંભાત તાલુકા પંચાયતને સોંપવામાં આવ્યું.

# શ્રી મહેન્દ્રભાઈ ભાઈદાસ

ખંભાતના વતની અને સુપ્રતિષ્ઠિત નાગરિક શ્રી ભાઇદાસ નાનાલાલ શાહના સુપુત્ર શ્રી મહેન્દ્રભાઇ કે જેઓ મુંબઈમાં રૂનો વેપાર કરે છે. તેમણે ખંભાતને કેમ્બે હોસ્પિતાલમાં રૂ. ચાલીસ હજારની રકમ–દરદીઓના સંબંધીઓને માટે ઊઠવા બેસવાનું આરામગૃહ બાંધવા માટે આપ્યા. સને ૧૯૬૨ તેઓ ખંભાતના મોઢ વાણિયા છે.

# શ્રી મંગળભાઇ નાથાભાઈ પટેલ



( શ્રી નાથાભાઇ તળશીભાઈ કુમારશાળા તારાપુર બાંધનાર ) ( તા. ૩-૧૦-૫૭ રૂા. ૬૨૦૦૦ )

ખંભાત તાલુકાના તારાપુર ગામે તા. ૩૦-૧૦-૫૭ વિજયા દશમીને દિવસે શ્રી નાથાભાઇ તળશીભાઇ કુમારશાળાનું ઉદ્‌ઘાટન ધારાસભ્ય ના. નવાબ સાહેબ હુસેનયાવરખાનના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

આ શાળા શ્રી મંગળભાઈ નાથાભાઈએ પોતાના પિતાશ્રીના નામે બંધાવી આપી. તેમાં રૂા. ૬૨૦૦૦ જેટલો ખર્ચ થયો છે. સત્તર ઓરડાવાળી આ ભવ્ય ઇમારત ઘણીજ ઉપયોગી નિવડી છે. તેઓ તારાપુરના પાટીદાર છે. બાહોશ વેપારી છે.

# સ્વ. શ્રી માણેકલાલ ચુનીલાલ વકીલ કાંટાવાલા

બી. એ; એલ. એલ. બી.

વીસમી સદીમાં ખંભાતમાં વકીલ તરીકે સ્વ. શ્રી માણેકલાલ કાંટાવાળાનું નામ ઘણું જાણીતું હતું. તેમના ધંધામાં તે ઘણા બાહોશ ગણાતા હતા. તેઓ પોતાના ધંધા ઉપરાંત ધાર્મિક કામોમાં સારો રસ ધરાવતા હતા. તેઓએ ખંભાતમાં સાબળી પોળ સામે શ્રીહરિ હર નિવાસ બંધાવીને ભક્તિભાવનું મૂર્તસ્વરૂપ આપ્યું છે. હરિહર નિવાસમાં સ્ફટિકનાં શિવ–પાર્વતી–પોઠિયો વગેરે કીંમતી મૂર્તિઓ બનાવરાવી છે. તે ઉપરાંત માતાપિતા, ઋષિ મુનિયો, બીજા દેવો વગેરેની પ્રતિમાઓ મૂકી આર્યસંસ્કૃતિનાં દર્શન કરાવ્યાં છે. સાધુસંતોને ઉતરવાની ધર્મશાળા બંધાવી છે; એ તેમની કાયમની યાદગીરી છે. તેમના પુત્રો શ્રી રમણલાલ માણેકલાલ કાંટાવાળા મુંબઇમાં મહારાષ્ટ્ર રાજ્યમાં હાઇકોર્ટના ન્યાયાસન પર હતા અને શ્રી કાંતિલાલ માણેકલાલ કાંટાવાળા ગુજરાત રાજ્યના મુખ્ય એંજિનિયર છે. માણેકલાલભાઇનું આખું કુટુંબ કેળવણીમાં પ્રખ્યાત છે. શ્રી વકીલ ઉત્તર ખંડની યાત્રા પણ કરેલી; તેમ વેદાંત વિષય 'વિચારસાગર' વગેરે પુસ્તકોના અભ્યાસી હતા. તેઓ જ્ઞાતિએ શ્રીમાળી વણિક છે.

## શ્રી માણેકલાલ મગનલાલ દુધારા

બી. એ. (ઓનર્સ); વિશારદ, વિનીત, કોવિદ

જાણીતા સાહિત્યકાર શ્રી ઇન્દ્ર વસાવડની પ્રેરણાથી સને ૧૯૫૦માં સાહિત્યક્ષેત્રે તેમણે પદાર્પણ કર્યું છે. અને મિત્ર ડૉકટર દેવેન્દ્રપ્રસાદ નર્મદાશંકર ભટ્ટ. એલ. એમ. પી; ડી. એ. એસ. એફ (ઓમ્બે;) બી. એ. ની સાથે સંયુક્ત નામે લગભગ ૧૦૦ જેટલા લેખો, અનુવાદિત અને મૌલિક વાર્તાઓ એકાંકી નાટિકાઓ લખ્યાં છે; અને તે ગુજરાત સમાચાર સંદેશ, જનસત્તા, નૂતન ગુજરાત જન્મભૂમિ પ્રવાસી મુંબઈ સમાચાર, અખંડઆનંદ, ચાંદની, જનકલ્યાણ શારદા, વીણેલામોતી, જાગૃતિ વગેરે સામાયિકોમાં છપાયાં છે. તેમની એકાંકી નાટિકા રેડીયો પર પણ ભજવાઇ છે; અને કલામંડળો એ પણ ભજવી છે. ખંભાતમાં સાહિત્ય સભાના મંત્રી તરીકે પણ તેમણે લાંબા સમય સુધી કાર્ય કર્યું છે. જ્ઞાતિના કેળવણીના પ્રશ્નોમાં તેઓ સારો રસ લે છે.

## વકીલ શ્રી મણીલાલ એફ. શાહ

મૂળ વતન તારાપુર (ખંભાત તાબે) પ્રાથમિક માધ્યમિક શિક્ષણ ત્યાં લીધું. સને ૧૯૪૩ માં બી. એ. થયા. પછી અમદાવાદમાં એમ. એ. એલ. એલ બી. નો અભ્યાસ કર્યો. સને ૧૯૪૭ માં ખંભાતમાં વકીલાત શરૂ કરી. ખંભાત શહેરની જાહેર સેવા માટે સેવાસંઘમાં જોડાયા. સને ૧૯૫૧ માં તથા ૧૯૬૭ માં ખંભાત નગરપાલિકાના સભ્યપદે ચુંટાયા. (૧૯૭૪)માં મ્યુનિ.માં વાઇસ પ્રેસિડેન્ટ છે. ખંભાત સાર્વજનિક મંડળના સભ્ય છે આ સિવાય વેપારી મંડળના પણ સભ્ય હતા. ઘણી સંસ્થાઓમાં તેઓશ્રી વ્યવસ્થાપક કમિટિના સભ્ય છે



સાર્વજનિક કાર્યોમાં રસ ધરાવે છે. બાહોશ વકીલ તરીકે પ્રખ્યાત છે.

## શ્રી માણેકલાલ ભગવાનદાસ ઝવેરી

ખંભાતના વતની અને મુંબઈમાં ધંધાર્થે વસતા શ્રી માણેકલાલ ભગવાનદાસ ખંભાતમાં પ્રખ્યાત માણસ છે. તેઓ ધંધાના વિકાસ અર્થે સને ૧૯૬૧ માં પોતાનાં પત્ની પાર્વતી તથા પુત્ર ઝવેરી ભદ્રિકલાલ સાથે ૨૬-૩-૬૧ના રોજ વિમાનદ્વારા યુરોપના દેશોમાં ફ્રાન્સ જર્મની, સ્વી. ઝરલેન્ડ વગેરે દેશોમાં ફર્યા હતા. તેઓશ્રી ઝવેરાતના ધંધામાં આગળ પડતા વહેપારી છે.

### શ્રી રજની પારેખ આર્ટ્સ કોલેજના દાતા.

# સ્વ. શ્રી માણેકલાલ મોહનલાલ પરીખ

ઈ. સ. ૧૯૦૯–૧૯૬૭

ખંભાતમાં કોલેજ કાઢવા માટે સૌથી પ્રથમ દાન આપનાર સદ્‌ગૃહસ્થ શ્રી માણેકલાલ મોહનલાલ પરીખ છે. તેમના શુકનવંતાદાનથી ખંભાતમાં કોલેજો સ્થાપાવાનાં મંડાણ થયાં એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

ખંભાતમાં પીતાંબર રામજીની શરાફની પેઢી ઘણી નામાંક્તિ અને જુની ગણાય છે. હવે તો શરાફી ધંધો બંધ કર્યો છે. આ પેઢીમાં થયલા શ્રી માણેકલાલ, શ્રી ચીમનલાલ કાંતિલાલ તથા શ્રી અમૃતલાલ વગેરે ઘણા ધાર્મિક, પરોપકારી; સદ્‌વૃતિવાળા અને પ્રભુપરની શ્રદ્ધાવાળા, છે.

શ્રી માણેકલાલનો જન્મ તા. ૨૦–૭–૧૯૦૯ ના રોજ ખંભાતમાં થયેલો. તેમના પિતાનું નામ મોહનલાલ, અને માતાનું નામ પ્રસન્નબા. તેઓ જ્ઞાતિ એ પાટીદાર છે; તેમણે પ્રાથમિક કેળવણી ખંભાત માં લીધી.

તેઓશ્રીએ ધંધાની શરૂઆત મુંબઈમાં કરી, પ્રથમતો ઇન્ટરનેશનલ કેલેન્ડર્સ કોરપોરેશનની સ્થાપના કરી, જુદા જુદા પ્રકારના કેલેન્ડરો છાપવા માંડયાં ત્યાર બાદ તેમણે બ્રેઝબે દીન પ્રિન્ટર્સનું કામ શરૂ કર્યું, જેમાં તેમને ઘણી જ સફળતા મળી; વળી ધંધાને ખીલવવા યુરોપના દેશોનો પ્રવાસ કર્યો છે.

સ્વ. શ્રી ચીમનલાલભાઈ પણ ખંભાતના ઘણાં સાર્વજનિક કામોમાં ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લેતા હતા. ખંભાતમાં નેત્રયજ્ઞ થયેલો; તેમાં તેમણે સારી સેવા બજાવેલી; પ્રજામંડળમાં તેઓ અગ્રગણ્ય હતા; સાર્વજનિક હાઈસ્કૂલ (હાલ નથી) કાઢવામાં પણ તેમણે ફાળો આપ્યો હતો. તેમજ ધાર્મિક નાનાં મોટા કાર્યોમાં તેઓ રસ ધરાવતા હતા. ખંભાત મ્યુ માં પણ તે સભ્ય હતા તેમજ જનરલ હોસ્પિ-તાલમાં પણ વ્યવસ્થાપક કમિટિમાં હતા.

આ કુટુંબ વિદ્યાના કામમાં તથા ધાર્મિક કામમાં સારો રસ ધરાવતું છે. શ્રી માણેકલાલભાઈ ને શ્રી રજનિકાન્ત નામે એક પુત્ર હતો તે નાની વયમાં અપંગ થયો હતો તે ૧૬–૧૭ વર્ષની વયે સ્વર્ગવાસી થયો તેના પ્રત્યે તેમને ખૂબ પ્રેમ હતો તેનું નામ કાયમ રાખવા "**શ્રી રજનિ પારેખ આર્ટ્સ કોલેજ–ખંભાત**" માટે રૂા ૮૧૦૦૦ એકાશી હજારનું દાન આપ્યું. જે કોલેજ આજે ખંભાતમાં ઇ. સ. ૧૯૬૦ના જુનની ૧૫ મી તારીખથી શરૂ થઈ છે.

શ્રી ચીમનલાલભાઈ તા. ૨–૩–૬૪ના રોજ ગુજરી ગયા તથા શ્રી માણેકલાલભાઇ તા. ૫–૭–૬૭ ના રોજ સ્વર્ગવાસી થયા આ કુટુંબે માદળાના તળાવ ઉપર ગુપ્તેશ્વર મહાદેવનું એક શિવાલય સને ૧૯૬૮ના અરસામાં બંધાવ્યું છે.

# શ્રી પટેલ માણેકલાલ ઠાકોરલાલ

પિતાનું નામ ઠાકોરલાલ અને માતાનું નામ પાર્વતીબેન. જન્મ ખંભાતમાં થયો હતો. જ્ઞાતિએ લેવા પાટીદાર. પત્નીનું નામ હીરામણીબેન. કેળવણી પ્રાથમિક શાળામાં લીધી હતી. વ્યવસાયે ઝવેરાતનો ધંધો સ્વીકાર્યો હતો. માણેક વગેરે ઝવેરાત ઘસવાનો ઘણાં વર્ષો સુધીનો જાતિ અનુભવ લીધો; અને ઉચ્ચ કક્ષાનું જ્ઞાન મેળવ્યું; તથા ધંધાકીય કારીગરી; ઉચ્ચ પરીક્ષા અને અનુભવમાં તે અનુપમ જ્ઞાન ધરાવે છે. ખંભાતના વિકાસમાં તેઓ જાહેર રીતે નહિ પણ મૂક રીતે કામ કરે છે. જનરલ હોસ્પિટલ, પાંજરાપોળ તથા બીજી સંસ્થાના વિકાસમાં તેઓ સહાયક બન્યા છે. અને વિદ્યાને ઉત્તેજન આપે છે.

# શ્રી માધવલાલ ભાઈલાલ શાહ

તેઓ ખંભાતના વતની છે. નાગરવાડામાં તેમનું ઘર છે. જ્ઞાતિએ તેઓ નાગરવણિક છે. તેમનો જન્મ ઈ. સ. ૧૯૦૪ માં થયો છે. તેઓએ બી. એ. સુધીની કેળવણી લીધી છે. તેમનાં પત્નીનું નામ વીરમતી.

સને ૧૯૨૫ માં નાર ગામમાં શિક્ષક તરીકે પ્રથમ વ્યવસાય શરૂ કર્યો. પછી વડોદરા હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે ગયા. સને ૧૯૨૮ માં તેઓ ગાંધી આશ્રમ–અમદાવાદમાં જોડાયા. ત્યાં શિક્ષક તરીકે શરૂઆતમાં કામ કર્યું; સને ૧૯૩૦ માં ગાંધીજીની દાંડીકૂચ યાત્રામાં માધવલાલ સૈનિક તરીકે જોડાયા. સત્યાગ્રહી તરીકે તેમણે યરવડા જેલ ભોગવી છે. જેલમાંથી છૂટયા પછી તેઓ જનસેવાનાં કામોમાં જોડાઈ ગયા હતા. અને નાનાંમોટાં અનેક કામોમાં તેઓ અગ્રપદે રહ્યા છે. સહકાર પ્રવૃત્તિમાં તેમનો મોટો ફાળો છે.



ખંભાત રાજ્યની વચગાળાની સરકાર સને ૧૯૪૭ માં રચાઈ હતી; તેમાં તે પ્રધાનપદે હતા. સને ૧૯૪૮ માં ખંભાત રાજ્યનું વિલીનીકરણ થયું. ત્યાર પછી તે પાછા ખેડા જિલ્લામાં ગયા.

સને ૧૯૫૨ ધારાસભાની પ્રથમ ચૂંટણીમાં તે ઊભા રહ્યા હતા અને બહુમતીથી ચૂંટાઈને આવ્યા હતા. અને ત્યાર પછી બીજી એક વખત ચૂંટાઈને આવ્યા હતા. સને ૧૯૬૭ ની ચૂંટણીમાં તે ચૂંટાયા હતા અને ગુજરાતના નાયબ પ્રધાન તરીકે તે હતા. સને ૧૯૭૨ ની કોંગ્રેસ ચૂંટણી વખતે તેઓ શાસક કોંગ્રેસમાં જોડાયલા હતા અને તેમાં તે વિજયી થવાથી ગુજરાત વિધાનસભામાં ગયા.

ખંભાતની કદરદાન પ્રજાએ આ સમાજસેવકનું

બહુમાન કર્યું છે. એક વખતે તેમને રૂા. ૧૧૦૦૦) ની થેલી અર્પણ કરી છે; અને બીજી વખતે ફંડ એકઠું કરી તેમાંથી બેઠક રોડ ઉપર "શ્રી માધવલાલ શાહ હાઇસ્કૂલ" – ખંભાત" સને ૧૯૭૨ માં શરૂ કરવામાં આવી છે. વળી તેમનો ષષ્ઠીપૂર્તિ મહોત્સવ સને ૧૯૬૮ માં ખૂબ દબદબાથી ઉજવાયો હતો અને "શ્રી માધવલાલ શાહ ષષ્ટિપૂર્તિ અભિનંદન ગ્રંથ" નામે એક દળદાર ગ્રંથ પ્રકાશીત કરવામાં આવ્યો છે; આમ આ ખંભાતના આજીવન લોકસેવકનું ખંભાતની પ્રજાએ તેમનું બહુમાન કરી; પોતાનું ઋણ અદા કર્યું છે.

# શ્રી મૂળચંદભાઈ પૂંજાલાલ પટેલ

પિતાનું નામ પૂંજાલાલ ભાઈલાલ પટેલ છે. માતાનું નામ કમળાબેન છે. જ્ઞાતિએ પટેલ છે. મેટ્રીક સુધીનો અભ્યાસ કર્યો છે. તેમનો જન્મ તા. ૧૦-૧૨-૩૧ છે. વ્યવસાયે અકીકનો વેપાર કરે છે. ધાર્મિક વૃત્તિ વિશેષ છે. માતાપિતાએ તેમને ધાર્મિક વૃત્તિના સંસ્કારો આપ્યા છે. તેઓ સ્વભાવે નિખાલસ છે. ઉદાર છે. ઘણી જુની પેઢી ગણાય છે. આફ્રિકા અને અમેરિકામાં પણ તેમનો માલ જાય છે. વિદ્યાને ઉત્તેજન આપનાર છે. ખંભાતનાં સંસ્કૃતિક અને ધાર્મિક કામોમાં તેઓ સારો રસ ધરાવે છે.

# સ્વ. શ્રી મૂળચંદદાસ ઉમેદરાય સોમપુરા

ગુજરાતના મંદિર સ્થાપત્યના એક આગેવાન મિસ્ત્રી–સોમપુરા શ્રી મૂળચંદદાસ ઉમેદરાય પ્રાચીન શૈલીનાં મંદિર સ્થાપત્યના ઘણા નિષ્ણાત હતા. તેમણે ગુજરાત ઉપરાંત, ઉત્તરપ્રદેશ, પંજાબ વગેરે વિભાગોમાં થઈને લગભગ ૧૦૦ ઉપરાંત મંદિરો બાંધ્યાં છે. તેઓ સ્થાપત્ય કલામાં ઘણા નિપૂણ હતા. ખંભાતના સોમસુરા પ્રાચીન કાળથી વિખ્યાત છે; પ્રાચીન શિલ્પકળાને અર્વાચીન પદ્ધતિએ આયોજિત કરી સ્વતંત્ર નિર્માણ કરતા તેઓ ખંભાતમાં તા. ૮-૧૨-૬૪ મરણ પામ્યા.

શેઠ શ્રી મૂળચંદભાઈ ગિરધરભાઇ પ્રસૂતિગૃહના સ્થાપક ૧૫૫૦૫૧ દાન

# શેઠ મૂળચંદભાઈ ગિરધરભાઈ પટેલ

જન્મ ઈ. સ. ૧૮૬૬ અવસાન ઈ. સ. ૧૯૩૯





ખંભાતની પાટીદાર જ્ઞાતના જે જે દાનવીરોએ ખંભાતની સેવા બજાવી છે તેમાં સ્વ. શ્રી મૂળચંદભાઈ ગિરધરભાઈનો સમાવેશ થાય છે. તે સેવાઓ ખંભાતની પ્રજા કદી ભૂલી શકે તેમ નથી. ખંભાતમાં પ્રસુતિકાગૃહની ઘણી અગત હતી; સ્ત્રીઓને ગર્ભાવસ્થાનાં કષ્ટસાધ્ય દર્દો માટે બોરસદ કે અન્ય સ્થળે જવું પડતું; અને તેમાં ઘણીજ હેરાનગતિ ભોગવવી પડતી; આ હેરાનગતિમાંથી બચવા ખંભાત શહેરના અગ્રણીઓએ 'ખંભાત સુતિકાગૃહની' વિ. સં. ૧૯૯૯ના વિજ્યા દશમી તા. ૮–૧૦–૪૩ ના દિવસે ખંભાતમાં ઊંચી શેરીમાં ભાડાના મકાનમાં સ્થાપના કરી; અને તેનું ઉદ્દ્ગાટન ખંભાતના ના. નવાબ હુસેનયાવરખાન સાહેબે કર્યું.

આ પ્રસુતિગૃહમાં સ્વ. શેઠશ્રી મૂળચંદભાઈની ઈચ્છાનુસાર તેમનાં પત્નીશ્રી મણિબેનની પ્રેરણા પ્રમાણે તેમના સુપુત્ર શ્રી આશાચંદ્રભાઈએ પેઢીના શ્રી મહાસુખભાઈની સહાનુભૂતિથી રૂા. ૧૫૫૦૫૧નું પ્રસુતિગૃહને દાન કર્યું. અને "શેઠશ્રી મૂળચંદભાઇ ગિરધરભાઈ પ્રસૂતિગૃહ" એ નામથી આ પ્રસૂતિગૃહ ખંભાત જનરલ હોસ્પિતાલમાં ચાલે છે.

જનરલ હોસ્પિતાલ નામ તો પાછળથી આપવામાં આવ્યુ, પરતું તેની શરૂઆત આ પ્રસુતિગૃહથી જ થઇ; જેનો 'રજત મહોત્સવ' તા. ૧૦–૨–૬૮ના રોજ જનરલ હોસ્પિતાલમાં ઉજવવામાં આવ્યો, આ પ્રસંગે સ્વ. મૂળચંદભાઈ ગિરધરલાલની અર્ધી પ્રતિમા દવાખાનાના પ્રાંગણમાં ગુજરાતના પંત પ્રધાનશ્રી હિતેન્દ્રભાઇ દેશાઈના હાથે ખુલ્લી મૂકવામાં આવી.

પાટીદાર કોમને ઉજ્જવળ કરનાર અને ખંભાની કીર્તિને વધારનાર શ્રી મૂળચંદભાઇ ઇ. સ. ૧૮૬૬માં ખંભાતમાં જન્મેલા નાનપણમાંથી અનેક પ્રકારનાં કાષ્ટો વેઠી, ગૃહની જવાબદારી વહોરી; જીવનનું ઘડતર તેમણે ઘડયું હતું; ખંભાતની પ્રજાના દુઃખો નિવારવાની વૃત્તિ તેમનામાં હતી;

આથી પ્રજાનાં જે જે કામો આવે તેમાં તેઓ સાથ આપતા ઘણાંમાં તેઓ જાતે જોખમ વહોરી લેતા.

તેઓશ્રીએ ઝવેરાતનો ધંધો સ્વીકારેલાં હોવાથી તેઓ તે માટે માંડલે ગયા. વેપારમાં પ્રભુએ તેમને સારી મદદ કરી. તેઓએ મુંબઇમાં ૧૯૧૯માં પેઢી શરૂ કરી. અને સને ૧૯૨૨માં શ્રી નાનાભાઈ ભાઈચંદ શાહ સાથે ભાગીદારીમાં પેરીસ (ફ્રાંસમાં) પેઢી શરૂ કરી; પ્રભુકૃપાએ તેમનામાં અનેક ઘણું બળ પ્રાપ્ત થયું. તથા લક્ષ્મી અને કીર્તિ પ્રાપ્ત થયુ. તેમના પુત્ર આશચંદ્ર પણ પિતાની ઉજ્જવળ કીર્તિને જાળવવી રાખી છે ખંભાતના વિકાસ કામોમાં તેઓ સારો રસ ધરાવે છે; અને એક સદ્‌ગૃહસ્થ તરીકે ખંભાતમાં તેમણે સારી કીર્તિ જમાવી છે; મુંબઇ અને બીજા સ્થળોએ તે તેઓ વેપાર કરે છે.

# સ્વ. શેઠ મૂળચંદભાઈ બુલાખીદાસ

ખંભાતના જૈનવણિકમાં ઉદ્યોગપતિ શેઠ મૂળચંદભાઇ પ્રખ્યાત છે. તેઓ મુંબઇમાં મોટા કાપડના વેપારી છે. તેઓની દુકાનો સિલોન, બરમા, મદ્રાસ, મુંબઇ વગેરે મોટાં શહેરોમાં છે. જૈનધર્મનાં કાર્યોમાં તેઓ સારો પૈસો ખરચે છે. તેમના પુત્રના લગ્ન પ્રસંગે (સને ૧૯૩૭) માં પંચગઢની રચના કરી હતી. જેમાં મોટી રકમ ખરચી હતી. આ પ્રસંગે સૂરી સમ્રાટ આચાર્યશ્રી વિજયનેમિ સૂરીશ્વર પધાર્યા હતા.

# સ્વ. શેઠશ્રી મૂળચંદભાઈ ડાહ્યાભાઈ દલાલ

તેમનો જન્મ ઈ. સ. ૧૮૯૨ માં થયો હતો. તેઓએ મેટ્રીક સુધીનું શિક્ષણલીધું હતું. પછી તેઓ મુંબઈ ગયા. તેઓ વિવિધ પેઢીઓનો અનુભવ લીધો. શેરબ્રોકર બન્યા. સને ૧૯૪૦ માં સ્ટોક એક્ષચેંજના તેઓ ડાયરેકટર બન્યા. પોતાના વ્યવસાય ઉપરાંત તેઓ સામાજિક કાર્યોમાં તથા ધાર્મિક અને કેળવણીમાં ઘણો રસ લેતા. ખંભાતની જૈન શાળાની કમીટીના સભ્ય હતા ધી કેમ્બે એજ્યુકેશન સોસાયટીના પેટ્રન હતા. અને ત્યારબાદ ૧૯૫૦ માં ચેરમેન હતા. તે ૧૯૫૫-૫૬ સુધી રહ્યા. કેમ્બે હાઈસ્કૂલનો હીરક મહોત્સવ તેમના સમયમાં ઉજવાયો. તેઓ મીલનસાર સ્વભાવનાને, નિખાલસ હતા હાઈસ્કૂલ શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને પ્રિય થઈ પડયા હતા. તેઓનું તા. ૨૧-૧-૬૭ ના રોજ ખંભાત મુકામે અવસાન થયું. તેઓ જ્ઞાતિએ જૈન હતા.



# મુસ્લિમ એ મંહમદી

ખંભાતમાં દીવાસળીનો ઉદ્યોગ શરૂ કરનાર શ્રી મુસ્લિમ એ મંહમદી હતા. ઘણા વર્ષો સુધી ખંભાતમાં પ્રથમ દીવાસળીઓ તેમના કારખાનામાં બનતી હતી; ઘણાં કુટુંબોને તેથી રોજી મળતી હતી. પરંતુ કેટલાંક કારણોસર તે મોટાં કારખાનાં બંધ થયાં. ફરી ચાલુ કરવા પ્રયત્ન કર્યા પણ તેમાં તે ફાવ્યા નહિ.

શ્રી મુસ્લિમભાઈ ઘણા વર્ષો સુધી ખંભાત મ્યુ. ના સભ્યપદે હતા. તેઓ કેટલાક સમયથી મુંબઇમાં રહેતા, પછી ખંભાત આવ્યા હતા. રોટરી કલબના સભ્ય હતા. તેઓ સ્વભાવે મિલનસાર અને માયાળુ હતા. તેમનું તા. ૩૧-૭-૬૦ ના રોજ ૫૮ વર્ષની વયે અવસાન થયું. તેઓ ખંભાતના અગ્રગણ્ય નાગરિક હતા.

### શત્રુંજય ઉપર જૈનદહેરાં (મોતી શાહની ટુંક) બંધાવનાર ખંભાતી

# શેઠ મોતીચંદ અમીચંદ શાહ

શત્રુંજય જૈનોનું મહાન તીર્થ છે; આ તીર્થમાં "મોતીશાહની ટુંક" બંધાવનાર શ્રી મોતીચંદે પોતાના નામ જોડે ખંભાતનું નામ સદા જવલંત રાખ્યું છે.

મોતીશાહના પિતા અમીચંદ સાકરચંદ ખંભાતના વતની હતા. અને ખંભાતમાં રહી ધંધો કરતા; પરંતુ પૂરતી કમાણી નહિ થવાથી તેઓ મુંબઈ ગયા; તેઓ ખૂબ પ્રમાણિક હતા; મહેનતુ હતા. પ્રભુએ તેમને એ ગુણોનો બદલો આપ્યો. એક વેપારીની દુકાન તેમને મળી ગઈ; તેમની કીર્તિ વધી.

તેમના પિતાનું નામ અમીચંદ હતું; ને માતાનું નામ રૂપવતી (રૂપબાઈ) હતું. તેમનો જન્મ વિ. સં. ૧૮૩૮ માં થયો હતો. તેઓ ઝાઝું ભણ્યા નહતા. પરંતુ પિતાની ચાલતી દુકાન તેમણે સંભાળી લીધી. ચીન સાથે કાપડ અને અફીણનો વેપાર શરૂ કર્યો તેમના ભાગીદારોમાં સર જમશેદજી જીજીભાઈ જેવા મોટા બુદ્ધિશાળી વેપારી હતા. મોતીચંદ પાસે ૬૦૦ થી ૧૦૦૦ ટનનું એક એવાં ૪૦ જહાજોનો કાફલો હતો. તેમનાં જહાજો પૂર્વમાં ચીન સુધી અને પશ્ચિમમાં યુરોપ સુધી જતાં. એ યુગમાં-વિક્રમની ઓગણીસમી સદીમાં-મોતીચંદ હિંદી મહાસાગરનો "સમર્થ રાજા" કહેવાતો.

મુંબઈમાં પાંજરાપોળ કાઢવાનું માન તેમને ફાળે જાય છે. પિતાને નામે ૧૮૧૨૫ રૂ આપેલા તથા તેનાં મકાનો લેવા માટે ૯૩૬૦ આપેલા. આ સંસ્થા ઊભી કરવામાં લગભગ સીત્તેર હજાર રૂા. ઊભા કરેલા; તેમના સાથમાં સર જમશેદજી જીજીભાઈ હતા.

શેત્રુંજય ઉપર દહેરાં બંધાવવામાં તેમણે લાખ્ખો રૂા. ખર્ચ્યાં છે. જેનું વર્ણન કરતાં પાનાં રોકાઈ જતાં હોવાથી તેને અટકાવું પડે છે. લગભગ વીસ લાખનો ખર્ચ કર્યો હશે; પરંતુ મનુષ્ય ધારે છે કંઈક અને ઈશ્વર કરે છે બીજું; તેઓ મંદિરની પ્રતિષ્ઠા કરવા ન પામ્યા અને વિ. સં. ૧૮૯૨ ના ભાદરવા સુદ-૧ ને રવિવારે દેવશરણ થયા

તેમના પછી તેમના પુત્ર ખીમચંદ અને તેમનાં પત્ની ગુલાબબાઈએ મુંબઇથી પાલીતાણા સુધી સંઘ લઈને ગયા; અને સારી ધામધુમથી સં. ૧૮૯૩ માં પ્રતિષ્ઠા કરી.

ટુંકમાં મોતીશાહનાં ધાર્મિક કામો આ પ્રમાણે છે.

૧ મોતીશાહે મુંબઇમાં ભાયખલામાં સં. ૧૮૮૫ માં માગશર સુદ–૬ ને શુક્રવારે આદીશ્વરની પ્રતિમા પધરાવી.

૨ મુંબઇમાં પાંજરાપોળ શરૂ કરી સં. ૧૮૯૦ માં તેમાં મોટા હિસ્સો તેમનો છે.

૩ પાલીતાણામાં સં. ૧૮૮૭ માં ધર્મશાળા બંધાવી.

૪ શત્રુંજય ઉપર સં. ૧૮૮૮ માં આરંભ કરી કુંતાસરની ખીણ પૂરી તે ઉપર મધ્યમાં મોટું દહેરૂં બાંધ્યું. તેમનો સ્વર્ગવાસ થવાથી તેમના પુત્ર ખીમચંદે સં. ૧૮૯૩ માં પ્રતિષ્ઠા કરી અને " **મોતીશાહની ટુંક** " નામ આપ્યું. તેમાં સાત લાખ રૂ. ખર્ચાં.

ખીમચંદ વિ. સં. ૧૯૨૫ માં ૬૫ વર્ષની વયે મરણ પામ્યા.

મોતીશાહ એ ઓસવાળ જ્ઞાતિના જૈન હતા. એમ કહેવાય છે કે મોતીચંદના વડીલો અસલ પાલી ( મારવાડ ) માં વસતા હતા. ત્યાંથી તેઓ ગુજરાતમાં આવ્યા; સોજીત્રામાં વસવાટ કર્યો હતો. ત્યાં મોતીશાહે એક દેરાસર પણ બંધાવ્યું હતું. તે લોકો પછી ખંભાત રહેવા આવેલા. અને કડાકોટડી–જુની મંડાઈમાં તેઓ રહેતા; કડાકોટડીમાં પણ તેમણે એક મંદિર બંધાવ્યું છે એવી હકીકત ચાલે છે. ખંભાતીઓએ આવા એક ધનાઢય, નામાંકિત પુરુષ માટે ગર્વ લેવો રહ્યો.

## મોતીલાલ બેચરદાસ પટેલ



તેમના પિતાનું નામ બેચરદાસ બાપુજી પટેલ માતાનું નામ જોઈતીબેન તેમનો જન્મ ખંભાતમાં ૧૯૨૭માં થયો હતો. પ્રાથમિક શાળાંત સુધીનો અભ્યાસ કર્યો હતો. વ્યવસાયે ઝવેરાતનો ધંધો સ્વીકાર્યો છે. તેઓ વિદ્યાને ઉત્તેજન આપવાની વૃત્તિવાળા છે. ધાર્મિક કામો તરફ હાથ લંબાવે છે. ભાવના ઘણી સારી રાખે છે. કુટુંબભાવના ઘણી સારી રાખે છે.

## સ્વ. જોષી રવિશંકર પ્રભાશંકર

આ જોષી ખેડાવાળ બ્રાહ્મણ હતા. કપાસી પોળમાં તેમનો નિવાસ હતો. જ્યોતિષ શાસ્ત્રમાં, કર્મકાંડમાં તેઓ નિષ્ણાત હતા. પાછલા સમયમાં નવન્યાત બ્રાહ્મણો " ની તેના પ્રમુખ થયા હતા.

# સ્વ. પા. રણછોડલાલ ગિરધરલાલ

ખંભાતની પાટીદાર કોમમાં તેમનો જન્મ થયો હતો. તેમનું મકાન ત્રણ દરવાજા પાસે ગિમટીમાં છે. તેમનો જન્મ તા. ૮–૧૨–૧૮૭૧ માં ખંભાતમાં થયેલો. તેઓ સને ૧૮૮૯ માં મેટ્રીક થયા. પછી મેડીકલ કોલેજનું ૧ વર્ષ ભણ્યા.

વડવાઓનો અફીણનો ધંધો ચાલતો હતો. જર્મનીમાંથી અફીણ મંગાવી માલ વેચતા. તે પેઢીમાં તેઓ ૨૦ વર્ષની ઉંમરે બેઠા. પેઢીમાં વહોરાની ભાગીદારી હતી. દિવસે દિવસે તેમની હોશિયારી વધતી ચાલી. પેઢીમાંથી છૂટા થઈ જુદી પેઢી કાઢી. એક આરબ સાથે સંબંધ થયો. તેનાથી તેમનો ધંધો આગળ વધ્યો; અને ઇશ્વરકૃપાથી તેમાં તે સારૂ દ્રવ્ય કમાયા. ઇંગ્લાંડના અફીણના વેપારીએ તેમનું નામ પોતાના પુસ્તકમાં લખ્યું છે. આ ધંધામાં તેમણે લાંબી જીંદગી કાઢી અને દેશપરદેશ આબરૂ મેળવી.

બીજી લડાઇ શરૂ થઈ; ત્યારે સીનેમાનાં મશીનોની એજન્સી રાખવામાં આવી. આખા હિન્દુસ્તાનની એજન્સી મળવાથી તેમાં સારો લાભ મળ્યો. તેમના પુત્રોએ અફીણનો ધંધો પડતો મૂકી મશીનોની મોટી દુકાનો મુંબઇમાં કાઢી છે. તેમનાં પુત્રપુત્રીઓ સારાં કેળવાએલાં છે અને નવા વિચારો ધરાવે છે." [૧]

---

૧ લેખક જાતે તેમને ખંભાતમાં મળેલા અને તેમની પાસેથી હકીકત મેળવેલી. ન. ચં. ભટ્ટ

જૈન રત્ન શેઠશ્રી

# શેઠ શ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફ

ખંભાતના સુપુત્રને ખંભાતની વીશા શ્રીમાળી જૈન સમાજના ધર્મપ્રેમી શ્રી છગનલાલ કસ્તુરચંદની પેઢીને દીપાવનાર શ્રી રમણલાલ દલસુખભાઈ છે. ખંભાતમાં અમરચંદ પ્રેમચંદનું કુટુંબ ધર્મકાર્ય માટે પ્રખ્યાત છે. તેમના વંશમાં થયલા શ્રી પોપટભાઇ અમરચંદે ખંભાતમાં વિખ્યાત જીરાબાપાડાનાં મોટાં જૈન દેરાસર; કે જે લાખોની કીંમતનાં છે. તેને વિ. સં. ૧૯૫૬–૧૯૬૩ સુધી જાતિ દેખરેખ રાખી બંધાવ્યાં છે. અલબત્ત ધનની મદદ બહારના જૈન ભાઈઓ તરફથી થઇ છે; પરંતુ આ મહાન કાર્યની પાછળ રહેલી કાર્ય શક્તિએ તેમની કીર્તિ અમર બનાવી છે. તેમના ભાઈ છગનલાલ અમરચંદ પણ તેવાજ ધર્મપ્રેમી: ઉદાર અને કાર્યદક્ષ હતા. તેમના પુત્ર બાબુભાઇ છગનલાલ પણ પોતાના પૂર્વજોના પંથે ચાલનારા છે. શ્રી રમણલાલ દલસુખભાઇ મુંબઈમાં છગનલાલ કસ્તુરચંદની પેઢીનું કામકાજ સંભાળે છે; પરંતુ તે જૈન સમાજના



ધર્મકાર્યમાં, ખંભાતની ઉન્નતિના પાયામાં ખંભાતની જનરલ હોસ્પિતાલ, લોક સમાજ મુંબઈ; તથા બીજી અનેક સંસ્થાઓના તે પ્રાણ સમા છે. સને ૧૯૪૮ માં તેમને જે. પી. નો ઈલ્કાબ સરકાર તરફથી મળ્યો હતો. ખંભાતના સ્વ શેઠશ્રી કેશવલાલ લલ્લુભાઈના પ્રમુખપણા નીચે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું તે પ્રમાણે મહારાષ્ટ્ર સરકાર તરફથી સને ૧૯૬૯ માં જે. પી. નો માનવંતો ખિતાબ મળ્યો હતો. તે પ્રસંગે ખંભાત નગરપાલિકાના પ્રમુખશ્રી રણજીતરાય શાસ્ત્રીના પ્રમુખપદે મુંબઈમાં ઉજવાયો હતો. તેમના હાથે જૈન તત્વજ્ઞાનના ગ્રંથનું ઉદ્ઘાટન અમદાવાદમાં થયું હતું. તેઓશ્રીનો ઘણો મોટો ફાળો જૈનસમાજમાં; હોવાથી તેમને "જૈનરત્ન" ના નામથી વિખ્યાત છે.

ખંભાતનાં સાર્વજનિક કામોમાં તેમનો ઘણો હિસ્સો છે. જનરલ હોસ્પિતાલમાં રૂા. ૧૫૦૦૧ તથા બીજા સાર્વજનિક કામોમાં નાનીમોટી ઘણી રકમો આપી પોતાની ઉદારતા દાખવી છે. આજે ખંભાતના નામાંકિત, ઉદાર; અને ધર્મના પ્રભાવક પુરુષોમાં તે અજોડ ગણાય છે.

## શ્રી રમણલાલ માણેકલાલ કાંટાવાળા

ન્યાયાધીશ–મુંબઈ

ખંભાતના સુપ્રતિષ્ઠિત સ્વ. માણેકલાલ ચુનીલાલ વકીલના તે પુત્ર થાય. તેઓ શ્રીમાળી વણિક છે. તેઓને મહારાષ્ટ્ર સરકારે મુંબઈમાં ન્યાયાધીશ તરીકે સને ૧૯૬૨માં નીમણુંક કરી હતી. ખંભાતમાં વસતા સજ્જનોને આ ગૌરવ અપાવે તેવો પ્રસંગ છે. મુંબઈમાં તેમનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. ત્યારે તેમણે કહ્યું હતું કે "આ સઘળુ માન મારા કુટુંબને છે. તેટલુંજ ખંભાતને છે."

## શ્રી રણજીતરાય ગંગાશંકર શાસ્ત્રી. બી. એસ. સી.



પૂર્વનું પ્રારબ્ધ પુણ્યદાયી હોય અને તેમાં પ્રચંડ પુરૂષાર્થ તથા અડગ આત્મવિશ્વાસ મળે એટલે વિજયદેવી વરમાળા આરોપવા ઉત્સુક બને. આવું જ ખંભાતના ઇતિહાસમાં શ્રી રણજીતભાઇ માટે બન્યું છે. કોઇને કલ્પના પણ નહિ હોય કે ગુજરાતના પાટનગરના પ્રવૃત્તિમય જીવનમાંથી વિરામ લેવા, શાંતિનો શ્વાસ લેવા, ખંભાતને આંગણે આવેલ આ નવયુવકના પ્રારંભમાં પ્રવૃત્તિઓની હારમાળા રૂપે નગરપાલિકાનું પ્રમુખપદ અને તે દ્વારા વિનિયન વાણિજ્ય, વિજ્ઞાન, શિક્ષણ, ગૃહવિજ્ઞાન, સંશોધન, પ્રયોગશાળા, મ્યુનિસિપલ જ્યુબીલી હાઇસ્કૂલ, લોકોલેજ, ફાર્મસીકોલેજ જેવી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓનું અવિષ્કરણ; ગુજરાત

યુનિવર્સિટીની સેનેટ અને સિન્ડિકેટની કાર્યવાહી, ગ્રામ્ય વિસ્તાર; કોલેજ સંચાલિત સમિતિની સ્થાપના, ખંભાત તાલુકા સાંસ્કૃતિક મંડળનું ઉપાધ્યક્ષપદ, નૂતન કલા મંડળની સ્થાપના રેલ્વે પેસેન્જર્સ એસોસીએશનની સ્થાપના, વેપારી મહામંડળની સ્થાપના વગેરે અનેકવિધ જવાબદારીઓ આવી પડશે.

જોકે તેઓમાં નેતાપદ જન્મગત છે પ્રાથમિક શાળાથી માંડી કોલેજ સુધીના સમયમાં તેઓ રમત ગમત તથા અનેક વિધ પ્રવૃત્તિઓમાં મોખરે રહ્યા છે. તેમજ વિદ્યાર્થીઓને સહાયભૂત રહ્યા છે ઉપરાંત અમદાવાદની નાનીમોટી પ્રવૃત્તિઓ જેવી કે શેરીસમાજ, પ્રદર્શન વિભાગ, શ્રમયજ્ઞો વગેરેમાં તેઓ સેક્રેટરી તરીકે કામ કરતા; ગુજરાત યુનિ.માં એક્સટર્નલ પરીક્ષા આપવાની જોગવાઇ કરાવી. અને તે એમ. એ. સુધી લંબાવવાનો પ્રયાસ કર્યો. ખંભાતમાં એક્સટર્નલ વર્ગો શરૂ કર્યા અને તેમાંથી કોલેજ સ્થાપનાનું સ્વરૂપ પકડયું.

ગુજરાત યુનિવર્સિટીમાં ૩૧ વર્ષની વયે વિજ્ઞાન વિભાગમાં સને ૧૯૫૫માં બીન હરીફ ચુંટાયા ત્યાર પછી સને ૧૯૬૦, ૧૯૬૫ અને ૧૯૭૦માં એમ ચાર વખત ચુંટાયા. આજ તેમનું વિશાળ જ્ઞાન અનુભવ દેખાઇ આવે છે.

પ્રત્યેક પદાર્થ કે ભુમિનું પ્રારબ્ધ જાગે છે ત્યારે ધરતીમાતા પોતે, એને અનુરૂપ વ્યક્તિને, પોતાની ગોદમાં ખેંચી લાવે છે, એમના હાથે ખંભાતની કાયાપલટ કરાવવાનો યશ આપે છે. એમની યશકલગીની ગાથાઓ બોલે છે. તેઓશ્રીના પુરુષાર્થ અને દાતાઓના ઔદાર્ય ઉદધિથી ખંભાતમાં (૧) શ્રી રજની પારેખ આર્ટસ કોલેજ, ઈ.સ. ૧૯૬૦ (૨) શ્રી ભીખુબેન ચંદુલાલ સાયન્સ કોલેજ ઈ.સ. ૧૯૬૧ (૩) શ્રી કેશવલાલ બુલાખીદાસ કોમર્સ કોલેજ ઇ. સ. ૧૯૬૪ (૪) શ્રી બાપુલાલ હરજીવનદાસ કેમીકલ રીસર્ચ લેબોરેટરી સને ૧૯૬૪ (૫) શ્રી મ્યુનિસિપલ જ્યુબિલિ હાઇસ્કુલ (૬) શ્રી મોહનલાલ વખતચંદ ગ્રંથાલય (૭) શ્રીમતી ભીખુબેન જલુંધવાળા શિક્ષણ કોલેજ ૧૯૬૮ (૮) શ્રી શાંતાબેન માણેકલાલ ગાંધી ગ્રહ-વિજ્ઞાન વિભાગ (૯) શ્રી મોહનલાલ નારણદાસ ફાર્મસી કૉલેજ (૧૦) શ્રી ચીમનલાલ વાડીલાલ લૉ કોલેજ (૧૧) શ્રી ચુનીલાલ મુળચંદ એસેમ્બલી હૉલ વગેરે કેળવણીનાં ક્ષેત્રો સ્થપાયાં અને તેથી ખંભાતની જનતાને આર્થિક તથા શિક્ષણ ક્ષેત્રોમાં મહામૂલો લાભ થયો છે.

તેઓ શિક્ષણ ઉપરાંત શહેરના આરોગ્યના પ્રશ્નો તરફ પ્રયત્ન આદરી રહ્યા છે. " માણેકલાલ લલ્લુભાઈ પ્રસુતિગ્રહ સને ૧૯૭૦ " ની સ્થાપના તેમના પ્રયાસને આભારી છે. તેમજ ક્ષયના દવાખાનાની પણ સ્થાપના કરાવી છે.

વળી કોઈ આગંતુક સહેલાણી ફરવા જાય તે માદળાના તળાવ તથા બાગ આકર્ષણનું ધામ છે. સ્નાનાગાર સૌનું મન ખેંચે છે. પાણીની સગવડો, લાઇટો, ગટરો, બાલમંદિરો, વગેરે અનેક પ્રકારનાં સુખો આપવાની તેમની અથાગ શક્તિ છે.

ખંભાતના ઔદ્યોગિક વિકાસ માટે પણ પુરૂષાર્થ કરેલો, ખંભાતમાં મોટાં મોટાં કારખાનાં નાખવા માટે તેમના પ્રયાસો હતા.

તેઓ સમસ્ત શ્રીગૌડ સમાજના અધ્યક્ષ ચૂંટાયા છે. તેઓના વડવા સદગત શ્રી બાપા શાસ્ત્રીએ અઢાર હજાર શ્રીગૌડ બ્રાહ્મણોને પોતાને આંગણે નિમંત્રણ કરેલો અને મોટી કીર્તિ સંપાદન કરેલી, તેમ તેમના પિતા ગંગાશંકરે પણ શ્રીગૌડ જ્ઞાતિનું અધિવેશન ખંભાતમાં બોલાવેલું. આમ તેઓ સમસ્ત ગુજરાત અને મહાગુજરાતમાં ખૂબ નામાંકિત વ્યકિત તરીકે જાણીતા છે.

શ્રી રણજીતભાઈ કર્તવ્યનિષ્ઠ છે. તેઓ સને ૧૯૬૨ની ગુજરાતના ખંભાતના મત વિભાગમાંથી ૨૬૦૧૩ મતે ધારા સભામાં ચુંટાઇને આવ્યા હતા.

ત્યાં પાંચ વર્ષ સુધી સારી રીતે કામ બજાવ્યું હતું.

ખંભાતમાં તેલ અને ગેસની પ્રાપ્તિ થવાથી તે માટે ઇજનેરો, મેનેજરો, ઉદ્યોગપતિઓ, પ્રધાનો, મહેમાનો, ધારાસભ્યો વગેરે જોવા આવતા; તો તે સઘળાને તેમની યોગ્યતા પ્રમાણે મ્યુ. તરફથી સન્માન કરી ખંભાત મ્યુ.ની તથા ખંભાતની પ્રતિષ્ઠા વધારી છે.

સને ૧૯૫૮માં અમદાવાદના ખાંભી સત્યાગ્રહ વખતે તેઓ એક ટુકડીની આગેવાની લઇ અમદાવાદ જેલમાં ગયેલા અન્યાય સામે તેઓ અડીખમ ઉભા રહે છે. નિડરતા એ તેમનો મોટો ગુણ છે.

રાતદિવસ કામ કામને કામ, ધારાસભામાં હત ત્યારે રોજ ખંભાતથી અમદાવાદ જાય; પાછા રાતે આવી ખંભાતનું કામ આટોપે. જેને ખોરાક થઇ પડયો છે એવા, તે કર્તવ્ય નિષ્ઠ છે. નગરપાલિકાના પ્રમુખપદે સને ૧૯૫૮થી ચાલુ છે.

ધાર્યું તે પાર પાડવાની શકિત અજબ છે; એક વાતને વળગી રહી તે માટે અથાગ પરિશ્રમ વેઠી તેને પાર પાડવુ એ તેમનો દીક્ષામંત્ર છે.

ખંભાતમાં માટે તન અને મનથી સઘળું કરી છૂટનાર; વતન માટે અખંડ અને અમુલ્ય ભોગ આપનાર છે. કોઇ વ્યકિત હોય તો તે એમ સૌ કોઇને લાગ્યા વગર રહેશે નહિ.

# શેઠ શ્રી રમણલાલ વજેચંદ

શ્રી રમણલાલના પિતાશ્રીનું નામ વજેચંદ અને માતાનું નામ ચંદનબેન. તેઓ જ્ઞાતિએ ખંભાતના જૈનવણિક છે; તેઓનું મૂળ વતન ખંભાત તાલુકાનું નાનું ગામડું ખાખસર હતું. ત્યાં તેમના પિતા કાપડની દુકાન ચલાવતા; ત્યાંથી તેઓ ખંભાત આવ્યા. ને વસવાટ કર્યો, નાની ઉંમરમાં પિતાશ્રી ગુજરી જવાથી શ્રી રમણલાલને માથે જવાબદારી આવી પડી, તે તેમણે કાપડનો કપાસનો વગેરે ધંધા કરીને ઉપાડી. પરંતુ તેમાં તે જોઇએ તેટલું ફાવી શકયા નહિ. આપબળે તે આગળ વધવા અમદાવાદ ગયા. ને ત્યાં કાપડનો વેપાર શરૂ કર્યો. કુદરત તેમની તરફેણમાં ઉતરી; ને તેમાં તે મોટા વિજયી બન્યા. અમદાવાદમાં કાપડ ઉદ્યોગમાં તેમણે ઘણીજ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી.

તેમનાં પત્નીનું નામ મંગુબેન. તેમને ત્રણ પુત્રો થયા. ને પુત્રીઓ થઇ. તેમાં મોટા અને આશાસ્પદ પુત્ર વિનોદકુમાર યુવાન વયમાં અવસાન પામ્યા. તેમના સ્મરણાર્થે ખંભાતમાં જીરાળાપાડામાં "વિનોદકુમાર રમણલાલ સાર્વજનિક



દવાખાનું" તા. ૧૮-૮-૧૯૬૧ શરૂ કર્યું. તેમના પુત્રપુત્રીઓ સારી કેળવણી પામ્યાં છે.

તેઓ ધાર્મિક બાબતમાં સારો રસ લે છે. વિ. સં. ૨૦૧૦ માં આયંબીલની ઓળી વખતે સારો ખર્ચ કર્યો હતો. વળી ખંભાતમાં શ્રી તપાગચ્છ અમર જૈનશાળાના ઓ. સેક્રેટરીનું કામ તેમણે

ઉપાડી લીધું છે. અને મોટા જૈન ઉપાશ્રય બાંધવાનું કાર્ય તેમનાજ હસ્તકથી ચાલે છે. અનેક સ્થળે અમદાવાદની તથા ખંભાતની સંસ્થાઓમાં તે સલાહકાર અને સેવા આપનાર ગૃહસ્થ છે. વળી ખંભાતની બેઠક ઉપરની હાઈસ્કૂલ બાંધવા માટે તેમણે તે સ્થળની જમીન ખંભાત એજ્યુકે. સો. ને મફત આપી. અમદાવાદ કાપડ મહાજનના તેઓશ્રી મંત્રી છે.

## શ્રી રસિકલાલ કરસનદાસ પારેખ

પિતાનું નામ કરસનદાસ નારણજી : માતાનું નામ રામકુંવરબેન, પત્નીનું નામ તારામતી, મૂળ વતન રાજકોટ, જન્મ તારીખ ૫-૧૦-૧૯૨૮; જ્ઞાતિએ જૈન વાણિયા (દશા). કેળવણી મેટ્રિક સુધી; મુખ્ય વ્યવસાય ઝવેરાતનો.



શ્રી રસિકલાલ જયપુરની મશહૂર પેઢી મેસર્સ આર. વી. દુર્લભજીમાં મુખ્ય કાર્યકર્તા તરીકે કેટલાય વર્ષો સુધી કામકાજ કરતા હતા. અને ધંધાને અંગે તેમને વારંવાર ખંભાત આવવું પડતું. સને ૧૯૫૮માં તે પેઢીમાંથી તેઓ છૂટા થયા; અને સ્વાશ્રયથી તેઓએ ખંભાતમાં રસિકલાલ કે પારેખ નામથી ઝવેરાતનો ધંધો શરૂ કર્યો અને ધંધાને અંગે તેઓ બર્મા, બેંગકોક શિંગાપોર, હોંગકોંગ વગેરે દેશોનો પ્રવાસ સને ૧૯૬૧ ને સને ૧૯૬૮ માં ખેડયો હતો. એકસપોર્ટ અને ઈમ્પોર્ટમાં સારા પાયા પર તેઓ ઝવેરાતનું કામકાજ કરી રહ્યા છે અને ખંભાતમાં નામાંકિત ઝવેરી તરીકે તેમણે કીર્તિ પ્રાપ્ત કરી છે. ધાર્મિક કાર્યોમાં તેઓ ઘણો રસ લે છે.

## શ્રી રમણિકલાલ કરસનદાસ દલાલ

ખંભાતના દશા શ્રીમાળી વણિક જ્ઞાતિના. તેમનું પ્રાથમિક શિક્ષણ ખંભાતમાં શરૂ થયું હતું. મુંબઈની બી. કોમ,ની ડીગ્રી લીધી. પછી વધુ અભ્યાસ અર્થે સને ૧૯૨૨માં લંડન ગયા. પછી તેમણે મુંબઈમાં ચાર્ટડ એકાઉન્ટન્ટનો ધંધો શરૂ કર્યો. તેઓને અધ્યાત્મ બાબતોમાં બહુ રસ હતો. અંગ્રેજી દ્વિમાસિક કાઢતા.

# શ્રી રસિકલાલ ચુનીલાલ કાપડિયા

ખંભાતના સુપ્રતિષ્ઠિત અને કાપડના મોટા વેપારી કે જેઓશ્રીની મુંબઈમાં ફોર્ટમાં કાપડની મોટી દુકાન છે; તે શ્રી રસિકલાલે પોતાના પિતાશ્રી "ચુનીલાલ મૂળચંદ કાપડિયા સભાગૃહ" કોલેજમાં બાંધવા માટે રૂ. ૫૧૦૦૧ એકાવન હજાર એકની સખાવત જાહેર કરી છે. જ્ઞાતિએ જૈન છે.



# શ્રી રસિકલાલ ચુનીલાલ શાહ

ઈ. સ. ૧૯૫૧માંખં. મ્યુ. ની ચૂંટણી પુખ્ત મતાધિકારના ધોરણે કરવાનું સરકારે નક્કી કર્યું; શ્રી રસીકલાલ મ્યુનિ.ના મેમ્બર તરીકે ચૂંટાયા હતા. શ્રી મામલતદારના પ્રમુખપણા નીચે ખં. મ્યુ. ના હોલમાં જુનાનવા સભ્યો એકત્ર થયા. તેમાં સર્વાનુમતે શ્રી રસિકલાલ ચુનીલાલ શાહને પ્રમુખ તરીકે અને શ્રી ફેઝલમીયાં નુરમીયાં સૈયદને ઉપપ્રમુખ તરીકે ચૂંટી કાઢ્યા હતા.

શ્રી શાંતિલાલ મગનલાલે પોતાના હોદ્દાનો ચાર્જ શ્રી રસિકલાલને સોંપ્યો. શ્રી રસિકલાલ જ્ઞાતિએ મોઢ વાણિયા છે. વ્યવસાયે દવાની દુકાન હતી, પાછળથી તેઓ મુંબઈમાં વ્યવસાય માટે ગયા.

ઠે. ધનજીશાની પોળ–ખંભાત

# શ્રી રસિકલાલ નગીનદાસ સાડીવાળા

ખંભાતના કોઠીપાડામાં અને પીઠના સુતારવાડામાં રહેનાર શ્રી રસિકલાલ નગીનદાસ આપબળે સાડીઓના વેપારમાં અગ્રગણ્ય છે. તેમના પિતાશ્રી પણ તે ધંધો કરતા પરંતુ તેમના ગયા પછી ભાઈ રસિકલાલે આપબળથી આ ધંધાને ખૂબ વીકસાવ્યો. તે હાથ શાળના સંચા નાખ્યા છે. તેઓએ સારૂં જ્ઞાન પ્રાપ્ત કર્યું છે; ખંભાત મ્યુ. માં સભ્ય હતા. અને ખંભાતના એક સન્નિષ્ઠ, ઉદાર ચરિત અને પ્રતિષ્ઠિત પુરુષ તરીકે ગણાય છે. સામાજીક અને ધાર્મિક કાર્યોમાં સારો રસ લે છે.

# શ્રી રત્નકાંત ઈંદ્રલાલ લાલાજી

જજ–મેજીસ્ટ્રેટ–ફર્સ્ટ ક્લાસ

શ્રી રત્નકાંતનો જન્મ તા. ૧૧–૨–૨૮ ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ ઈંદ્રલાલ જેઠાલાલ છે. જ્ઞાતિએ તેઓ ગુર્જર વણિક છે. તેઓએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ખંભાત હાઈસ્કૂલમાં લીધું હતું. પછી તેઓ મુંબઈની સેંટ ઝેવિયર કોલેજમાં બી. એ. પાસ થઇ ગવર્નમેન્ટ લો કોલેજમાં અભ્યાસ કરી એલ. એલ. બી. થયા. અને મુંબઇમાં એક કાયદાની પેઢીમાં કામ કર્યું; પછી મુંબઈની હાઈકોર્ટ; સીટી સીવીલ અને સ્મોલ કોઝ કોર્ટ વગેરેમાં વકીલાત કરી; પછી સને ૧૯૬૩ માં ગુજરાત સરકારે તેમની ભાવનગર ખાતે સીવીલ જજ એન્ડ જ્યુડીસીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ તરીકે નિમણુંક કરી; ત્યારબાદ તલાજા, ગણદેવી, સંખેડા વગેરે જુદે જુદે સ્થળે બદલી થઇ હતી. પછી મોડાસામાં જજ તરીકે કામ કરે છે.

# સ્વ. શેઠ લલ્લુભાઈ ચુનીલાલ મેચીસવાળા તથા સ્વ. મગનલાલ ચુનીલાલ મેચીસવાળા

ખંભાતના દશા શ્રીમાળી શ્રી લલ્લુભાઈ ચુનીલાલ મેચીસવાળાનું નામ ઘણું જાણીતુ છે. તેઓશ્રીએ ખંભાત જનરલ હોસ્પિતાલમાં 'એક્સરે' નું મોટી કીંમતનું મશીન લાવી આપી; ખંભાતની જનતાને ઘણો લાભ આપ્યો છે.

વળી તેઓએ પોતાની જ્ઞાતિના બાળકો માટે "મેચીસવાળા ટ્રસ્ટ" કરી ફી તથા પાઠયપુસ્તકો આપવાની યોજના કરી છે; તથા સ્કોલરશિપો પણ આપે છે. આ કારણથી જ્ઞાતિની ઉન્નતિ એ ખંભાતની ઉન્નતિ છે. આ રીતે આ જ્ઞાતિના ગૃહસ્થો એટલો પણ ભાર ઉપાડી લેતો તેમાંથી ઘણો લાભ છે જ.

સ્વ. શેઠ મગનલાલે પ્રસુતિગૃહમાં દશ હજારની રકમ આપી હતી. વળી શ્રીમાળીની વાડીમાં સં. ૧૯૮૯માં શ્રી રામચંદ્રજીની મુર્તિઓની પ્રતિષ્ઠાકરી વિષ્ણુયાગ કર્યો હતો. સમાજ સેવાના કાર્યમાં તથા જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે આ બે ગૃહસ્થોએ સારૂં દ્રવ્ય ખર્ચ્યું છે. આથી જ્ઞાતિની ઉન્નતિ થાય એ સ્વાભાવિક છે.

### ખંભાતના નગરશેઠ

# વેણીભાઈ દીપચંદ

ખંભાતના નગરશેઠનો માનવંતો હોદ્દો જૈન કોમના ભાગ્યમાં સરજાયેલો હોય એમ છેલ્લાં શતકના નામોથી જણાય છે. તે પહેલાંના નામો ઉપલબ્ધ થતાં નથી.

ખંભાતની તમામ પ્રજાના લાભ માટે તેઓ ના. નવાબ સાહેબ સાથે પ્રજાના પ્રતિનિધિ તરીકે વિચાર ચલાવી શકતા. અને પ્રજાના સુખ-દુઃખનો વિચાર કરી તે કાર્ય કરતા.

ઈ.સ. ૧૮૭૫ના અરસામાં ના. નવાબ સાહેબ મ. હુસેનયાવરખાન (૧લા) ના સમયમાં નગરશેઠ તરીકે શ્રી માણેકચંદ લક્ષ્મીચંદ હતા. તે સમયે હાલના જેવી કાયદેસરની બંધારણવાળી કોરટો ન હતી. ત્યારે દિવાની કામની અદાલતમાં ભારે ગુંચવાયલા મુકરદમાના ફેંસલા કરવા માટે એક પંચ નીમવામાં આવતું. તે પંચના અગ્રેસરમાં નગરશેઠ અગ્રપદ ભોગવતા અને તેઓ ફેંસલા આપતા. વળી તે શહેરની પ્રાથમિક કેળવણીમાં રસ લેતા.

શહેરના પ્રસિદ્ધ સ્થળ માણેકચોકમાં આ નગરશેઠનું તથા તેમના કુટુંબનાં ઘર આવેલાં છે અને ત્યાંથી થોડે દૂર પશુઓનું મહાજન આવેલું છે. તેમાં ખોડાં ઢોર રાખવામાં આવતાં. હાલ તે સ્થળ બદલીને મીઠા પાટના પરામાં લઈ જવામાં આવ્યું છે; એટલે બોલપીપળે જે મહાજન (ઢોર રાખવાનું) તે 'જુના મહાજન' અને પરામાં છે તે 'નવું મહાજન' (પાંજરાપોળ) નામે ઓળખાય છે. તે પાંજરાપોળની દેખરેખ રાખવાનું કામ શેઠ માણેકચંદ કરતા હતા. તેઓએ ઘણાં વર્ષ કામ કર્યા પછી શ્રીમાળી મંત્રી શેઠ મગનલાલ દુર્લભદાસને સોંપવામાં આવ્યું હતું. નગરશેઠશ્રી સારા પ્રતિષ્ઠિત, માનમરતબાવાળા, ધર્મપ્રેમી અને સારા વેપારી હતા.


તેમના સ્વર્ગવાસ પછી વેણીભાઈ દીપચંદ નામે શ્રી માણેકચંદ શેઠના કુટુંબના હતા. તેમણે પણ રાજદરબારમાં અને પ્રજામાં સારી પ્રીતિ મેળવી હતી. તેમના સ્વર્ગવાસ પછી તેમના કુટુંબના શેઠ ચંદુલાલ બાપુલાલ તે જગા પર હતા.

નવાબ સાહેબના અમલ દરમિયાન નગરશેઠનું માન અને ગૌરવ સચવાતું હતું.

# સ્વ. શેઠ વરજીવનદાસ માણેકચંદ

ખંભાતના શ્રીમાળી વણિક જ્ઞાતિમાં તેમનો જન્મ થયો હતો. તેઓએ મુંબઈમાં વેપાર કરી સારા પૈસા મેળવ્યા હતા. તેઓ વિદ્યાને ઉત્તેજન આપનાર હતા. ખંભાતથી નડિયાદ અંગ્રેજી ભણવા જતા વિદ્યાર્થીઓને તે શિષ્યવૃત્તિ આપતા. આમ ખંભાતમાં અંગ્રેજી નિશાળ ન હોવાથી અંગ્રેજી ભણનાર વિદ્યાર્થીઓને ઘણું સહન કરવું પડતું; આ દુઃખમાંથી બચવા માટે ખંભાતમાંજ હાઈસ્કૂલ થાય તો સારૂ; આ ભાવનાથી પ્રેરાઈ તેઓશ્રીએ **ખંભાત હાઈસ્કૂલ** કે જે ત્રણ દરવાજાની અંદર છે તે બાંધવામાં રૂા. ૮૫૭૬ આપ્યા. ઈ. સ. ૧૮૯૦ ના. નવાબ સાહેબે તે સહર્ષ સ્વીકારી એમાં તેનો ઉપયોગ કર્યો. આમ અંગ્રેજીને ઉત્તેજન આપનાર તે પુરૂષના પ્રયાસથી અંગ્રેજી કેળવણીનું વૃક્ષ આજે કેટલું ફૂલ્યું ફાલ્યું છે તે જણાશે. સદ્‌ગત શેઠના વારસ સ્વ. શેઠ શ્રી ઠાકોરલાલ વરજીવનદાસના નામથી ખંભાતમાં સેંકડે પાંચ વિદ્યાર્થી માફી ભણાવવામાં આવતા હતા.

# શેઠ શ્રી વસંતલાલ લલ્લુભાઇ પટેલ



ખંભાતમાં હાથ વણાટના વેપારની જે જુની પેઢીઓ ગણાય છે તેમાં; શ્રી મોરારદાસ પીતાંબરદાસની પેઢી એક છે. કંઈ વર્ષો થયાં આ પેઢીએ ખંભાતના હાથ કાપડનો ઉદ્યોગ ચાલુ રાખ્યો, ત્યાર પછી તેમના પુત્ર શ્રી વસંતલાલે આ ધંધાનો ખૂબ વિકાસ કર્યો. તેઓ સારૂં શિક્ષણ પામેલા છે; દેશ-વિદેશમાં ઘણો પ્રવાસ કર્યો છે. અને માલનો નિકાસ કયાં થઈ શકે છે; વગેરે અનેક બાબતોના તેઓ અભ્યાસી છે. ખંભાતમાં **ઘનશ્યામ મીલસ પ્રા. લી.**ના ભાગીદાર છે. **(૧) મે. લક્ષ્મી કોરપોરેશન મુંબઈ (૨) મે. ઈન્ડસ્ટ્રીઝ મુંબઈ (૩) મે. વી. શાંતિલાલ એન્ડ કાં. (૪) મે મોરારદાસ પીતાંબરદાસ એન્ડ કાં.** ખંભાત આ બધી કંપનીઓમાં તે ડાયરેકટર છે. ઉપરાંત સને ૧૯૬૭ માં **"શ્રી રાજપ્રકાશ સ્પીનીંગ મીલ"** કાઢી તેમાં તેઓ મેનેજીંગ ડીરેકટર છે.

ધંધા ઉપરાંત ખંભાતનાં સાર્વજનિક કામોમાં તેમનો હાથ ઉદાર હોય છે. એજ્યુકેશન સોસાયટી, હોસ્પિતાલ, દુષ્કાળ રાહત ફંડ વગેરે સ્થળે તેઓ "મોરારદાસ પીતાંબરદાસ" નામથી ઉદારતા દાખવે છે. તેમનો ઉદાર સ્વભાવ ખંભાતના લોકોમાં જાણીતો છે. ખંભાતમાં તેઓનું રહેવાનું સ્થાન ગલિફળિયું–સ્વામિનારાયણ બાગ છે. મુંબઈમાં તેઓએ પોતાના ધંધાની પેઢીઓ નાખેલી છે. ધાર્મિક બાબતોમાં સારો રસ લે છે.

# શ્રી વલ્લભભાઈ આશાભાઈ પટેલ



શ્રી વલ્લભભાઈનું મૂળ વતન ખંભાત તાબે ઉંદેલ છે; જ્ઞાતિએ પાટીદાર છે. તેમનો જન્મ તા. ૬–૫–૨૪ ના રોજ ઉંદેલ ગામે થયો હતો. તેમણે પ્રા. શિક્ષણ ઉંદેલમાં લીધું અને માધ્યમિક કેળવણી ખંભાત હાઇસ્કૂલમાં લીધી હતી.

વ્યવસાય અર્થે તેઓ મુંબઈ ગયા; અને મુંબઈમાં ખંભાતના વતની શેઠશ્રી મૂળચંદભાઈ ગિરધરલાલની પેઢીમાં રહ્યા; ત્યાં નોકરી સાથે રાષ્ટ્રીય સેવાનું કાર્ય કરવા લાગ્યા. મુંબઈમાં સ્થપાયલું **"ખંભાત તરૂણ મંડળમાં જોડાયા;** અને સક્રિય કાર્ય કરવા લાગ્યા. ત્યારબાદ તેઓ આફ્રિકા ગયા; ત્યાં પેઢીમાં ખૂબ કાર્યદક્ષતા બતાવી;

સૌની ચાહના તેઓ મેળવી; પરંતુ રાત-દિવસ તેમને દેશસેવાના વિચારો આવ્યાજ કરતા. આથી તેઓ ત્યાંથી પાછા પોતાના વતન ઉંદેલમાં આવ્યા.

ખંભાતમાં તેમણે સ્થાયી રહેવાનું રાખ્યું; અને કોંગ્રેસની નાની મોટી પ્રવૃત્તિઓમાં તે સંકળાયલા રહ્યા. લોકકલ્યાણની ઉત્કટ ભાવના, સેવાપરાયણ સ્વભાવ, ગામડાનો વિકાસ કરવાની તમન્ના, આથી તેઓ સદા સૌને ઉપયોગી થવા લાગ્યા.

વડીલો તરફ પૂજ્યભાવ, નિષ્ઠા ભર્યું અને ખિન અહંકારી અને નમ્રવર્તનને લીધે ખંભાત શહેર અને તાલુકામાં તે સહેજમાં જાણીતા થઇ ગયા.

સને ૧૯૬૪ થી ખંભાત તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ હતા; સને ૧૯૬૮ માં તેઓ ખંભાત તાલુકા પંચાયતના અધ્યક્ષ તરીકે ચુંટાયા; જ્યાં તેઓ સફળ કામગીરી બજાવી રહ્યા છે.

સને ૧૯૭૨ની ગુજરાતની વિધાનસભાની ચૂંટણીમાં તેઓ સંસ્થા કોંગ્રેસ તરફથી ઉમેદવાર તરીકે ઉભા હતા. સાર્વજનિક દરેક કાર્યમાં તેઓ ધગશથી કામ કરે છે.

# શ્રી વ્રજલાલ અમૃતલાલ પટેલ

પિતાનુ નામ અમૃતલાલ લલ્લુભાઈ પટેલ; માતાનું નામ જતાબેન જન્મ સને ૧૯૧૫ માં થયો. જ્ઞાતિએ પાટીદાર. ગુજરાતી પ્રાથમિક શિક્ષણ લીધું. પછી ઝવેરાતના ધંધાનો સ્વીકાર કર્યો. દિનપ્રતિદિન તેમાં રચ્યાપચ્યા રહ્યા. પ્રભુએ મહેર કરી. સ્વભાવે મિલનસાર વિવેકી અને ઉદાર છે. વિદ્યાને ઉત્તેજન આપે છે.

# શ્રી વાડીલાલ બાપુલાલ મોટાશા

તેમના પિતાનું નામ બાપુલાલ છોટાલાલ. જ્ઞાતિએ મોઢ વાણિયા. શ્રી વ ડીલાલભાઇ વ્યવસાય અર્થે મુંબઈ ગયા ત્યાં મોટર હૂડના ધંધામાં ધીમે ધીમે જામતા ગયા. તેઓ ધાર્મિક ભાવનાને ખૂબ પોષક છે. ધર્મ પર પૂરી શ્રદ્ધા છે. બ્રાહ્મણોના બાળકો ભણે, યજ્ઞયાગાદિ કરાવે; અને પ્રાચીન સંસ્કૃતિ જાળવી રાખે, તેનો પ્રચાર કરે એવાં કાર્યો તે નિરંતર કરે છે. ભાગવત સપ્તાહ તેમણે ડોંગરે મહારાજ પાસે ખંભાતમાં કરાવી હતી; તથા પ્રાચ્ય સંસ્કૃતિના પ્રચારક શ્રી પાંડુરંગ શાસ્ત્રીના સિદ્ધાંતોને તે માને છે. અને તેમના દ્વારા સંસ્કૃતિના પ્રચાર માટે, મંદિરો માટે, યજ્ઞયાગાદિ કરાવે છે. જ્ઞાતિની કેળવણી તથા ઉન્નતિમાં તેઓ ઘણો રસ ધરાવે છે.

# શ્રી વિઠ્ઠલદાસ નાનાલાલ રાવ



પિતાનું નામ નાનાલાલ શિવલાલ; માતાનું નામ સંતોકબેન. તેમનો જન્મ સંવત ૧૯૭૨માં થયો હતો. જ્ઞાતિએ બ્રહ્મભટ છે. કેળવણી પ્રાથમિક શાળાંત સુધી લીધી છે. ધંધો ઝવેરાતનો સ્વીકાર્યો છે. તેઓ દાનવૃત્તિવાળા છે. ખંભાત જનરલ હોસ્પિતાલમાં દાન આપ્યું છે. જ્ઞાતિનાં બાળકોને મદદ કરી છે. તેમ જુદે જુદે ક્ષેત્રે ગુપ્તદાનમાં તેઓ માને છે. વિદ્યાને ઉત્તેજન આપવાની વૃત્તિવાળા છે. ધાર્મિક તથા સામાજીક કામમાં સારો રસ રાખે છે.

# ગં. સ્વ. વિદ્યાબેન મોહનલાલ

**ફાર્મસી કોલેજના દાતા** (ઈ. સ. ૧૯૬૯)

સ્વ. શ્રી મોહનલાલ નારણદાસના ધર્મપત્ની ગં. સ્વ. શ્રી વિદ્યાબેને પોતાના પતિના સ્મરણાર્થે ખંભાતમાં ફાર્મસી કોલેજને માટે બે લાખ એકાવન હજાર એક (૨૫૧૦૦૧)નું દાન કર્યું છે. (૧૯૬૯) શ્રી મોહનલાલ ખંભાતના વતની હતા. અને વેપાર અર્થે મુંબઈ ગયા. ત્યાં "મોહનલાલ એન્ડ કું. નામે કંપની કાઢી અને લાદીનો વેપાર કર્યો. તેમાં ઈશ્વરે સારી સહાય કરી. તેમના સ્વર્ગવાસ થયા પછી તેમનાં પત્ની શ્રી વિદ્યાબેને ઉપરની રકમ આપી; વતન માટે સેવા આપી ખંભાતની ઉન્નતિમાં અપૂર્વ ફાળો આપ્યો છે ખંભાતના વિદ્યાર્થીઓને શિક્ષણનો અપૂર્ણ લાભ મળ્યો છે.

# શ્રી શંકરલાલ ગબડદાસ કાપડિયા




જન્મ તા. ૮-૧-૧૯૦૪

પિતાનું નામ ગબડદાસ અને માતાનું નામ સુરજ અને પત્નીનું નામ મોતીબેન છે. તેમનો જન્મ તા. ૮-૧-૧૯૦૪ ના રોજ થયો હતો. તેઓ જ્ઞાતિએ પાટીદાર છે; તેઓએ મેટ્રીક સુધીનું શિક્ષણ પ્રાપ્ત કર્યું છે. અને વ્યવસાયે ઝવેરાતનો ધંધો સ્વીકાર્યો છે.

પ્રથમ સાડી વણાટનો તથા કાપડનો વેપાર કરતા હતા. પરંતુ તેમના ભાઇના અવસાન બાદ સને ૧૯૩૭ માં કાપડ ખાતાની દુકાન બંધ કરી; અને ઝવેરાતના ધંધામાં પ્રવેશ કર્યો. આ ધંધામાં સગાંસંબંધીએ અને સ્નેહીઓએ સારૂં માર્ગદર્શન આપ્યું હતું; પ્રભુ પરની અચળ શ્રદ્ધા અને ભક્તિભાવે ભાગ્યોદય થયો. પરમ કૃપાળુ પરમાત્માએ ધનસંપત્તિ સાથે પુત્ર પરિવારની વાડી પણ વિકસાવી છે. આંતરિક જીવન પ્રભુમય કાઢવા માટે સાધુસંતોની સેવા કરવી અને સદ્‌વિચારો-કથા વાર્તાઓ સાંભળવી એજ ધ્યેય છે. શહેરના દરેક ધાર્મિક તથા સામાજિક કાર્યોમાં તેઓ તન મન અને ધનથી સારી સેવા કરે છે. નિરાભિમાની છે.

# શેઠ શ્રી શનિલાલ દલસુખભાઇ કાપડિયા



તેઓ ખંભાતના વતની છે; અને ધંધાર્થે મુંબઈ જઇ વસ્યા ત્યાં તેઓએ કાપડનો વેપાર શરૂ કર્યો તેમાં તેઓની પ્રમાણિકતા, નિખાલસતા વગેરે સદ્‌ગુણોને લીધે સારા ફાવ્યા. ઇશ્વરની સંપૂર્ણ કૃપા ઉતરી તેમણે ખંભાતની ધી કેમ્બે એજ્યુકેશન સોસાયટીને રૂ. ૭૧૦૦૦ ઇકોતેર હજારનું દાન કર્યું. આથી પ્રેરાઇને સોસાયટીએ "ધી ન્યૂ કેમ્બે હાઈ સ્કૂલનું નામ બદલી તા ૧-૧૨-૭૧ થી "શ્રી **શનિલાલ દલસુખભાઇ કાપડિયા હાઈસ્કૂલ**" રાખવામાં આવ્યું. પોતાના વતન પરનો અમૂલ્ય પ્રેમ તેમણે દેખાડી આપ્યો છે. વળી તેઓ જ્ઞાતિની પણ સારી સેવા કરે છે. તેમ ખંભાતને લગતાં બીજાં લોકોપયોગી કામને મદદ કરવા ભૂલતા નથી. જ્ઞાતિના તેમજ શહેરના દરેક ધાર્મિક અને જાહેર કાર્યમાં તેમનો ફાળો અવશ્ય હોય છે.

# શેઠ શકરલાલ બેચરદાસ પટેલ



શ્રી વિનોદચંદ્ર શંકરલાલ પટેલ

શ્રી ભાઇજીભાઇને બે પુત્રો. સૌથી મોટા બેચરભાઈ અને બીજા લલ્લુભાઇ. બેચરભાઇને શંકરલાલ બાલુભાઇ અને શાંતિલાલ ત્રણ પુત્રો છે. શંકરલાલને નટવરલાલ અને વિનોદચંદ્ર આ પુત્રો છે. આ કુટુંબ વડીલોપાર્જિત સાડીઓનો ધંધો સ્વીકાર્યો છે અને તેના ઘણો વિકાસ કર્યો છે (૧) ઘનશ્યામ મીલ પ્રા. લિ. ખંભાત (૨) મે. લક્ષ્મી કોરપોરેશન મુંબઈ (૩) મોરારદાસ પીતાંબરદાસ એન્ડ કાં. સને ૧૯૬૭માં શ્રી રાજપ્રકાશ સ્પીનીંગ મીલ ખંભાતના ડિરેક્ટર છે. તેઓ મુંબઇમાં વસે છે શ્રી વિનોદચંદ્ર શંકરલાલ શ્રી રાજપ્રકાશ સ્પીનીંગ મીલના મેનેજીંગ ડીરેકટર છે. અને સારી રીતે મીલ ચલાવે છે. જ્ઞાતિએ લેઉઆ પાટીદાર છે. ખંભાતમાં સાર્વજનિક કામોમાં તેમનો હિસ્સો સારો છે. વળી ધાર્મિક વૃત્તિ તેમના કુટુંબમાં વિશેષ છે. તેમ પુત્રશ્રી વિનોદચંદ્ર ખંભાત એ. સો. ના પ્રમુખ છે. અને કેળવણીમાં સારો રસ લે છે.

# શ્રી શાન્તિલાલ ચુનીલાલ કાપડિયા (બચુભાઇ)



તેમનો જન્મ ૧૧-૯-૧૭ ના રોજ મુંબઇમાં થયો હતો. પિતાનું નામ ચુનીલાલ, માતાનું નામ જીવકોરબેન. મેટ્રીક સુધી અભ્યાસ કરી પછી ધંધો સ્વીકાર્યો. ઝવેરાતના ધંધામાં ઓતપ્રોત થઈ ગયા. અને બીજાઓને તે તરફ જવા માર્ગદર્શન આપ્યું. ઇશ્વર સત્કર્મનુ ફળ સારૂં જ આપે છે. બોરિયાપાડે ગણેશ મંદિરના ઉદ્ધારમાં તેમણે સારી રકમ આપી. પાટીદાર જ્ઞાતિમાં તેઓ સારી પ્રતિષ્ઠા ધરાવતા હતા. તેમના પત્ની શાન્તાબેન પણ ધર્મસેવા કરે છે. અમેરિકામાં ખંભાતના ઝવેરાતના પતલા માલનું બજાર શોધવામાં તેમનો ઘણો ફાળો છે.

# શ્રી શાંતિલાલ મોહનલાલ શાહ

મુંબઈમાં ન્યાયમૂર્તિ (૧૯૫૯)



ખંભાતના સુપુત્રે મુંબઈમાં વકીલાત સને ૧૯૨૬ શરૂ કરી. પછી બેરીસ્ટર ૧૯૨૮ માં થયા. અને મુંબઈની વડી અદાલતના ન્યાયાધીશની પદવી પર પહોંચ્યા. (સને ૧૯૫૯)

તેઓ જ્ઞાતિએ શ્રીમાળી વણિક છે. તેમનો જન્મ વિ. સં. ૧૯૦૩ માં થયો હતો. શિક્ષણ ખંભાત ને વડોદરામાં લીધું હતું. સને ૧૯૨૧ માં અસહકારની લડતમાં જોડાયા હતા. તેમની બાહોશીથી તેઓ ઉંચે આવ્યા. તેઓ સાહિત્યના ઊંડા અભ્યાસી છે. ગુજરાતી અને અંગ્રેજીમાં પુસ્તકો લખે છે. શ્રી શાહે લખેલા "લેકચર્સ ઓન કંપની લો" નામના પુસ્તકની દસ ઉપરાંત આવૃત્તિઓ બહાર પડી ગઈ છે. તેમ "પ્રિન્સીપલ્સ ઓફ ધી લો ઓફ ટ્રાન્સફર" નામે પુસ્તકની બબ્બે આવૃતિઓ નીકળી છે.

# શ્રી શાંતિલાલ માણેકલાલ કાપડિયા

તેઓ ખંભાતના વતની અને દશા શ્રીમાળી વણિક જ્ઞાતિના. તેમનો જન્મ સને ૧૯૦૮ માં થયો હતો. તેઓ સિડન હામ કોલેજ ઓફ કોમર્સ એન્ડ ઈકોનોમિકસ-મુંબઈમાંથી બી. કોમ થયા હતા. ઇ. સ. ૧૯૩૪માં ઈન્ડીયન શીપીંગ ઉપર નિબંધ લખી જી. ડી. એ. થયા. સને ૧૯૪૪ માં એ. આઈ. સી. ડબલ્યુ થયા. સને ૧૯૩૪ માં સિંધિયા સ્ટીમ નેવિગેશન કાં. લી. માં જોડાયા. સને ૧૯૩૮-૪૦ દરમિયાન કંપનીની લંડન ઓફિસમાં કામ કર્યું. સને ૧૯૪૨ વિઝાગાપટ્ટમ ઓફિસમાં કામ કર્યું. સને ૧૯૪૨-૪૬ સુધી શિપયાર્ડ-મુંબઇ હતા. સને ૧૯૪૮-૫૦ સુધી એર સર્વિસીઝ ઓફ ઇંડિયા મુંબઇમાં ટ્રાફીક મેનેજર હતા. સને ૧૯૫૨ માં કંપનીના મેનેજર નીમાયા. પછી સિંધિયા સ્ટીમ શિપ (લંડન) લિ. માં ડાયરેકટર હતા. તેઓ આ કામો સાથે સામાજિક કામોમાં સારો રસ ધરાવતા હતા. શાન્તાક્રુઝ સોસાયટીમાં તથા પોતાની જ્ઞાતિમાં તેમજ અન્ય સંસ્થાઓમાં તેઓ સેક્રેટરી, પ્રમુખ વગેરે હોદ્દા ઉપર હતા. સને ૧૯૫૩-૫૪ માં ધી બાલ્ટીક મર્કન્ટાઈલ એન્ડ શીપીંગ એકસચેંજ-લંડનના સભ્ય હતા. સિંધિયા સ્ટીમ શિયની સ્ટીમરોના બાંધકામ ખાતાના નિષ્ણાત હતા. આમ અનેક કામોમાં જોડાયલા હતા.

## શ્રી મહેન્દ્રકુમાર શાન્તિલાલ શ્રોફ ટેકનિકલ ટ્રેનીંગ સેન્ટર કાઢનાર

# શ્રી શાંતિલાલ ઉજમશી શ્રોફ



શ્રી શાંતિલાલ જ્ઞાતિએ જૈન છે. ખંભાતના અગ્રગણ્ય નાગરીક છે. કાપડનો ધંધો મોટા પાયા પર મુંબઈમાં કરે છે. ખંભાતની સામાજીક સંસ્થાઓમાં તેઓ સક્રિય કાર્ય કરે છે. ખંભાતનું હિત તેમના હૈયે વસેલું છે. તેમના પુત્ર મહેન્દ્રકુમાર તથા પત્ની કાંતાબેન છે.

સામાજિક, ધાર્મિક અને વાણિજ્ય ક્ષેત્રમાં ખ્યાતનામ થયેલા અને ધંધાર્થે મુંબાઇમાં નિવાસ કરીને રહેલા શ્રી શાંતિલાલ શ્રોફને ઘેર મહેન્દ્રકુમારનો જન્મ થયો હતો. તેઓનું વિદ્યાર્થી જીવન મહાન તેજસ્વી હતુ; અને તેથી તેઓ ગુરુઓના પ્રીતિપાત્ર બન્યા હતા. સને ૧૯૫૫માં મુંબઈમાં બાબુ પન્નાલાલ જન સ્કૂલમાંથી મેટ્રીકની પરીક્ષા પાસ કરી. તેઓ 'જયહિંદ' કોલેજમાં જોડાયા. સને ૧૯૫૭ ઈન્ટર સાયન્સની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા. પછી તેઓ સીવીલ એન્જિનિયરીંગના અભ્યાસ માટે વડોદરા આવ્યા. સને ૧૯૬૦માં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના બી. ઈ સીવીલની ડીગ્રી પ્રાપ્ત કરી; પછી તેઓ સને ૧૯૬૦માં માસ્ટર ઓફ સ્ટ્રકચરલ એન્જિનીયરીંગની ઊંચી ડીગ્રી મેળવવા હ્યુસ્ટન (યુ. એસ. એ.) ગયા. બે વર્ષનો કોર્સ પૂરો કરી એમ. એસ. ની ડીગ્રી મેળવી. પરંતુ સને ૧૯૬૧ના ડિસેમ્બરની ૬ઠ્ઠી તારીખે માંદા પડયા. તેમના માતા-પિતા ત્યાં જઈ પહોંચ્યાં. આરામ થયો; ત્યાર પછી તેઓ કોલેજમાં જવા લાગ્યા. પરંતુ ૨૪ મી માર્ચ ૧૯૬૨ના રોજ રોગે એકાએક ઉથલો માર્યો. ત્યાંના શિક્ષકોએ હોસ્પિતાલમાં ખૂબ સારવાર કરી; પરંતુ પરિણામ ઘણુંજ માઠું આવ્યું અને તા. ૩૧ માર્ચ ૧૯૬૨ના રોજ સાત વાગે હ્યુસ્ટન (યુ. એસ. એ.) માં દેહવિલય થયો તેમનાં માતાપિતા અને ગુરુને ઘણો જ આઘાત થયો. આ તેજસ્વી બાળકની યાદગિરીમાં તેમના પિતાશ્રી **શાંતિલાલ** ઉજમશીએ રૂ. ૫૧૦૦૧ એકાવન હજાર એક '**કેમ્બે એજ્યુકેશન સોસાયટી'ને આપ્યા.** અને **"શ્રી મહેન્દ્રકુમાર શાંતિલાલ શ્રોફ ટેકનિકલ ટ્રેનિંગ સેન્ટર"** નામ આપવામાં આવ્યું.

# શ્રી શાંતિલાલ મગનલાલ સૉમીલ વાળા



## પ્રમુખ : ખંભાત મ્યુનિસિપાલિટી (૧૯૪૯)

ખંભાતના તેઓ વતની છે; જ્ઞાતિએ લાડ વણિક; દરિયા ઉપર લાકડાં (ઇમારતી)ના વહેપારી છે; તેમના પિતાના વખતથી 'સોમીલ' કાઢવામાં આવી છે. સારા ખ્યાતનામ છે; ઉત્સાહી છે; ખંભાતના સાર્વજનિક કામોમાં તેઓ સારો રસ ધરાવે છે; તેઓ વડોદરામાં સો મીલ ચલાવે છે; અને ખંભાતમાં તેમના પુત્ર ચલાવે છે.

તેમના સમયમાં ખંભાત મ્યુ.નાં કામો સારી રીતે ચાલ્યાં હતાં. પ્રજાના આરોગ્યના પ્રશ્ના પર તેમણે સારૂં ધ્યાન આપ્યું હતું.

તેમના પહેલાંના પ્રમુખ શ્રી જમનાદાસ મોતીલાલ હતા.

# શાંતાબેન માણેકલાલ નગીનદાસ ગાંધી



ખંભાતમાં વેપારીઆલમમાં ઘણા જાણીતા સ્વ. માણેકલાલ નગીનદાસ ગાંધી હતા. તેમના પૂર્વજો ખંભાતના જુના ગાંધી ગણાતા; અને તેમના વંશમાં ગાંધીનો ધંધો ઉતરી આવ્યો હતો. સ્વ. માણેકલાલ ગુજરી ગયા બાદ તેમનાં પત્ની શ્રી શાંન્તાબેને ખંભાત સાર્વજનિક કેળવણી મંડળને રૂા. ૪૧૦૦૧નું દાન આપ્યું. આ દાનમાંથી " શ્રીમતી શાંતાબેન માણેકલાલ નગીનદાસ ગાંધી હોમસાયન્સ" કોલેજ શરૂ કરવામાં આવ્યો. અને તેની શિલારોપણ વિધિ ૧૯૭૦ના ફેબ્રુઆરીમાં થઇ; અને આ જાતનું શિક્ષણ ખંભાત શરૂ થયું.

શ્રી શાંતાબેન જ્ઞાતિએ મોઢવણિક હતાં બહુજ ધાર્મિક વૃત્તિના છે.

ખંભાતમાં આઉટડોર ડીસ્પેન્સરી બાંધનાર

## શ્રી સવિતાબેન શંકરલાલ મોદી

શ્રી સવિતાબેન શંકરલાલના ટ્રસ્ટીઓ શ્રી કાંતિલાલ ભોગીલાલ શાહ અને શ્રી હસસુખલાલ કરસનદાસ શાહ તેમજ તેમના ભાઈશ્રી મહેન્દ્રભાઈ ભાઈદાસ મોદી તરફથી ખંભાત જનરલ હોસ્પિતાલ ખંભાતમાં આઉટડોર પેશંટ વોર્ડનું રૂા. ૪૫ હજારના ખર્ચે મકાન બંધાવી આપ્યું. (સને ૧૯૬૫) અને તેની ઉદ્‌ઘાટન ક્રિયા લગભગ તા. ૨૫-૧-૬૫ ની આસપાસ થઈ હતી આ મકાન બાંધવાથી ખંભાતની જનરલ હોસ્પિતાલમાં ઘણી સગવડ થઈ છે. આ મકાન જનરલ હોસ્પિતાલમાં જતાં પ્રથમ ડાબા હાથે આવે છે.

## શ્રી સગુણલાલ ચીમનલાલ

બી. એ. એલ. એલ. બી.

ખંભાતમાં વતની છે. જ્ઞાતિએ ગુર્જર વણિક છે. તેમના દાદાજી સ્વ. શ્રી મગનભાઈ ભાઈલાલ ઘણા લાંબા સમય સુધી ખંભાત રાજયના એક બાહોશ વહીવટદાર તરીકે રહ્યા હતા. તેમના પુત્ર સ્વ. ચીમનલાલ હતા. તેઓ ખંભાત મીલમાં સારી જગા પર હતા. અને તેમના પુત્ર શ્રી સગુણલાલ એક બાહોશ વકીલ તરીકે ખંભાતમાં કાર્ય કરતા. સને ૧૯૩૪ માં ખંભાત મ્યુ. માં સભ્ય તરીકે ચૂંટાયા હતા. સને ૧૯૩૭ માં ખંતાત રાજ્યની નોકરીમાં જોડાયા; વહીવટદારની અને પછી ન્યાયાધીશની જગા પર સને ૧૯૩૭ માં હતા. એમ ઉત્તરોત્તર ખંભાત રાજ્યમાં બાહોશ અમલદાર તરીકે રહ્યા. સને ૧૯૪૮ માં મર્જર થયા પછી તેઓ સ્વતંત્ર રીતે નડિયાદમાં વકીલાત શરૂ કરી. તેમના પુત્રો પણ આજ ધંધામાં પડયા છે.

વિશ્વવિખ્યાત પક્ષીશાસ્રી પદ્મભૂષણ

## સાલીમઅલીભાઈ મોહીયુદ્દીન અબ્દુલઅલી

ખંભાતને ગૌરવ અપાવનાર જે જે વ્યક્તિઓ થઈ છે તેમાં પદ્મભૂષણ શ્રી સાલીમભાઈ અનોખા છે, તેઓ મૂળ ખંભાતના છે, અને પક્ષીશાસ્રનું ઘણુંજ ઊંડું જ્ઞાન ધરાવે છે. અને તે જ્ઞાનથી આખા વિશ્વમાં પોતે નામના મેળવે છે, એ ખંભાતની ગૌરવ લેવા જેવી અમર ગાથા છે,

તેમના પિતા અને દાદા ખંભાતમાં રહેતા પછી તે મુંબઈ ગયા અને સાલીમભાઈનો જન્મ મુંબઈમાં થયો હતો. અભ્યાસ પણ મુંબઈમાં જ કર્યો. નાનપણમાં પક્ષીઓ તરફ પ્રેમ ઉત્પન્ન થયો; પક્ષીઓ પરના જુદા જુદા રંગો જોઈ તેમાં ખૂબ રસ પડયો; પક્ષીઓને લગતાં પુસ્તકો વાંચવા લાગ્યા, વળી ભાઈ અને કાકાની સાથે બર્મામાં જગલોમાં ફરવાનું થયું, જેથી ઘણાં પક્ષીઓ જોવાનો લાભ મળ્યો. ભારત પાછા આવ્યા પછી નિયમિત પક્ષીશાસ્રનો અભ્યાસ શરૂ કર્યો. ૧૯૨૫માં “ બોમ્બે નેચરલ હીસ્ટ્રી સોસાયટી” ના આ ક્યુરેકટર બન્યા. તે દરમિયાન બર્લીન અને લંડન જઈ

અભ્યાસ કરવાની તક મળી,

પક્ષીઓ અંગે તેમણે ઘણાં પુસ્તકો લખ્યાં છે. (૧) ધી બુક ઓફ ઈન્ડીયન બર્ડઝ (૨) ઈન્ડીયન હીલ બર્ડઝ (૩) ધી બર્ડઝ ઓફ Travancore and Cochin. (૪) ધી બર્ડઝ ઓફ Cutchh (૫) ધી બર્ડઝ ઓફ સીકીમ તેઓ હેન્ડ બુક ઈન્ડીયન બર્ડઝ તૈયાર કરી રહ્યા છે. આ કામ સરકારે શ્રી સાલીમ અલીભાઇને સોપ્યું છે. તેના તેના દશ ભાગ થશે. જેમાં ત્રણ લાખ રૂપિયાનો ખર્ચ થશે. તેના ત્રણ ભાગ તો છપાઈ ગયા છે. તેમાં લગભગ ૧૨૭૮ જાતો અને ૮૦૦ ઉપજાતી પક્ષીઓનું વર્ણન આવશે.

તેઓએ સારી દુનિયાની મુસાફરી કરી છે. અને આસામ, બર્મા અફગાનિસ્તાન, રશિયા, સીકકીમ, અમેરિકા, જર્મની, તિબેટ વગેરેની મુસાફરી કરી છે. તિબેટમાંથી ઘણાં પક્ષીઓ હિંદમ ઓકટોબરથી એપ્રીલ સુધીમાં આવે છે અને તે પક્ષીઓનો તેમણે ઘણો અભ્યાસ કર્યો છે. પક્ષીઓના અભ્યાસમાં જંગલમાં ફરતાં ફરતાં તેમનાં જીવનમાં રોમાંચક ઘટનાઓ પણ બની છે.

"બોમ્બે નેચરલ હીસ્ટ્રી સોસાયટી" ના કામો એજ એમના જીવનનું જીવંત ઉદાહરણ છે. આ અજાયબ ઘરમાં લગભગ ૨૦,૦૦૦ વીસ હજાર પક્ષીઓ દવાથી ભરેલાં છે. અને તે બધાથી તેઓ પરિચિત છે.

તેઓશ્રીએ લગભગ ૧૨ ઉપજાતી પક્ષીઓની શોધ કરી છે. જેને વૈજ્ઞાનિકો ઓળખી શકયા નથી તેમણે પક્ષીઓને પોતાનાં નામ આપ્યાં છે. જેમકે, "જેસ્ટે રાવ્સ પાલો બ્રોસા સાલીમ અલી"; "પેરીટી કયુલા, આરગુંડા સાલીમઅલી" વગેરે. તેમણે પક્ષીના જીવનનો ઊંડો અભ્યાસ કર્યો છે. તેમણે દિલ્હીમાં ભાષણ કરતાં જણાવેલુ કે ભારતમાં ૨૧૦૦ પ્રકારનાં પક્ષીઓ છે.

આપણી સરકારે ઈ. સ. ૧૯૫૮માં 'પદ્મભુષણ' નો ઇલ્કાબ આપી તેમનું બહુમાન કર્યું છે આવી મહાન વ્યક્તિ ખંભાતની હોવાથી ખંભાત સવિશેષ ગર્વ અને આનંદ પોતાના સપૂત માટે અનુભવે એ સ્વાભાવિક છે. તેઓ મુંબઈમાં વસે છે.[1]

[1] લેખકે તેમની મુલાકાત લીધી છે. તા. ૩૧-૫-૬૬

## સ્વ. વૈદ્ય હરિશ્ચંદ્ર કરૂણાશંકર

વીસમી સદીના વૈદ્યમાં વૈદરાજ હરિશ્ચંદ્રની ઘણી ખ્યાતિ હતી. તે જ્ઞાતિએ બ્રાહ્મણ હતા. ગરીબો તરફ અતિશય મમતા હતી. તેમ તેમની ધાર્મિક ભાવના ઘણી હતી. કાણીસા ગામે કામનાથ મહાદેવ બહુ ઉંડાણમાં હતા; તેનું દહેરૂં બંધાવી તેમને ઉપર લાવી સારી સ્થિતિમાં મૂકયા. વિ. સં. ૧૯૬૧-૬૫ સુધી નવું દહેરૂં બંધાવ્યું. અને યજ્ઞ વગેરે કર્યો હતો.

સત્યાગ્રહી

# સ્વ. શ્રી હરિલાલ મણિલાલ શાહ

ગાંધી બાપુએ સને ૧૯૩૦ ના માર્ચમાં મીઠાની લડત ઉપાડી; તે વખતે ખંભાત ખાતેથી ભાઇ જટાશંકર ત્ર્યમ્બકરામ ભટ્ટ અને ભાઇ હરિલાલ મણિલાલ શાહ બંને ભાઇબંધો ઉપડયા. તેમાં શ્રી હરિલાલને કેટલીક શારીરિક હાનિ પહોંચી હતી. તેમાં તેઓ યુવાન વયે શહીદ થયા હતા. જ્યારે ૧૦–૬–૪૮ ના રોજ ખંભાતમાં પ્રથમ સ્વરાજ્ય દિન ઉજવાયો ત્યારે આ શહીદને ખંભાતની પ્રજા તરફથી અંજલી આપવામાં આવી હતી. તેઓ ખંભાતના દશા પોરવાડ વણિક હતા. તેમનું મકાન ઠે. ઊંચી શેરી ખંભાત હતું. તેમનો સ્વર્ગવાસ સંવત ૧૯૬૭ ના જેઠ સુદી ૫ ના રોજ ૨૧ વર્ષની યુવાન વયે થયો હતો.

# સ્વ. શેઠ શ્રી હરિભાઈ છગનલાલ સાડીવાળા

ખંભાતનો સાડી ઉદ્યોગ જુનો છે. તેના ઉપાસકોમાં શ્રી હરિલાલ છગનલાલની પેઢી જુની ગણાય છે. શ્રી હરિલાલે પ્રાથમિક શિક્ષણ ખંભાતમાં જ પ્રાપ્ત કરેલું; પછી પિતાના ધંધામાં તેઓ પડયા. તેમનું બુદ્ધિકૌશલ્ય ધંધામાં દીપી ઊઠયું; અને ખંભાતમાં "હરિલાલ છગનલાલ એન્ડ કું. તથા ભારત કોર્પોરેશન" એ નામથી વણવાની મીલ જેવાં કારખાનાં શરૂ કર્યાં. તેમણે હેડ ઓફિસ ખંભાતમાં પીઠ પ્રણામી મંદિર પાસે રાખી અને બીજી દુકાનો મુંબઈમાં રાખી. દિનપ્રતિદિન તેઓનો વેપાર ઘણો વધી ગયો, પૈસો સારો મેળવ્યો.

તેઓ પ્રણામીધર્મને માનનારા હોવાથી; તે મંદિર તેમના ઘર પાસે પીઠમાં આવેલું હોવાથી તેની સંપૂર્ણ દેખરેખ રાખવાનું કામ તેઓ કરે છે. તેઓએ તે મંદિર તરફથી નીકળેલ પન્ના તરફની સને ૧૯૬૦ ની પદયાત્રા સંઘમાં સારો ભાગ ભજવ્યો હતો.

ખંભાતની સ્વજ્ઞાતિના (મોઢ વણિક) ના વિદ્યાર્થીઓ તથા જ્ઞાતિની ઉન્નતિના કામોમાં તે સારો રસ ધરાવે છે. તેઓ તા. ૩–૧૨–૬૬ સ્વર્ગવાસ થયા. પરંતુ તેમના પુત્રો શાંતિલાલ તથા ચંદુલાલ વગેરે પિતાજીના પગલે ચાલે છે. ખંભાત મ્યુ.માં પણ તેઓ એકવખત સભ્ય હતા.

# સ્વ. શેઠ શ્રી હરિલાલ અનુપચંદ સાડીવાલા

## (પરિવાર)

### શ્રી ચંદુલાલ હરિલાલ



ખંભાતના પીઠના આળીપાડામાં રહેનાર સ્થાનક વાસી જૈન શ્રી હરિલાલ અનુપચંદ સાડીઓના મોટા વેપારી હતા. તેઓ આપબળે ગુમાસ્તાની નોકરીમાંથા મોટા વેપારી થયા હતા. તેઓ શરૂઆતમાં લોકો પાસે હાથશાળથી સાડીઓ વણાવતા હતા; પાછળથી તેઓ ખંભાતના સાર્વજનિક કામોમાં ઘણા ઉત્સાહથી ભાગ લેતા હતા; ખંભાતની જનરલ હોસ્પિતાલ કાઢવામાં તેમણે સારો ભાગ ભજવ્યો હતો. વળી તેની મેનેજીંગ કમીટીમાં સભ્ય અને સેક્રેટરી તરીકે કેટલોક વખત સુધી રહ્યા હતા તેઓ ઉદાર સ્વભાવના અને મીલનસાર હતા અને ખંભાતના નામાંકિત નરોમાં તે ગણાતા હતા.

તેમના ત્રણ પુત્રો શ્રી ચંદુલાલ, શ્રી હિંમતલાલ અને શ્રી પ્રીતમલાલ એમણે ખંભાતની " માધવલાલ ભાઈલાલ શાહ " હાઈસ્કૂલ બાંધવા માટે નારેશ્વરના તળાવ આગળ અને જનરલ હોસ્પિતાલની સામે પોતાની ઘણી કીંમતી જમીન આપી; પોતાની ઉદારતા પ્રગટ કરી; જ્યાં સુધી સ્કૂલ રહેશે ત્યા સુધી તેઓનું નામ કાયમ રહેશે. વળી ભાઈ ચંદુલાલ તે હોસ્પિતાલની કમિટીમાં છે ને તે ઉપર દેખરેખ રાખે છે; અને શ્રી હિંમતલાલ લાયન્સ કલબના પ્રમુખ તરીકે (સને ૧૯૭૧) કામ કરે છે. આ કુટુંબ દેશ સેવાના કાર્યમાં આગળ પડતો ભાગ ભજવે છે હરિલાલનું અવસાન ૬૭ વર્ષની વયે તા ૧૬–૩–૬૩ ના રોજ ખંભાત મુકામે તેમના નિવાસ સ્થાને થયું. આ સ્કૂલનું નડિયાદના શ્રી મોટાના હાથે તા. ૩–૧–૭૨ ના રોજ ઉદ્દઘાટન કરાવ્યું. અને તેમના પુત્રોએ તે સ્કૂલના પટાંગણમાં તેમનું બસ્ટ ખુલ્લુ મૂકાવ્યું.

# સ્વ. શેઠ શ્રી હરિલાલ જગન્નાથ હાંડીવાળા

વીસમી સદી (વિ. સં. ૧૯૬૬ વિદ્યમાન)

વીસમી સદીમાં ખંભાતમાં જે નામાંકિત પુરુષો થયા તેમાં સ્વ. શેઠ શ્રી હરિલાલ જગન્નાથનું નામ મોખરે છે. તેઓ દશા અડાલજા મોઢ વણિક હતા. તેઓએ મુંબઈમાં સારી લક્ષ્મી પેદા કરી ત્યાં માળો બંધાવ્યો. ખંભાતમાં તેમનું સર્વોપયોગી કામ તે સુતરની પ્રથમ મીલ સ્ટેશન આગળ કાઢી તે છે. તેમણે ઉદ્યોગ શરૂ કરી માણસોને રોજી મળે તે હેતુ હતો. તેઓ વિદ્યાના અનુરાગી હતા. વિદ્યાને ઉત્તેજન આપનારા હતા. ખંભાતના કવિ દુર્ગાશંકર આદિત્યરામના 'ભક્તિવિલાસ' કાવ્યગ્રંથને મદદ કરી હતી. તે ગ્રંથ તેમને અર્પણ કરવામાં આવ્યો છે. તેમ વિદ્યાર્થીઓને મદદ કરતા હતા. ખંભાત રાજ્યમાં તેમની લાગવગ સારી હતી. કવિ તેમને ખંભાતનું ભૂષણ ગણતા. ખંભાતમાં ધનજી શાહની પોળમાં તેઓ વસતા હતા.

# શ્રી હરિહરભાઈ નાથાલાલ પંડ્યા

ખંભાતમાં પાણિયારી દરવાજે આવેલાં અંબામાતા એ ખંભાતના સર્વ ધર્મપ્રેમીઓનું ભક્તિભાવ ભર્યું આકર્ષણ છે. તે જગતજનનીના પૂજારી શ્રી હરિહરભાઈ નાથાલાલ પંડયા અને શ્રીમતી વિલાસબેન હરિહરભાઈએ આ સ્થાનની અનેક રીતે સર્વોત્તમ પ્રતિષ્ઠા વધારી છે. માતાજી તરફ સર્વનો ભક્તિભાવ વધે, શ્રદ્ધા વૃધ્ધિંગત થાય અને માતાજીના આશીર્વાદ મળે એવાં કાર્યો તેમણે કર્યાં છે.



પીઠજાગૃતિનો શતવાર્ષિક પાટોત્સવ ઈ સ. ૧૯૪૩ સંવત ૧૯૯૯ના જેઠ વદ ૯ થી ૧૩ સુધીમાં કર્યો હતો. સાથે સહસ્રચંડી મહાયજ્ઞ પણ કર્યો હતો વિ. સં. ૨૦૦૦માં નવરાત્ર મહોત્સવ પ્રસંગે 'ગબ્બરનો ગોવાળ' નું હૃદયંગમ દશ્ય બનાવ્યું હતુ

વિ. સં. ૨૦૦૪ માં નવરાત્ર મહોત્સવ પ્રસંગે ચંડીપાઠમાં આવતા સુરથરાજા અને સમાધિવૈશ્યનું દૃશ્ય કલાત્મક રીતે બતાવી માતાજી તરફ ભક્તિભાવ પ્રેર્યો હતો.

વિ. સં. ૨૦૨૮માં નવરાત્ર પ્રસંગે ચંડમુડ દાનવોનો નાશનું દશ્ય ખડું કર્યું હતું. વિ. સં. ૨૦૧૩માં મહાસુદ ૪–૯માં શ્રીં; શ્રીં; સંપૂટિત શતચંડી મહાયજ્ઞ તથા છપ્પનભોગ અન્નકુટનો પ્રસંગ રાખ્યો હતો.

વિ. સ ૨૦૧૪માં નવરાત્ર પ્રસંગે અખેરામનું ડૂબતું વહાણ બચાવ્યાનું દૃશ્ય રજુ કર્યું હતું.

વિ. સં. ૨૦૨૦ માં નવરાત્રમાં હિમાલયનું દશ્ય રજુ કર્યું હતું. વિ. સ. ૨૦૨૩ના જેઠ મહીનામાં વદ ૧૦ને રવિવારે પીઠ જાગૃતિનો રૌપ્ય મહોત્સવ

ઉજવ્યો હતો. આ પ્રસંગની આવક દુષ્કાળ રાહત ફાળામાં આપેલી. વિ. સં ૨૦૨૬ના આસો મહિનામાં નવ દિવસનો કાર્યક્રમ રાખેલો. પાદુકાપૂજન, સંમેલન, ડાયરો, રાસ, ગરબા વગેરે વિવિધ જાતનો કાર્યક્રમ રાખ્યો હતો. તેઓ ઘણાજ ધાર્મિક અને ઉદાર ચરિત છે.

આ લેખકને પીઠ જાગૃતિ પ્રસંગે માતાજીનું પૂજન કરવાનો અમૂલ્ય લાભ મળ્યો છે. શ્રી હરિહર ભાઈ અને શ્રી વિલાસબેનના ભક્તિભાવથી કરેલા શ્રમનું ફળ ઘણા ખંભાતી ભાઇબેનોને મળ્યું છે.

# સ્વ. શ્રી હિંમતલાલ બાપુલાલ

આઈ. સી. ઈ. એમ. આઇ. ઈ. આઇ. એસ. એફ.

ખંભાતના વતની અને જ્ઞાતિએ દશા મોઢ વણિક અડાલજા. તેમનો જન્મ વિ. સં. ૧૯૪૪ સને ૧૮૮૮ માં થયો હતો. તેઓએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સુરતમાં લીધું હતું. તેમના ભાઈનું નામ સ્વ. સોમાલાલ બાપુલાલ પરીખ બી. એ. તેઓ પોષ્ટ માસ્તર હતા.

શ્રી હિંમતલાલે કોલેજનું શિક્ષણ લઇ એલ. સી. ઈ. ની ડીગ્રી લીધી હતી. અને સુવર્ણચંદ્રક મેળવ્યો હતો. સને ૧૯૧૧ માં મુંબઇ સરકારના બાંધકામ ખાતામાં જોડાયા હતા. સને ૧૯૨૧ માં એકઝીકયુટીવ એન્જિનિયર તરીકે નીમાયા. શોલાપુર, કેનેરા, બીજાપુર, ખાનદેશ વગેરે સ્થળે કામ કર્યું. તેમને સિંધમાં ૧૯૩૫ નીમવામાં આવ્યા. તેઓ વલ્લભ વિદ્યાનગરવાળા સ્વ. શ્રી ભાઈલાલભાઈ પટેલના મિત્ર હતા. સક્કરબેરેજના કામમાં તેઓ બંને જણે ઘણો પરિશ્રમ ઊઠાવ્યો હતો. તે કામથી તેમની કીર્તિ ઝળહળી ઊઠી હતી. સને ૧૯૪૧ માં તેઓ નોકરીમાંથી નિવૃત્ત થયા. પછીની જિંદગી ધાર્મિક વાચનમાં ગાળી હતી. તેઓ સને ૧૯૬૨ માં મુંબઈમાં સ્વર્ગવાસી થયા. તેમના ભત્રીજાઓ ઘણા વિદ્વાન અને બાહોશ છે. અને અમેરિકામાં વસે છે.

# શ્રી હિંમતલાલ ઈચ્છાલાલ દાળિયા



પિતાનું નામ ઈચ્છાલાલ, માતાનું નામ માણેકબેન, જ્ઞાતિએ દશા શ્રીમાળી વણિક; જન્મ તારીખ ૧-૯-૧૯૧૧.

ખંભાતમાં શ્રીમાળી વણિકની જ્ઞાતિ કેળવણી વિષયમાં આગળ પડતી ગણાય છે. શ્રી હિંમતલાલે બી.એ.,એસ.ટી સી. સુધીનો અભ્યાસ કર્યો હતો. પછી તેઓએ શિક્ષકની નોકરી સ્વીકારી હતી. તે માટે નડિયાદ, આણંદ વગેરે ગામોમાં રહ્યા હતા. તેઓ આણંદ હાઈસ્કૂલમાં વધુ વખત રહ્યા હતા. પછી ખંભાત હાઈસ્કૂલમાં સને ૧૯૪૩માં જોડાયા. બાદ સને ૧૯૪૬માં હાઈસ્કૂલમાંથી છૂટા થયા. અને બાપદાદાનો ધંધો – દાળનો વેપાર તેમાં જોડાયા. આ ધંધાને તેમણે મોટા પાયા પર અને સારી રીતે ખિલવ્યો.

તેઓ સમાજસેવા કરવાની ધગશવાળા હતા. તેથી તેઓ જાહેર જીવનમાં જોડાયા. ખંભાત પ્રજા મંડળના મંત્રી તરીકે કામ કર્યું ખંભાત યુવક મંડળ માટે મહેનત કરી ખેડા જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્ય હતા. ખંભાત તાલુકા પ્રાથમિક કેળવણીમાં પણ સારો ભાગ ભજવ્યો; સરદાર છાત્રાલય તથા ગ્રામ્ય વિસ્તારમાં સ્કૂલો કાઢવામાં શ્રમ લીધો. તેઓએ રાષ્ટ્રભાષા હિંદીના પ્રચાર માટે ઘણી મહેનત કરી. ખંભાતમાં તેમજ ગામડાઓમાં તેનો અભ્યાસ અને પરીક્ષાઓ ચાલુ જ છે. એ માન એમને ફાળે જાય છે. ખંભાત એજ્યુકેશન સોસાયટીના કારોબારીના તે સભ્ય હતા. અને સહમંત્રી તરીકે ચૂંટાતાં સારી કામગીરી બજાવી હતી

સહકારી પ્રવૃત્તિમાં પણ તેમનો જુસ્સો અજબ હતો. ખંભાત ખરીદ વેચાણ સંઘ, ખંભાત તાલુકા કોંગ્રેસ સમિતિ વગેરે અનેક સંસ્થાઓના તેઓ મંત્રી, સભ્ય અને કાર્યકર હતા. કામ કરી છૂટવાની તમન્ના, નિખાલસ હૃદય આ ગુણોને લીધે તે ખંભાતના એક સાચા સેવક બન્યા હતા. તેમનુ અવસાન શ્રીનાથજીની યાત્રા કરવા ગયા હતા; ત્યાં પ્રભુના ચરણોમાં તેમનો આત્મા લીન થયો. તે દિવસ ૬-૬-૧૯૬૫ હતો. તેમના દીકરાઓ પણ કેળવણી પામેલા છે અને એક તો અમેરિકા ગયા છે.

# શ્રી હીરાલાલ બાપુલાલ કાપડિયા બી. એ.

ખંભાતના વતની અને અમદાવાદમાં લબ્ધ પ્રતિષ્ઠિત કેળવણીકાર તરીકે ખૂબ ખ્યાતિ ધરાવનાર શ્રી કાપડિયા હતા. તેમનો જન્મ ૧૮૯૩ માં ખંભાતની વીશા શ્રીમાળી જૈન જ્ઞાતિમાં ઠે. ખાર-વાડામાં થયો હતો. તેઓએ પ્રાથમિક શિક્ષણ તથા માધ્યમિક શિક્ષણ ખંભાતમાં લીધું હતું. ધંધાર્થે તેઓ અમદાવાદ ગયા; અને સને ૧૯૧૬ માં અમદાવાદની પ્રોપાયટરી હાઈસ્કૂલમાં જોડાયા. પછી સને ૧૯૨૬ માં સ્વતંત્ર ન્યૂ હાઈસ્કૂલ અમદાવાદમાં શરૂ કરી; તેમના કાર્યથી તેમની કીર્તિ વધવા લાગી. પછી સને ૧૯૪૦ માં ન્યૂ મીડલ સ્કૂલ કાઢી અને સને ૧૯૫૬ માં એચ. બી. કાપડિયા સ્કૂલ કાઢી. સને ૧૯૫૯ માં શાળાનો રજત મહોત્સવ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણના વરદ હસ્તે ઉજવાયો હતો. વળી તેમની ૭૦ મી જન્મ જયંતિ ઉજવવામાં આવી હતી. અને અભિનંદન ગ્રંથ અર્પણ થયો હતો.

# શ્રી હેબતઅલી અબ્દેઅલી રૌનક

(અવસાન ૧૯૬૮)

જ. શેખ હેબતઅલી અબ્દેઅલી રૌનક ખંભાતના વતની હતા; દાઉદી વહોરા કોમના નમ્ર સેવક હતા. જીવનની શરૂઆત કાપડના વેપારથી કરી હતી, પરંતુ તેમનો પ્રેમ કેળવણી પ્રત્યે ખૂબ હતો; જેથી તેમણે ખંભાતમાં વહોરવાડમાં વહોરા કોમના બાળકો માટે પ્રાથમિક શાળા શરૂ કરી; અને તેના વહીવટમાં પોતે રહ્યા. અતિશય ધગશથી તેમને વહોરા કોમના વિદ્યાર્થીઓ માટે કાર્ય કર્યું; અને તે શાળાને હાઇસ્કૂલ સુધી બનાવી દીધી. પ્રજામાં કોઇ કોઈ આવા વીરલો પાકે છે તેનાથી આખી સમાજને ઊંચે લાવી દે છે. તેવું મહત્વનું કાર્ય આ પુરૂષે કર્યું છે. તેનું નામ તે કોમવાળા કદી ભૂલવાના નથી તેઓ ખંભાત મ્યુ. માં પણ ચુંટાયા હતા. તેઓ સાહિત્યક્ષેત્રે સારો રસ લેતા હતા. તેમની 'શાયરી' સારી ગણાતી. તેઓ "રૌનક" 'તખ્ખુલ્લુસ' ઉપનામ ધારણ કર્યું હતું. ધર્મગુરૂ નામદાર સૈયદના મૌલાના તાહેર સૈફુદ્દીન સા. (આ. કુ..) તરફથી તેઓને 'શેખ' નો માન ભર્યો ઇલકાબ મળ્યો હતો.

# સ્વ. શ્રી હિંમતલાલ હરિશંકર રાવળ

ગુજરાતની રંગભૂમિમાં હાસ્યનટ તરીકે કીર્તિ સંપાદન કરનાર શ્રી હિંમતલાલ રાવળ એ ખંભાતના હતા. તેમના પિતાનું નામ હરિશંકર અને માતાનું નામ દિવાળીબેન હતું. તેમનો જન્મ ઈ. સ. ૧૮૯૨ માં દેવગઢ બારિયામાં થયો હતો. જ્ઞાતિએ તપોધન બ્રાહ્મણ હતા. બાળપણથીજ :માતાપિતા ગુમાવ્યાં હતાં. કેળવણી પણ મુશ્કેલીથી મેળવી હતી. પણ સ્વભાવે બહુજ ખંતીલા હોવાથી તેઓ આગળ આવ્યા. નાનપણથીજ તેમને નાટય પ્રયોગો ઘણા ગમતા હતા. બાર વર્ષથી ઉંમરે તેઓ "રોયલ ઓપેરા થીએટ્રીકલ કું." માં જોડાયા; અને તે ધંધામાં આખું જીવન વિતાવ્યું. ગુજરાતની લગભગ બધીજ નાટય કંપનીઓમાં ઓછાવત્તા પ્રમાણમાં હાસ્યનટ તરીકે કામ કરી નાટયક્ષેત્રે સારી કીર્તિ

પ્રાપ્ત કરી હતી; ખંભાતમાં સને ૧૯૩૬માં "શ્રી મુંબઈ નાટક કંપની" આવેલી; ત્યારે તેના ડાયરેકટર હતા 'જોગીખુમાણ,' 'લાખો ફુલાણી;' 'વીરની વટ' વગેરે ખેલોમાં તેમણે અપૂર્વ સિદ્ધ મેળવી હતી. તેઓ સારા લેખક પણ હતા. આમ એક સન્નિષ્ઠ કલાકાર, સાહિત્યકાર, સહૃદયી દેશભક્ત શ્રી હિંમતલાલ ૬૮ વર્ષનું આયુષ્ય ભોગવી તા. ૧૯-૯-૬૦ના રોજ ખંભાત મુકામે અવશાન પામ્યા.

## શ્રી હેમેન્દ્રભાઈ વ્રજગોવિંદદાસ દલાલ

"શ્રીમતી સરસ્વતી વ્રજગોવિંદદાસ દલાલ પુસ્તકાલય"નું દાન કરનાર, ખંભાતના વતની શ્રીમાળી વણિક જ્ઞાતિના અને સાબળીપોળમાં નિવાસ કરતા શ્રી વ્રજગોવિંદદાસના સુપુત્ર શ્રી હેમેન્દ્રભાઇ મુંબઇમાં વસે છે તેઓના પિતાશ્રી પણ મુંબઈમાં વસતા હતા. શ્રી હેમેન્દ્રભાઈએ તથા તેમના કુટુંબીજનોએ આ પોતાના સ્વ. પિતાશ્રી તથા માતૃશ્રી અને કુટુંબી જનોની સ્મૃતિમાં પુસ્તકાલય શરૂ કરવા રૂા. ૫૧૦૦૧ ખંભાતનગરપાલિકાને આપ્યા તેનો સ્વીકાર કરી સરદાર ટાવર પાસે "શ્રીમતી સરસ્વતી વ્રજગોવિંદદાસ દલાલ પુસ્તકાલય" શરૂ કરવામાં આવ્યું. (૧૯૭૨)

## શ્રી કનૈયાલાલ છગનલાલ શાહ

તેઓ જ્ઞાતિએ પોરવાડ વણિક છે. શહેરના જાહેર કામોમાં સારો ફાળો આપે છે. તેમણે ભારતની સ્વાતંત્ર્ય લડતમાં ૨ાા વર્ષની જેલ ભોગવી હતી; અને ભારતના સ્વાતંત્ર્યના લડવૈયા ગણાયા. સરકારે તેમને માસિક રૂા. ૨૦૦]નું પેન્શન બાંધી આપ્યું. ખંભાત મ્યુ. તરફથી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. તેઓ ખંભાત મ્યુનિ.માં પણ સભ્ય હતા. દેશ સેવક તરીકે સમગ્ર ખંભાત તેમને ઓળખે છે.



## શ્રી કનૈયાલાલ મંગળદાસ શાહ



જ્ઞાતિએ દશા શ્રીમાળી વણિક છે. તેમના પિતાશ્રીનું નામ મંગળદાસ છે. તેમનો જન્મ તા. ૧૮–૯–૧૯૧૬માં ખંભાતમાં થયો હતો. પ્રાથમિક અને માધ્યામિક કેળવણી ખંભાતમાં લીધી હતી. બાદ સિનિયર કેમ્બ્રીજની પરીક્ષા આપી. પછી સબ એન્જિનિયર, સેનેટરી ઈન્સ્પેક્ટર તથા એલ. એસ. જી. ડી વગેરે મ્યુ. ખાતાને લગતી પરીક્ષાઓ આપી. શરૂઆતમાં ખં. મ્યુ. માં કલાર્ક તરીકે જોડાયા હતા. પછી ઉત્તરોત્તર શિરસ્તેદાર, એકટીંગ ચીફ ઓફિસર, સેક્રેટરી, પછી ચીફ ઓફિસરની જગા પર આવ્યા. સને ૧૯૪૮ થી ૧૯૭૪ ખંભાત નગરપાલિકાની જવાબદારી ભર્યો હોદ્દો સંભાળીને ખંભાતની પ્રજાની ચાહના મેળવી

તેમના પિતાશ્રી મંગળદાસ મીડલ સ્કૂલના સારા શિક્ષક ગણાતા. તેમનાભાઈ બિહારીલાલ ગુજરાત રાજ્યમાં એન્જિનિયર તરીકે છે. આ કુટુંબ કેળવણીમાં અને જ્ઞાતિમા પ્રાતષ્ઠિત ગણાય છે.

તેઓ જ્ઞાતિના વિદ્યોત્તેજક મંડળની વ્ય. કમિટિના ઘણા વર્ષોથી સભ્ય છે. તેઓશ્રી ઇન્ડિયા સોસાયટી ઓફ એન્જીનીઅર્સના એસોસિએટ સભ્ય છે તેઓશ્રી ઘણી ધામિક વૃત્તિવાળા છે.

## શ્રી રામકૃષ્ણ શિવશંકર મહેતા

જ્ઞાતિએ મેવાડા બ્રાહ્મણ છે તેમના પિતાનું નામ શિવશંકર બેચરલાલ મહેતા છે. રામકૃષ્ણનો જન્મ તા. ૨૭–૧૧–૧૯૨૯ છે. પ્રાથમિક અને માધ્યમિક કેળવણી ખંભાતમાં લીધી છે. તેમણે મ્યુનિ. ને લગતી એસ. એસ. જી. ડી પરીક્ષા પાસ કર્યા ઉપરાંત હિદી તથા સંસ્કૃતનો બહુ સારો અભ્યાસ કરી વિનીત–શાસ્ત્રી વગેરે પરીક્ષાઓ આપી છે.

ખંભાત મ્યુ માં તેઓ કલાર્ક તરીકે જોડાયા; પછી તેનાં જુદાં જુદાં ખાતામાં એક નિષ્ઠાથી સારી કામગીરી બજાવી છે તેઓ હાલ ફૂડઈન્સ્પેક્ટર તરીકે કામ બજાવી રહ્યા છે. તેમના પિતાશ્રી એક આદર્શ શિક્ષક હતા. તેઓ કેમ્બે હિંદુ મરચન્ટ બેંકના તથા કેમ્બે ટીચર્સ કો. ઓ. સો. ના થોડા સમય માટે સેક્રેટરી હતા.

# શ્રી મહેમુદમીયાં એહમદભાઇ અકીકવાળા



ખંભાતમાં જુનો જાણીતો અને ખાસ વિશિષ્ટ ઉદ્યોગ અકીકનો છે આ ઉદ્યોગમાં પાવરધા તથા એને ખીલવનારા જે વેપારીઓ છે તેમાં શ્રી મહેમુદમીયાં આગળ પડતા છે. અકીક ઉદ્યોગ વિકાસ સહકારી મંડળીનું તેઓ ઘણી વખતે પ્રેસીડેન્ટ તથા સભ્યપદ શોભાવ્યુ છે.

ખંભાતમાં 'અંજુમને એહબાબે ઇસ્લામ-ખંભાત' એ નામની સંસ્થા છે. આ સંસ્થા કેટલીક મસ્જિદો કબ્રસ્તાનો, તથા તેના કબજાની દુકાનો, ખેતર વગેરેની સંભાળ રાખે છે. તે સંસ્થાના તે પ્રેસિડેન્ટ છે.

હિંદુસ્તાન પાકિસ્તાનના સંબંધો સુલેહભર્યાં રહે એ અંગે નિમાયલી સમિતિના સભ્ય તરીકે તેમને સરકારે નીમ્યા હતા. ખંભાત નગરપાલિકામાં તેઓ ઘણાં વર્ષો સુધી સભ્ય રહી ખંભાતની સેવા બજાવી છે. તથા બીજા જાહેર કામોમાં તેઓ સારો ભાગ ભજવે છે. ધાર્મિક ટ્રસ્ટોના કેસોમાં સરકાર તરફથી જ્યુરી તરીકે તેમની નિમણુંક થાય છે.

તેમનો જન્મ ૧૮-૩-૧૯૧૩ના રોજ થયો છે તેઓ કાર્યકુશળ, સેવાભાવી અને મુસ્લિમ કોમના આગેવાન છે.

# શ્રી દેવેન્દ્રપ્રસાદ નર્મદાશંકર ભટ્ટ



શ્રી દેવેન્દ્રપ્રસાદનો જન્મ તા. ૯-૮-૧૯૨૫ છે. પિતાનું નામ નર્મદાશંકર ત્ર્યમ્બકરામ ભટ્ટ અને માતાનું નામ કપીલાબહેન છે. જ્ઞાતિએ શ્રીગૌડ બ્રાહ્મણ છે.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ખંભાતમાં લીધું છે. મેટ્રિકની પરીક્ષા ખંભાત હાઇસ્કૂલમાંથી પ્રથમ નંબરે પાસ કરી અને ખંભાત સ્ટેટ તરફથી રૂપીયા એક સોનું ઇનામ મેળવ્યું હતું. તેઓએ મુંબઇની પોદાર મેડીકલ કોલેજમાંથી ઈ. સ. ૧૯૪૫માં ડી. એ. એસ. એફની પરીક્ષા પ્રથમ નંબરે પાસ કરી છે.

પાસ થયા પછી તેઓશ્રીએ ખંભાતમાં પ્રાઈવેટ મેડીકલ પ્રેકટીસ શરૂ કરી.

વળી સાહિત્યમાં સારી અભિરૂચી હોવાથી બી.એ. પરીક્ષા પાસ કરી તથા વિનીતની પરીક્ષા પાસ કરી છે. સાહિત્ય રસિક હોવાથી તેઓશ્રીએ અનેક મૌલિક અને અનુવાદિત વાર્તાઓ લખી છે અને ગુજરાતના સામયિકોમાં તે છપાઈ છે. તેઓના લખેલા નાટકો જાહેરમાં તથા રેડીઓ પર પણ ભજવાયાં છે. મેડીકલની એલ. એમ. પી.ની પરીક્ષા પાસ કરી છે. જાહેર કાર્યકર્તા અને સાર્વજનિક કાર્યોમાં તેમને સારો ઉત્સાહ છે. તેઓ ખંભાત મ્યુનિસિપાલિટીમાં કાઉન્સીલર તરીકે ૧૯૫૧માં પ્રથમ વખતે ચૂંટાયા હતા. તથા ૧૯૫૪માં ફરી ચૂંટાયા હતા તેઓ સાત વર્ષ સુધી મ્યુનિ.ના મેમ્બર હતા.

ખંભાતમાં ભારત સેવક સમાજના તેઓ આઠ વર્ષ સુધી અધ્યક્ષ રહ્યા હતા. તેઓએ બહારના કલાકારોને બોલાવી ખંભાતને સાંસ્કૃતિક કાર્યક્રમો આપ્યા છે. તેમનો મોટો પુત્ર કમલેશ M. sc. પાસ છે.

તેઓશ્રીના એક ભાઈ ડૉ. જયેન્દ્રકાંત મુંબઈ સાંતાક્રુઝમાં પ્રાઈવેટ મેડીકલ પ્રેકટીશનર છે અને બીજા ભાઈ પુષ્પકાંત ઝવેરાતનો બીઝનેસ કરે છે.

# શ્રી નંદલાલ ભોગીલાલ પરીખ



ખંભાતન જૈનસમાજના અગ્રગણ્ય નાગરિક વ્યાપારી શેઠશ્રી નંદલાલ ભોગીલાલ પરીખ ૫૪

વર્ષની વયે તા. ૧૮-૮-૭૩ ના રોજ ખંભાત મુકામે ગુજરી ગયા. તેઓ ખંભાતની સાંસ્કૃતિક પ્રવૃત્તિ-ઓમાં તથા વિદ્યાર્થીઓને, ગરીબોને મદદ કરવામાં જાણીતા હતા. વળી ધાર્મિક ક્ષેત્રે ઉદારતામાં કચાશ રાખતા નહિ પોતાના ખર્ચે તેમણે પાલિતાણા અને બીજાં ધર્મક્ષેત્રોની યાત્રા કરાવી હતી. ખંભાતની સાંસ્કૃતિક, સામાજિક અનેકવિધ પ્રવૃ-ત્તિઓમાં તેમની ઉદારતા દેખાઈ આવતી તેઓશ્રી છોટાલાલ મગનલાલની પેઢી ચલાવતા હતા. તે પેઢી નામાંકિત પેઢીમાંની એક ગણાય છે.

તેમના ગયા પછી તેમના પુત્ર શ્રી પ્રવીણભાઈ નંદલાલ પરીખ; સંભાળે છે. તેઓ પણ ધાર્મિક વૃત્તિવાળા, ઉદાર, બાહોશ અને મળતાવડા છે. તેઓ ખંભાતમાં સ્થપાયેલી (૧૯૭૨) ખંભાત નાગરિક બેંકના પ્રમુખ છે. કુનેહભરી રીતે બેંકનો તથા પેઢીનો વહીવટ કરે છે.

# શ્રી નર્મદાશંકર ત્ર્યમ્બકરામ ભટ્ટ

"ખંભાતનું સાંસ્કૃતિક દર્શન" પુસ્તકના લેખક
(પરિચય પરિમલ)



ખંભાતના 'નવસંસ્કાર' અઠવાડિક પત્રના વિદ્વાન શ્રી તંત્રી સ્વ. શ્રી અંબાલાલ હરિલાલ પંડિત પોતાના પત્રમાં લખે છે કે—

"સાદુ ધોતિયુ, લાંબો કોટ અને ટોપીના તદન સાદા પહેરવેશમાં એકજ જાતની ચાલમાં રસ્તાની બાજુએ થઈને પસાર થતી વ્યક્તિ જોતાં જેમના વિષે સ્વાભાવિક માનવૃત્તિ ઉપસ્થિત થાય એ વ્યક્તિ શ્રી નર્મદાશંકર ત્ર્યમ્બકરાય ભટ્ટ."

"એમના જીવનમાં કર્તવ્યનિષ્ઠા, સંશોધન-વૃત્તિ, વિદ્યાવ્યાસંગ અને ચારિત્ર્યની નિર્મળતા વણાઈ ગયાં છે. ભણવું અને ભણાવવું એ બ્રાહ્મણનો ધર્મ યથાવત પાલન કરી બ્રાહ્મણ ધર્મના આદર્શને બાળકો સમક્ષ ધર્યો છે. તેમણે અનેક વિષયોમાં પ્રવેશ કર્યો છે; અને બહુશ્રુત માનવી તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે."

"જુનાં શિલ્પ, મૂર્તિ, શિલાલેખ, દસ્તાવેજ, ગ્રંથો; સિક્કા, જુના ચોપડા વગેરે પરથી ઈતિહાસની સંકલના કરવાની તેમની સહજ હથોટી સામાન્ય માણસને આશ્ચર્યમાં નાખી દે તેવી છે." સાહિત્ય સંશોધન એ તેમનો જીવન વ્યવસાય છે."

"શ્રી નર્મદાશંકરના પિતાનું નામ ત્ર્યમ્બકરામ મોતીરામ અને માતાનું નામ ધીરજબા જ્ઞાતિએ શ્રીગૌડ માળવી બ્રાહ્મણ—તેમનો જન્મ તા. ૧૫ મી મે ૧૯૦૦ના રોજ થયો છે વ્યવસાયે તેઓ શિક્ષક તરીકે રહ્યા છે"

"તેમનાં ધર્મપત્નીનું નામ શ્રીમતિ કપિલાબેન તેઓ સંસ્કારી, ગુણિયલ, પ્રેમી અને વ્યવહાર કુશળ—તેમને ચાર પુત્રો અને બે પુત્રીઓ થયાં. તેમાં મોટા પુત્ર ડો. દેવેન્દ્રપ્રસાદ ડી. એ. એસ. એફ એલ. એમ. પી. પાસ છે ખંભાત નગરપાલિકામાં સને. ૧૯૫૧—૫૪ તથા ૫૪ થી ૫૭ સુધી સભ્યપદે રહી એક સારા નાગરિક તરીકે ખંભાતની સારી સેવા બજાવી છે. તેઓ ખંભાતના જાહેર કામોમાં ખૂબ રસ છે વળી તેઓ વાર્તાઓ, નાટકો લખનાર સાહિત્ય રસિક છે. તેમના પુત્ર કમલેશકુમાર પણ એમ. એસ. સી. તથા પુત્રપુત્રીઓસુ સંસ્કારી અને સારી કેળવણી પામ્યાં છે.

તેમના બીજા પુત્ર ડાં. જયેન્દ્રકાંત પણ ડૉકટર છે. તેઓ મુંબઈમાં સારી પ્રતિષ્ઠા પામ્યા છે. તેમના ત્રીજા પુત્ર પુષ્પકાંત ઝવેરાતનો ધંધો સ્વીકાર્યો છે. તેમના ત્રણે પુત્રો અને બંને પુત્રીઓ વસુમતી અને પ્રફુલ્લ સંસ્કારી અને

કેળવણી પામેલાં અને સેવાભાવી છે. તેમનો પરિવાર પણ ધાર્મિકવૃત્તિવાળા અને સેવા ભાવનાવાળાં છે. શ્રી નર્મદાશંકરભાઈના નાના-ભાઈ શ્રી જટાશંકર ત્ર્યમ્બકરામ ભટ્ટ કે જેઓ રાષ્ટ્રીય લડતમાં જોડાઈ ભારતને સ્વાતંત્ર્ય કરવામાં જેનો હિસ્સો છે." તેનું ચરિત્ર આગળ આપવામાં આવ્યું છે." (પાના નં. ૭૧૮) આમ આખું કુટુંબ કેળવણી પામેલું ધાર્મિક વૃત્તિવાળું, સેવાભાવી છે,

૨. **ખંભાતના સુપ્રતિષ્ઠિત સ્વર્ગસ્થ શેઠશ્રી ચીમનલાલ મોહનલાલ પરીખ લખે છે કે**

"શ્રી નર્મદાશંકર જેવા સાહિત્યરસિક, ઈતિહાસ ચિંતક, સેવાભાવી માણસ ખંભાતને મળ્યા છે તે ખંભાતનું અહોભાગ્ય છે. ખંભાત તેનું ઋણી છે."

ખંભાતમાં **"ધી કેમ્બે હિન્દુ મરચન્ટ સહકારી બેંક લી."** સને ૧૯૩૮માં કાઢવાનો યશ તેમને ફાળે જાય છે. તે બેંકના ઘણા વર્ષ સુધી ઓ. સે. તરીકે કામ કર્યું હતું. વળી તે ધાર્મિક વૃત્તિવાળા હોવાથી સ્તંભતીર્થનાં (ખંભાતની) 'શિવદર્શન **નગરયાત્રા"** વિ. સં. ૨૦૧૭ થી વિ. સં. ૨૦૨૭ સુધી ૧૧ વર્ષ કરી ખંભાતની પ્રજામાં ધર્મજાગૃતિ ખૂબ આણી છે.

૩. **ખંભાતની ૨. પા. આર્ટ્સ કોલેજના આદ્ય આચાર્ય શ્રી પુષ્કરભાઇ ચંદરવાકર ૧૯૬૧ લખે છે કે**

"શ્રી નર્મદાશંકરભાઈ પાસે ખંભાત-શહેરની અપ્રસિદ્ધ એવી સારી માહિતી પડી છે; હું અવારનવાર એમને ત્યાં જાઉં છું અને ખંભાત શહેર વિષે જાણવા જેવી માહિતી મેળવું છું, ત્યારે તેમણે કેટલી મહેનત ઉઠાવી છે તેનો ખ્યાલ આવે છે."

૪ **ખંભાતની રજની પારેખ આર્ટ્સ કોલેજના પ્રોફેસર ડા. જે. પી. અમીન. એમ. એ. એલ. એલ. બી. પી. એચ. ડી. જીવનપાથેયના પૃષ્ઠો ઉપર લખે છે કે—**

"સ્તંભતીર્થ જેવી ઐતિહાસિક નગરીમાં એક અદનો ઇતિહાસવિદ્, ભૂતકાળને આંબવાને નાથવાને, પ્રજા આગળ પ્રગટ કરવાને આખું જીવન હોમે છે. એમના રોમે રોમ રણકે છે ઇતિહાસ, એમના અણુંઅણુંમાં પ્રગટે છે પુરાતત્ત્વ"

"રાત દિવસ એક કરી ઉન્નત મસ્તકે અહીં તહીં આથડી કાયાને કરમાવીને, તેઓ પ્રજા આગળ પ્રગટ કરે છે—પ્રચંડ પુરુષાર્થનો પરિપાક" **"ખંભાતનું સાંસ્કૃતિક દર્શન"** "લગભગ ૯૦૦ પાનાંનાં દળદાર ગ્રંથ, ૨૦૦ જેટલાં ફોટાઓથી અલંકૃત, ખંભાતનું નામાભિધાન, વહાણવટુ, વાણિજ્ય, વેપાર, શિક્ષણ, સાહિત્ય, મહોત્સવો, સંઘો, નગરપાલિકા વગેરે વગેરે અનેક વિધ સાંસ્કૃતિક પાસોઓને પ્રકટ કરતો આ ગ્રંથ બહાર પડે ત્યારે ગુજરાતના ઇતિહાસકારો કબુલ કરશે કે ખંભાત જેવા એક ખૂણામાં વસતા એક અદના ઈતિહાસકાર-ભૂતકાળના સૂક્ષ્મ બીમાંથી વર્તમાનનું વિશાળ વટવૃક્ષ સર્જ્યું છે. આ એમના જીવનની મૂડી છે. ખંભાત અને ગુજરાત માટે ગૌરવ-ગાથા છે."

તેમના રચેલા ગ્રંથો :—

૧ ગુજરાતનો ઈતિહાસ ખંભાતના ઈતિહાસ સાથે) ૧૯૩૭

૨ ખંભાતનો પ્રાચીન જૈન ઇતિહાસ ૧૯૪૦

૩ મુકુન્દ વેદાન્ત વિચાર ૧૯૫૩

૪ કુમારિકાખંડ અથવા સ્તમ્ભતીર્થ માહાત્મ્ય ૧૯૬૧

૫. ખંભાતનો અકીક ઉદ્યોગ ૧૯૭૦

૬. જગદ્‌ગુરૂ શંકરાચાર્ય ૧૯૩૨, ૭-૮ બાલ પ્રવાસો, ૧૯૩૫-૩૬ તથા ૯-૧૦-૧૧

ખંભાતનાં ધર્મક્ષેત્રોની પુસ્તિકાઓ ૧૨ ૧૯૫૩ થી ૫૫ સ્તંભતીર્થતીર્થાવલી ૧૯૭૧

૧૩. જ્ઞાતિનો ઈતિહાસ તથા વસ્તીપત્રક ૧૯૭૪ તથા ૧૪ 'ખંભાતનું સાંસ્કૃતિક દર્શન' ૧૯૭૪ વગેરે.

૫ ખંભાતના સેવાભાવી અને સાહિત્યપ્રેમી હાલ મુંબઈ વસતા શ્રી **હરિહર નાથાલાલ પંડયા** 'નવસંસ્કાર' દીપોત્સવી અંક માં લખે છે કે "એક આદર્શ શિક્ષક તરીકે તો પ્રસિદ્ધિ પામ્યા છે, પરંતુ ઇતિહાસસંશોધક અને પુરાતત્વ વિદ તરીકેની યોગ્યતા પણ ઉત્સાહ અને ખંતથી પ્રાપ્ત કરનાર શ્રી નર્મદાશંકર છે.

ખંભાતના ઘણા આગેવાન નાગરિકો તેઓ પાસે શિક્ષણ મેળવી ગયા છે, છતાં આ સાંદિપની ઋષિએ ક્યારેય ગુરૂ દક્ષિણાની ખેવના રાખી નથી."

અને ખંભાત રાજ્યે તેમના કામની કદર કરી સને ૧૯૪૫માં તેમને "સુવર્ણચંદ્રક" અર્પણ કર્યો હતો. વળી "ખંભાત શિક્ષક સમાજ" તથા "ખં. શિક્ષકોની સહકારી મંડળી" વગેરે તેમણેજ શરૂ કરી હતી.


ઈ.સ. ૧૯૪૭મા મુંબઈના પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમના સ્વ. રણછોડલાલ જ્ઞાની. ખંભાત પધારેલા. તેઓ પુરાત્વ હતા ખંભાતનાં અંબાજી માતાજીના મંદિરમાં તેઓશ્રી પધારેલા તે સમયે શ્રી નર્મદાશંકર ભટ્ટને મેં બોલાવેલા. તેમણે મૂર્તિની પ્રાચીનતા વિષે જે વિવરણ કર્યું, તેથી જ્ઞાની ઘણા પ્રભાવીત અને પ્રસન્ન થયલા. એમણે તેમના માટે ઉચ્ચારેલા શબ્દો હું આજેય ભૂલ્યો નથી." એવો જ બીજો પ્રસંગ છે. સ્વ. ગઝલ સમ્રાટ શ્રી શયદા મારે ત્યાં પધારેલા. તેમને ખંભાતનો ઈતિહાસ જાણવાની જિજ્ઞાસા થતાં મેં શ્રી નર્મદાશંકરભાઈને મારે ત્યાં બોલાવ્યા; તેમણે ખંભાતનું જે વર્ણન કર્યું તે સાંભળી શ્રી શયદા સાહેબ પ્રભાવિત થઈ ગયા ખંભાતનો ભૂતકાળ, લોકકથાઓ, ઇતિહાસ અને પુરાતત્ત્વ અંગેની આધારભુત અને પ્રમાણિક બીના અન્ય કોઈ આપી શકે તેમ નથી;

૬. **ખંભાત નગરપાલિકાના પ્રમુખ શ્રી રણજીતરાય શાસ્ત્રીએ (સને ૧૯૭૧)માં** જણાવેલું કે શ્રી નર્મદાશંકરભાઈની ખંભાતના સાહિત્યક્ષેત્રે, સંશોધન ક્ષેત્રે અને ધાર્મિક ક્ષેત્રે અપાએલી સેવાઓ ચિરસ્મરણીય છે."

# ખંભાત તાલુકાનાં ગામ

ખંભાત શહેર

| | | | |
|---|---|---|---|
| ૧ રીંઝા | ૨૬ મહિયારી | ૫૧ તામસા | ૭૬ કાળીતલાવડી |
| ૨ નભોઈ | ૨૭ ટોલ | ૫૨ પાંદડ | ૭૭ ટીંબા |
| ૩ ખડા | ૨૮ ઈસરવાડા | ૫૩ તરકપુર | ૭૮ પીપળોઇ |
| ૫ મોટાકલોદરા | ૨૯ તારાપુર | ૫૪ વડગામ | ૭૯ નંદેલી |
| ૬ જાફરગંજ | ૩૦ મોરજ | ૫૫ ગેણજ | ૮૦ જહાજ |
| ૬ અ કાનાવાડા | ૩૧ આદરૂજ | ૫૬ નવાગામબારા | ૮૧ બામણવા |
| ૭ ચીતરવાડા | ૩૨ માલપુર | ૫૭ આખોલ | ૮૨ જલુંધ |
| ૮ દુગારી | ૩૩ આમલિયારા | ૫૮ દહેડા | ૮૩ વાડોલા |
| ૯ પચેગામ | ૩૪ ગોરાડ | ૫૯ માલાસોની | ૮૪ પોપટપુરા |
| ૧૦ ફત્તેપુરા | ૩૫ પાદરા | ૬૦ ભાટતલાવડી | ૮૫ છતરડી |
| ૧૧ ગલિયાણા | ૩૬ ખાખસર | ૬૧ માલુ | ૮૬ નેજા |
| ૧૨ કરબારા | ૩૭ મીતલી | ૬૨ હરિયાણ | ૮૭ કંસારી |
| ૧૩ ચાંગડા | ૩૮ રહોણી | ૬૩ કણઝટ | ૮૮ નાનાકલોદરા |
| ૧૪ વાંકતલાવ | ૩૯ હસનપુરા | ૬૪ જલસણ | ૮૯ ઉંદેલ |
| ૧૫ ઇંદરણજ | ૪૦ જાફરાબાદ | ૬૫ ફીણાવ | ૯૦ ભુવેલ |
| ૧૬ માટલાકુઇ | ૪૧ ખુવેજ | ૬૬ કાણીયા | ૯૧ ખટનાલ |
| ૧૭ વરસડા | ૪૨ લાઠ | ૬૭ સાયમા | ૯૨ વટાદરા |
| ૧૮ વાઘતલાવ | ૪૩ ઊંટવાડા | ૬૮ કોડવા | ૯૩ કલમસર |
| ૧૯ ગોલાણા | ૪૪ મોભા | ૬૯ મોતીપુરા | ૯૪ વત્રા |
| ૨૦ વલ્લી | ૪૫ જલ્લા | ૭૦ નવાગામવાંટા | ૯૫ રાળજ |
| ૨૧ ઇસનપુર | ૪૬ ભંડેરેજ | ૭૧ પાલડી | ૯૬ વાસણા |
| ૨૨ રેલ | ૪૭ રંગપુર | ૭૨ ઝાલાપુર | ૯૭ શકરપુર |
| ૨૩ ખાનપુર | ૪૮ જીણજ | ૭૩ લૂણેજ | ૯૮ રાજપુર |
| ૨૪ જીચકા | ૪૯ ભીમતલાવ | ૭૪ સોખડા | ૯૯ ખડોધી |
| ૨૫ ચીખલિયા | ૫૦ ગુડેલ | ૭૫ નગરા | ૧૦૦ હરિપુરા |
| | | | ૧૦૧ ધુવારણ |



શ્રી કાન્તીલાલ વાઘેલા    પા. ૭૦૫



શકુન્તલાબેન વાઘેલા    પા. ૭૦૫



કાન્તીલાલ કે. કાપડીઆ    પા. ૭૦૯


ખંભાતની સુવિખ્યાત દહેવાણવાળાની ઝવેરાતની પેઢીના માલીક તથા ખેડા-જીલ્લામાં ખંભાતમાં પ્રથમ એરકન્ડી-શન્ડ સીનેમા થીએટર બંધાવનાર



ચીમનલાલ જી. શાહ    પા ૭૩૨




શ્રી જીવણલાલ માણેકલાલ પા. ૭૨૧



શ્રી રણછોડ વૈદ પા. ૨૫૦



પંડિત ઓમકારનાથ ઠાકુર પા. ૩૯૬




ખંભાતના સંસ્કૃત પંડીતો    પા. ૪૨૪



શ્રી દામોદર
જગજીવનદાસ
માસ્તર
પા. ૩૯૭



શ્રી વિનોબાજી પા. ૬૦૮



શ્રી રવિશંકર મહારાજ પા. ૬૧૭



શ્રી મોહનલાલ નારણદાસ પરીખ પા. ૭૫૯



વિદ્યાબેન મો. પરીખ પા. ૭૫૯




શ્રી કોઝલોવ પા. ૫૧૩-૬૧૦




કવિ અઝહર સોદાનવાલા પા ૨૫૧




ઇમામ સાહેબ પા. ૩૨૦



હુસેનયાવર મહંમદકુલીખાન પા. ૧૯૬



જુમ્મા મસ્જીદની છત પા. ૩૬૨




શ્રી નવાબમિરઝાં હુસેનયા વરખાન પા. ૪૪૩




ગવારા મસ્જીદની છત પા. ૩૬૩



નગરાના બુદ્ધનાથ ખોદકામ



નગરાનું ખોદકામ



ન્યાય કચેરીનું મકાન ઈ. સ. ૧૮૯૩ પા. ૧૧૪